
PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 6, Year: 71, September 2025, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ



# શ્રધ્ધાંજલી

## ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

# ડૉ. વિનોદ વ્રજલાલ શેઠ

લીંબડી નિવાસી હાલ જુહુ સ્કીમ
(નાનજી ડુંગરશી શેઠ પરિવાર)

જન્મ દિવસ
૦૫.૦૭.૧૯૩૭

મરણ દિવસ
૨૩.૦૮.૨૦૨૫

ભૂતપૂર્વ પ્રમુખ : જૈન સોશ્યલ ગ્રુપ અંધેરી
ભૂતપૂર્વ પ્રમુખ : અંધેરી ઉપાશ્રય
ભૂતપૂર્વ ટ્રસ્ટી : ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**તમારું જીવન અમારી પ્રેરણા હતું, તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા, અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવ, ભાવનાશીલતાને ક્યારેય નહીં ભૂલીએ. ભગવાન તમારા શુધ્ધ આત્માને શાંતિ આપે.**

## -:: પ્રેમાળ સ્મૃતિમાં ::-

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | સ્વ. કંચનબેન વ્રજલાલ શેઠ |
| પત્ની | : | કોકીલાબેન વિનોદચંદ્ર શેઠ |
| પુત્ર-પુત્રવધુ | : | ડૉ. જયેશ, ડૉ. કેતકી, ડૉ. દિપેશ, ડૉ. હિના |
| પૌત્રી જમાઈ | : | ડૉ. પલક રોહન દેસાઈ |
| પૌત્ર-પૌત્ર વધુ | : | ડૉ. મનન, ડૉ. અંકિતા, ડૉ. ઉમંગ, ડૉ. અદિતી, હર્ષ-હીર |
| ભાઈ-ભાભી | : | સ્વ. બિપીનભાઈ, નલીનીબેન, કિરીટભાઈ, ભારતીબેન, અનિલભાઈ, વર્ષાબેન |
| બેન-બનેવી | : | મુદૃલાબેન, સ્વ. ચંપકલાલ અજમેરા<br>સ્વ. ઈલાબેન, બાબુભાઈ શેઠ<br>પ્રફુલ્લાબેન, દિનેશભાઈ દોશી |
| સાસરા પક્ષ | : | ડૉ. ધીરજલાલ કેશવલાલ શાહ પરિવાર |

:: નિવાસ સ્થાન ::

એ/૮૦૧, જુહુ ત્રિશૂલ બિલ્ડીંગ, ગુલમહોર ક્રોસ રોડનં.૬,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૪૯. મો.: 98672 31470

Advt.

श्री महावीराय नमः

# CA JAINAM JOBALIA



Date of Birth: **16th November 1999.**
Time of Birth: 4:48 AM
Place of Birth: Mumbai
Height/Weight: **5'9"/70 kg**
Caste/Religion: Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain.
Native Place: Paliyad (District: Botad)
Education: **Chartered Accountant (May 2022). B.Com. from Narsee Monjee College of Commerce and Economics.**
Profession: Investment Banking Analyst at Wealthkraft Investments Private Limited.
Hobbies: Cricket and Swimming.

**Family Details:**

Father: **Hitesh Bhogilal Jobalia**
**Mob: 9820838323**
Business: Mahavir DyeChem
Mother: **Jalpa Hitesh Jobalia (Homemaker)**
Elder Sister: Vidhi Chirag Gosalia married to Chirag Ajaybhai Gosalia (B.E. in Computer Engineering), Vile Parle.

Grand Parents: Late Shri Bhogilal Keshavji Jobalia
Kanchanben Bhogilal Jobalia
Mota Papa: **1. Chetan Bhogilal Jobalia**
**Mob: 9821324156**
**2. Late. Paresh Bhogilal Jobalia**

Maternal: Shri Jayantilal Premchand Shah (Nana)
Indumati Jayantilal Shah (Nani)
(Shekhpar, currently Kandivali West)
1. Jignesh Shah (Mama)
2. Amit Shah (Mama)

**Address:**

Permanent : 1. 1504 & 903, Shivalaya Apartment, Gymkhana Road, Opp MCF Sports Complex, Borivali(West), Mumbai-92. (Currently under redevelopment).

2. 1402, Girnar Apartment, Gymkhana Road, Beside Shivalaya Apartment, Borivali (West), Mumbai-92. (Currently under redevelopment).

Temporary: **1004, Shree Rasraj Tower, Opp S.E. International School, Rokadia Cross Lane, Borivali (West), Mumbai-92.**

Advt.

## Personal Details



| | |
|---|---|
| **Name** | Jeet Chetan Shah |
| **Gender** | Male |
| **Date Of Birth** | 31-03-1989 |
| **Place Of Birth** | Mumbai (Malad East) |
| **Time Of Birth** | 11:50 PM |
| **Height** | 5 feet 11 inches (180 cm) |
| **Marital Status** | Single |
| **Religion** | Shwetambar Murtipujak Jain (Jain Visa Oswal) |
| **Native Place** | Samou (Mansa, Gandhinagar, Gujarat) |
| **Complexion** | Fair |
| **Highest Education** | Masters in Commerce (Mumbai University) |
| **Job/Occupation** | Assistant Vice President (Nomura India Pvt. Ltd)) |
| **Residence** | Mumbai (Malad East) |
| **Contact** | 91-7666340290 |

## Family Details

| | |
|---|---|
| **Grandfather** | Late. Chinulal Chakulal Shah |
| **Grandmother** | Late. Madhuben Chinulal Shah |
| **Father's Name** | Chetan C Shah |
| **Mother's Name** | Poonam C Shah |
| **Elder Brother** | Akash C Shah |
| **Occupation** | Assistant Vice President (Yes Bank) |
| **Sister-in-Law** | Khushboo Akash Shah |

weddingbiodata.in

ૐ

# AGAM BOTADRA

## PERSONAL DETAILS



| | | |
|---|---|---|
| Name | : | AGAM MANOJ BOTADRA |
| Date of Birth | : | 01/10/1995 |
| Time of Birth | : | 7:30 PM |
| Place of Birth | : | Borivali, Mumbai |
| Rashi | : | Dhanur (Sagittarius) |
| Complexion | : | Fair |
| Height | : | 5'10" |
| Education | : | BACHELOR OF MASS MEDIA (BMM) |
| Language | : | Gujarati |
| Religion | : | Dashashrimali Digambar Jain (KANJISWAMI SONGADH FOLLOWER) |
| Diet | : | Jain |
| Native place | : | Vichhiya (Rajkot district) |
| Job/Occupation | : | Business (Chemical) |
| Hobbies | : | Dancing, Movies, Photography |
| Expectation | : | I am seeking a loving, understanding partner who values trust, family and open communication. I believe in mutual respect and creating a balanced, harmonious life together. |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father Name | : | Manoj Chandrakant Botadra (Business) |
| Mother Name | : | Hetal Manoj Botadra (Housemaker) |
| Sister Name (Younger) | : | Dr. Ayushi Botadra (Prosthodontist-Dentist) |

## PATERNAL FAMILY

| | | | |
|---|---|---|---|
| Grandfather | : Late. Chandrakant Botadra | Grandmother | : Late. Lataben Botadra |

## MATERNAL FAMILY

| | | | |
|---|---|---|---|
| Grandfather | : Dhirajlal Popatlal Shah | Grandmother | : Ranjanben Shah |
| Mama | : Vipul D Shah, Sanjay Shah (Mumbai) | | |

## CORRESPONDENCE DETAILS

| | | |
|---|---|---|
| Contact Number | : | (Father) 8459978991, 8329851207 |
| Address | : | Kandivali (West)-400067.MUMBAI |

SHREE GANESHAY NAMAH



# BHAVIT TUSHAR SHAH

## Details

**DOB: 09/07/1998 4:36AM**

**Place of Birth: MUMBAI**

**Height: 6'2"**
**Native: SANAND, GJ**

## Occupation

Credit Analyst at Crisil Ltd

## Community

Zalawadi Sathanakwasi Visha Shrimali Jain

## Hobbies

Travelling, Football, Table Tennis, Investing

## Likes

Foodie, Gym, Football, Outdoor & Indoor Sports, Music, Movies, Staycations.

## Something to know

A person with a fun loving and jolly nature; having traditional values with a hint of modernity. A perspective person who likes to keep life fun and light. Things that are important to me are: my parents, my friends and all things football. Looking for someone to share the highs and lows of life, someone to depend on and trust.

### Education

MBA in Finance - NMIMS

**CFA (US) - Level 1**

Bachelors in Accounting and Finance (BAF) - Hinduja College of Commerce (Mumbai)

## Contact Info.:

304. SAI SMRUTI ANAND NAGAR, DAHISAR (E) MUMBAI.
(New Address - Borivali/Kandivali West)

**TUSHAR LAXMICHAND SHAH :-** 9821038187
**VARSHA TUSHAR SHAH :-** 8655069070

**BHAVIT TUSHAR SHAH :-** 9821038197

bhavitshah12@gmail.com | tlshah45@gmail.com

## Family Background

**Grandfather :** Late Shri Laxmichandbhai Somchandbhai Shah, Sanand

**Grandmother :** Late Smt. Jayaben Laxmichand Shah, Sanand

**Father :** Shri Tushar Laxmichandbhai Shah (Corporate Finance Consultant)

**Mother :** Smt. Varsha Tushar Shah (Homemaker)

**Fiya :**
Smt. Beenaben Nileshkumar Sakhida, Ahmedabad - 9484545560
Smt. Nileshaben Manishkumar Benani, Ahmedabad - 9409149153
**Fuva :**
Shri Nileshkumar Nandlal Sakhida, Ahmedabad -9824393881
Shri Manishkumar Ratilal Benani, Ahmedabad -9428611773
**Grandparents :**
Late Shri Amrutlal Oghaddas Kothari, Limdi Late Smt. Chandanben Amrutlal Kothari. **Mama :**
Shri Maheshbhai Amrutlal Kothari, Bhayandar -9323144145
Shri Rajeshbhai Amrutlal Kothari, Borivali -9323955315
**Masi :**
Late Smt. Neelaben Kiritkumar Shah, Baroda Smt. Sudhaben Dipak kumar Talsania, Kandivali Smt. Priti Grirish Kumar Doshi, Kandivali

Advt.



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

સપ્ટેમ્બર ૨૦૨૫
વર્ષ : ૭૧ : : અંક : ૬
: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૩. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# પ્રેમ

*પ્રેમ સગાઈ પ્રેમ સવાઈ પ્રેમ સાચી ઠકુરાઈ,*
*કાના સંગ રાધાની પ્રીત સર્વદા સાચી અંકાઈ.*

*પ્રેમ સાધના પ્રેમ સિધ્ધિ, નરસિંહ મશાલ જલાઈ,*
*પ્રમ સમર્પણ પ્રેમ તર્પણ મીરાં નાચી પંકાઈ*

*પ્રેમ આંખોમાં થાય પ્રકટ ને આતમતાં મળી જાય,*
*પરકાયા પ્રવેશ એ તો નદી સાગરમાં મળી જાય.*

*પ્રેમ ઉપજ છે અંતરની બુદ્ધિ વડે ના કળાય,*
*પ્રેમ દર્પણ ના જૂઠ બોલે રીત અનોખી સમજાય.*

*પ્રેમ છે ભક્તિ પ્રેમ છે મુક્તિ અંતે બધું ત્યાં સમાય,*
*પ્રેમ પ્રકટે 'સ્નેહી' એવો શાશ્વત આનંદે રાચી શકાય.*

– સુરેશ પરીખ 'સ્નેહી'



# ભમીએ ગુજરાતે

ચન્દ્રવદન મહેતા

ચાલો ત્યારે ઊપડીએ, ભમવા ગુજરાતે – ન ધોરી રસ્તે, ન રેલવેને પાટે.

ક્યાંથી શરૂ કરીશું, કહું ? આપણે દક્ષિણથી ઉત્તર દિશા તરફ ઊપડીએ. આગગાડીમાં નીકળીએ તો દહાણુથી આબુ પહોંચતાં સોળ કલાક. પણ આપણે લાંબી મજલ કરીશું, રાત પડે ત્યાં વાસો કરીશું, અને સવાર પડ્યે આગળ હીંડીશું.

પાંચસો ફૂટ ઊંચી ડુંગરી ઉપર આપણે ઊભા રહીએ, તો દખ્ખણ ગુજરાતનો રળિયામણો પ્રદેશ દેખાશે. આ ડુંગરી તે પારનેરાની ડુંગરી, અને નજીકમાં વહેતી નદી તે પાર નદી. સહ્યાદ્રિની ગહ્વરો વટાવી એ અહીં આવી સાગરને મળવા.

પશ્ચિમે ઘૂઘવતો અરબી સમુદ્ર; ડુંગર ઉપર કિલ્લો, અને કિલ્લામાં બુરજો ને વચગાળે ટાંકાં. દૂર દક્ષિણમાં દેખાય તે દમ્મણગંગા. એને કાંઠે દમ્મણ ગામ, કવિ ખબરદારનું એ ધામ. અને ડાબે હાથે ધરમપુર; ત્યાંથી નાસિક-ત્રંબકની જાત્રાએ જવું હોય તો પગરસ્તે જવાય. પગરસ્તે જ્યાં જવું હોય ત્યાં જવાય. ગામેગામ એવી કેડીઓ પડેલી જ હોય છે.

ડુંગરીની ઉત્તરે ઔરગંગા, દક્ષિણે પારગંગા, અને દૂર દૂર નજર કરો તો ઝાંખી દેખાય છે એ કોલક નદી. પારનેરાની ડુંગરી ઊતરી વલસાડ થઈ ચાલવા માંડીએ તો તદ્દન ઢૂંકડે તીથલ; દરિયાકાંઠે હવા ખાવાનું સ્થળ. પણ આપણે ઔરગંગા અને નાનકડી વાંકી નદીની વચ્ચે થઈને જઈશું. અહીં ધમડાચી એક જોવા જેવું ગામ છે. અહીંની આંબાવાડીઓ જોતાં થાક જ નહીં લાગે. પણ અહીં નહીં, આગળ અમલસાડ પાસે અમરલોક રમવા આવે એવી સ્વચ્છ આમ્રકુંજો. અસંખ્ય જાતની કેરીઓ; એનાં નામો યાદ રાખતાં થાકીએ.

પણ આ પાણીભર્યો મુલક – કેરી તો શું પણ ઠેકઠેકાણે શેરડી, સૂરણ, રતાળુ, કેળાં એ લીલોતરી શાકભાજીનો પાર જ નહીં. ખરેરા અને કાવેરી બે નદીઓ મળે છે એની સાથે કંઈક વોંકળાઓ પોતાનાં હાથ-આંગળાં લંબાવી જમીનને ફળદ્રુપ કરે છે. પૂર્વમાં પડવેલ તો કેવડાથી મઘમઘી રહે છે, એવડું મોટું કેવડાનું વન ! એની સુગંધ પાથરતો અહીંથી એ છેક સુરત સુધી જાય છે. આ બાજુ આ ગામનું નામ જ આમ્રધરા - એ પણ કેરી માટે પ્રખ્યાત, કેરીની ધરતી. ક્યાંક ક્યાંક ગામોનાં નામો તો એવાં સરસ આવ્યાં જાય છે, કે આપણે નોંધતાં થાકીએ !

ચાલો પૂર્વે, અજમલગઢનો ડુંગર ચડવા. ઉપરથી આખો વિસ્તાર બહુ સુંદર દેખાશે. અને પેલી પાર જઈશું તો ડાંગનું વન, એટલે કે દંડકારણ્ય. એની શોભા, ઝાડનાં ઝુંડ, વનરાઈઓ, ઠંડી મીઠી હવા - એ તો અનુભવે તે જ જાણે.

હવે પશ્ચિમે, ગણદેવીનો મીઠો ગોળ ખાવા. કાવેરી અને અંબિકા નદીની વચ્ચે, જાતજાતની લીલી ધરતી જોતાં જોતાં, ખેરગામમાં ફળફળાદિનો ઢગલો મળશે તે ખાશું, પાસેની બે ડુંગરીઓ પણ ચડીશું : એક છે તે રાતા પથ્થરની, બીજી કાળા પથ્થરની – એટલી ખૂબી જોવા જેવી છે.

પેલું દૂર દેખાય એ ધમડાછા. ગજબનું ગામ. આ બાજુ કોઈ જાડી વ્યક્તિ જોવા મળે, નર કે નારી, તો તરત એને ઉપમા આપવામાં આવે : ધમડાછાની કેરી જેવી - મુખ્યત્વે નારીને. અહીંની કેરી ભારેની દળદાર, ખાસ્સી ભરાઉ, મોટી, મુરબ્બામાં કામ લાગે એવી.

અહીં એક ગામ બીગરી - ત્યાં અંબિકા, કાવેરી, મેહરા, ત્રણ નદીઓ મળે. અને અહીં અરબી સમુદ્ર ઘૂમવા વહાણો બંધાય. જુઓ, ચારેકોર લક્કડકામ, સુથારો, માછીમારો અને વહાણવટીઓ - આ બધો પ્રદેશ જ વહાણખેડુઓનો. નદીના વળાંક - એના પૂરેપૂરા લાભ ઉઠાવાયા હતા. અહીં બિલીમોરામાં (ઈંગ્લંડના નૌકાસેનાની) નેલ્સનનું 'વિક્ટરી' જહાજ બંધાયું હતું, એવો એક સંશોધકનો દાવો છે. એ બંગાળી ગૃહસ્થે એ સંબંધમાં પુસ્તક પણ લખ્યું છે. એ ગમે તે હોય, પણ અહીં અડીખમ વહાણો બંધાતાં. આ હજી ભાંગ્યું ભાંગ્યું તોયે ભરુચ. જુઓ આ વહાણોનાં સમારકામ.

આગે બઢો. દરિયાકિનારે... આ એ જ દાંડી.. દાંડીકૂચ... મહાત્માજીએ ૧૯૩૦ના એપ્રિલ મહિનામાં અહીં મીઠું પકાવવાનો સત્યાગ્રહ કર્યો. અમદાવાદથી પગપાળા આવ્યા અહીં, અને જેલમાં જઈ બેઠા. અહીં જે લાઠીઓ ઊછળી છે, સત્યાગ્રહીઓએ જુલમ સહ્યા છે, એ વાત સાંભળતાં કમકમાં આવે. આ દાંડી, અને પણે ધરાસણા. આ વિશાળ અરબી સમુદ્ર. રાતવાસો આજે અહીં જ કરીશું. પણ પથારીમાં નહીં – અહીં એક પુણ્યશ્લોક સંતનાં સ્મરણોમાં જાગરણ ન કરીએ, તો કયાં કરીશું ?

નજીકમાં ધરાસણા, પણે કરાડી : સત્યાગ્રહની લડતનાં પંકાયેલાં થાણાં. પેલી બાજુ બે-અઢી હજાર વર્ષનું જૂનું ગામ નવસારિકા.

અહીં લોકમાતાની લીલાલહેર છે. ઔરંગા જોઈ. અંબિકા ઊતરી આવ્યા. આગળ ઉપર પૂર્ણા અને મીંઢોળા... કેવાં સુંદર નદીઓનાં નામ છે, અને કેવો લીલોછમ પ્રદેશ છે !

❖❖❖



# જય

ડૉ. આઇ. કે. વીજળીવાળા

'અમારે બાળક દત્તક લેવાનું છે. કોર્ટનો ઑર્ડર લઈને જ અમે એક બાળક પસંદ કરવા આવ્યાં છીએ. આ લો, જોઈ લો!'

આધેડ વયનું એક દંપતી આ શબ્દો સાથે અમારા નવજાત શિશુ વિભાગના દ્વારા આવીને ઊભું હતું. એ સમયે હું એમ.ડી.ના અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં હતો. અમારો નવજાત શિશુ વિભાગ એટલે કે, નિઓનેટલ કૅર યુનિટ એ સમયના પ્રમાણમાં ઘણો જ આધુનિક ગણાતો. સમગ્ર સ્ટાફ, પ્રોફેસર્સ તેમ જ મારી જોડે કામ કરતા દરેક ડૉક્ટર ખૂબ જ લાગણીથી તેમ જ સંપૂર્ણ સમર્પણભાવથી અહીં કામ કરતાં. તબીબીશાસ્ત્રનું કાર્ય આમેય જીવંત વ્યક્તિઓ સાથે કામ પાડવાનું હોવાથી એમાં લાગણી તેમજ કાળજી બંનેની જરૂર પડતી હોય છે. એમાંય તે નવજાત શિશુઓ સાથે કામ કરવું એ તો પુષ્પોની કોમળ પાંખડીઓની માવજત જેવું નાજુક કામ કહેવાય. અમને એ કુમળાં બાળકો સાથે કામ કરવાનો કોઈ અનેરો આનંદ જ આવતો. અમારા આ વિભાગમાં જન્મથી લઈને લગભગ પ્રથમ બે અઠવાડિયાં સુધીનાં બાળકોને રાખવામાં આવતાં. સર સયાજીરાવ જનરલ હૉસ્પિટલના ડિલિવરી વૉર્ડમાંથી આવતાં નવજાત શિશુઓને અહીંયાં સારવાર અપાતી. આ ઉપરાંત ત્યજી દીધેલાં, અનાથ નવજાત શિશુઓને અદાલતના હુકમ પ્રમાણે આ યુનિટમાં રાખવામાં આવતાં. જ્યારે કોઈ પણ સંતાનરહિત દંપતીને ૩ મહિનાથી નાનું બાળક દત્તક લેવાની ઈચ્છા થાય ત્યારે કોર્ટના આદેશથી એ લોકો અહીંયાંથી દત્તક લઈ શકતાં. ૩ મહિનાથી મોટાં બાળકોને વિકાસગૃહમાં મોકલી દેવાતાં.

'આવો! કોર્ટનો ઑર્ડર આપો.' મારા સિનિયર ડૉક્ટરે એમની સાથે વાત શરૂ કરી. 'કયા વિસ્તારમાંથી આવો છો?' એમણે સાવ ઔપચારિક લાગતો પ્રશ્ન પૂછ્યો.

'માંડવી વિસ્તારમાંથી,' આવેલ ભાઈએ જવાબ આપ્યો. અને કોર્ટના ઑર્ડરની નકલ મારા સિનિયર ડૉક્ટરના હાથમાં મૂકી.

'હ..મ્..મ્...' કોર્ટનો ઑર્ડર જોતાં મારા સિનિયરે માથું હલાવ્યું. એક બે વખત ધ્યાનથી બધી વિગત બરાબર જોયા પછી એણે અમારા પ્રોફેસર જોડે ફોન પર વાત કરી. પ્રોફેસરના આદેશ પ્રમાણે તેમણે સ્ટુડન્ટ નર્સને જે-તે બાળકને બહાર લાવી આવેલ દંપતીને બતાવવાનું કહ્યું.

નર્સ જેવી બાળકને લઈને બહાર આવી કે તરત જ પેલા દંપતીમાંથી સ્ત્રીએ હાથ લાંબા કર્યા. એની આંખો જોતાં એવું જ લાગે કે જાણે વરસોના દુષ્કાળ પછી વરસાદનાં પ્રથમ છાંટણાં ધરતીની જોડાજોડ પોતાના હાથમાં ઝીલતો ખેડૂત ન હોય! ક્યારેક શહેનશાહ અકબરે પણ મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહમાં આમ જ હાથ લાંબા કર્યા હશે એવો ભાસ થતો હતો. નર્સના સોંપતાંની સાથે જ એ બાઈએ બાળકને ગળે વળગાડી દીધું. બાળકને બચી કરવાની મનાઈ હોવાથી એ બહેન એ તો ન કરી શકી, પરંતુ એના ગાલ પર આંસુનાં ટીપાં ટપકાવીને પોતાના હૈયાથી તો એણે બાળકને ચૂમી જ લીધું હતું.

'અમે અત્યારે એને અમારી જોડે લઈ જઈ શકીએ ખરાં?' પેલા ભાઈએ પૂછ્યું.

'ના!' સિનિયર ડૉક્ટરે કહ્યું. 'એની થોડીક દવા તેમજ સારવાર બાકી છે. હા! બે દિવસ પછી તમે એને લઈ જઈ શકશો. આમ પણ કોર્ટના ઑર્ડર મુજબ પરમ દિવસે જ અમારે તમને બાળક સોંપવાનું છે. આજે તો ફક્ત બાળક તમને બતાવવાનું છે.'

'ભલે! અને પરમ દિવસે આવીશું.' પેલા ભાઈએ ઊભા થતાં કહ્યું. બાળકને વહાલ કરવામાં તલ્લીન થઈ ગયેલી પોતાની પત્નીને એણે બાળકને પાછું આપી દેવાનું કહ્યું. નર્સે આગળ વધીને એ બહેનના હાથમાંથી બાળકને પાછું લેવા હાથ લંબાવ્યો. પેલી બહેન થોડીક ખચકાઈ. બાળકને સંપૂર્ણપણે પોતાનું કહી શકાય તેવી ક્ષણને હજુ થોડાક દિવસની વાર છે તે વાતથી એ સભાન હતી. નર્સ તરફ એણે બાળકને લંબાવવા માટે હાથ લાંબા કર્યા. નર્સ બાળકને તેડી લે તે પહેલાં ફરવી એક વાર એ બહેને બાળકને પાછું ખેંચીને પોતાની છાતી સરસું ચાંપી દીધું. મરાઠી ભાષામાં ખૂબ ખૂબ વહાલપના જે શબ્દો હશે એ અસ્પષ્ટ રીતે ઉચ્ચારતાં એણે ખૂબ જ વહાલ કર્યું. મોડું થઈ રહ્યું છે એવું એને લાગ્યું ત્યારે બાળકને નર્સના હાથમાં મૂકી દીધું. નર્સ એ બાળકને લઈને નવજાત શિશુ વિભાગમાં જતી રહી. એ ગઈ ત્યાં સુધી

પેલી બહેન નાનું બાળક એની વહાલી વસ્તુ કોઈ લઈ જાય અને સજળ આંખે અને જે દૃષ્ટિએ જુએ તેમ જોઈ રહી હતી. ત્યાર બાદ એ બંને જણાંએ વિદાય લીધી.

મારા કામની વચ્ચેથી પણ મને આ આખાય પ્રસંગમાં રસ પડ્યો હતો. બાળકોને વહાલ કરતાં ઘણાં માબાપ મેં જોયાં હતાં. અમારો તો બાળરોગીઓનો વિભાગ જ હતો. બાળકોને વહાલ કરતાં અને એની ચિંતાભરી કાળજી રાખતાં માતાપિતાઓ પણ ઓછાં તો નહીં જ હોય. પણ આ બહેન જે રીતે એ બાળકને વ્હાલ કરી રહી હતી તે દૃશ્ય જ મને કંઈક જુદું લાગેલું. આવું આંખમાંથી સતત લાગણીની અમીધારા વરસી રહે તેવું વહાલ તો મેં પણ ભાગ્યે જ જોયું હતું. એટલે બીજી વખત એ દંપતી આવે ત્યારે એમની સાથે વાત કરવી એવું મેં મનોમન નક્કી કરી લીધું હતું.

ત્રીજા દિવસે મારી ડ્યૂટીના સમય દરમિયાન જ એ લોકો આવ્યા. કાનૂની ઔપચારિકતાઓની આંટીઘૂંટીઓ પૂરી કરી લીધા પછી બાળકને સોંપવાનો સમય આવ્યો. બધા કાગળો સમેટીને સિનિયર ડૉક્ટરે નર્સને કહીને પેલા બાળકને બહાર મંગાવ્યું. નર્સે બાળક એ બહેનના હાથમાં સોંપી દીધું. રાંકના ઘરના હાંડલામાંથી અનાજ પણ ભાગ્યે જ નીકળતું હોય ત્યાં અચાનક જ છપ્પન જાતનાં પકવાન નીકળવા માંડે અને એમની જેવી દશા થાય તેવી જ મનોદશા એ સ્ત્રી અનુભવી રહી હતી. એ બસ બાળકને મોં પર, હાથ પર, માથા પર એમ એક ઉપર બીજી એમ પપ્પીઓ જ લઈ રહી હતી. પેલો બાળક પણ (હવે એને આપણે જય કહીશું) - જય પણ ખિલખિલાટ હસતો હતો. દોઢ મહિનાના એ બાળકે અમારી લાગણી તો જોઈ હતી પરંતુ મમતાનો અનુભવ તો એને પ્રથમ વખત જ થઈ રહ્યો હતો. માતૃપ્રેમનું અમૃત એ પણ જાણે આકંઠ માણી રહ્યો હતો. એની માતાની આંખોમાં જોતાં જ જય ખડખડાટ હસી પડતો હતો. અરે ! કિલકારીઓ કરી ઊઠતો હતો. કંઈ કેટલીય ક્ષણો મા-દીકરાનું આ મિલન ચાલ્યું. પેલી બહેનની આંખોમાંથી ગંગા-જમના વહેતી હતી. મને ખાતરી હતી કે જય એની માતાનું મોં બરાબર જોઈ શકતો હશે પણ એની માને એનું મોઢું નહીં જ દેખાતું હોય. આંસુની આરપાર થોડું ચોખ્ખું જોઈ શકાય ?

'કેમ તમારે બાળક દત્તક લેવું પડ્યું ?' મેં પેલા ભાઈને પૂછ્યું.

'મારી પત્નીના ગર્ભાશયની રચનામાં મિસ્ટેક છે એમ ડૉક્ટર કહે છે. એને ક્યારેય ગર્ભ જ નથી રહ્યો. ખૂબ દવા કરાવી. થાકી ગયાં એટલી તપાસ પણ કરાવી. પૈસાનું પાણી થઈ ગયું પણ અમારે ત્યાં ઘોડિયું ન જ બંધાયું. અંતે થાકીને અમે બાળક દત્તક લઈ લેવાનું નક્કી કર્યું. અને નસીબ સારાં કે આ બાળક મળી પણ ગયું.' એ ભાઈએ જવાબ આપ્યો. સામાન્ય રીતે આવાં વાક્યો પાછળ નિરાશાની એક લાગણી હોય છે. પણ આ ભાઈના જવાબમાં નિરાશા કે હતાશા જેવું કયાંય નહોતું પણ એક છૂપો આનંદ વ્યક્ત થયો હતો. અને કેમ વ્યક્ત ન થાય ? આટલી નાનકડી એક જ ક્ષણે એમની જિંદગીનાં અઢારઅઢાર વરસોની વેદનાને અને હતાશાને એક જ ઝાટકે ખંખેરી નાખી હતી.

ત્યાર બાદ એમની સાથેની ટોપલીમાંથી એમણે બાળકનાં નવાં કપડાં, ટોપી, મોજાં વગેરે કાઢીને જયને પહેરાવી દીધાં. બાળકોને આંખમાં કાજળ આંજવાથી નુકસાન થતું હોય છે એટલે અમે લોકો એ આંજવાની ના પાડતા હોઈએ છીએ. પણ અહીંયાં તો હું કે અન્ય કોઈ કંઈ કહીએ અને ના પાડીએ તે પહેલાં તો સાથેની ડાબલીમાંથી કાજળ-મેશ કાઢીને આંખોમાં લપેડા પણ કરી દીધા ! અમારી હાજરીમાં જ એના ડાબા ગાલે અને કપાળે એક મોટું કાળું ટપકું પણ કરી દીધું. બાળકની નાનકડી આંખો આનંદ તેમજ આશ્ચર્યથી માતાને જોઈ રહી હતી. જ્યારે ઘેલી માતાને તો હવે બીજું કંઈ પણ દેખાવાનો સવાલ જ ક્યાં પેદા થતો હતો ? ! બાળકના પગમાં રૂપાની ઝાંઝરી પહેરાવી. હાથમાં સોનાની પહોંચી ચડાવી. સાજ-શણગાર પૂરો થયા પછી એણે બે હાથે જયને પોતાની સામે તેડી રાખીને જોયા જ કર્યું. પછી એનાં ઓવારણાં લીધાં. ચૂપચાપ એક કાળો દોરો કાઢી એના ગળામાં નાખી દીધો. આજે અમારા વિરોધને એ નહોતી જ ગણકારવાની એ હકીકત હતી ! થોડી વાર પછી એ બંને જણાં જયને તેડીને આનંદ સાથે રવાના થયાં. અમે સૌ એક બાલકને માબાપ મળી જવાની વાતથી ખુશ હતા છતાં યુનિટમાંથી અમારું એક બાળક ઓછું થયાનો રંજ પણ અનુભવતા હતા.

વિધાતાના લેખ પણ કેવા વિચિત્ર હોય છે ? લાખો માણસો સંતાનવિહોણાં હોવા છતાં કેટલાં બધાં બાળકોને ફૂટપાથ પર જીવન ગાળવું પડતું હોય છે ? જ્યારે અહીંયાં એક અનાથ બાળકને ફૂટપાથ પરથી કેવું ફટ્ દઈને માતાપિતાની હૂંફ અને છત્રછાયામાં મૂકી દીધું હતું ? આજે અમારા સૌના મોઢામાં એક જ વાક્ય હતું કે ખરેખર કુદરતની લીલા અપાર છે. એનો તાગ કોઈ ન મેળવી શકે. ધીરે ધીરે જયને વિસારે પાડી સૌ કામે વળગ્યા.

ત્યાર બાદ દર મહિને રોગપ્રતિકારક રસી (વૅક્સિન) મુકાવવા જય વેલબેબી ક્લિનિકમાં આવતો. જ્યારે જ્યારે એ આવતો ત્યારે અમે એની માતાને જયને

વહાલ કરતી જોઈ જ રહેતા. એ જે હેતથી એના હૃદયમાં ઊઠતી લાગણીઓના દરિયાને છુટ્ટો મૂકી દેતી એ જોઈને કોઈની પણ આંખ ભીની થઈ જાય. આપણા મનમાં એક સવાલ ઊઠે કે આટલું બધું વહાલ કોઈ પોતાના બાળકને કરી શકે ખરું ? અમે સૌ તો ઠીક પણ ત્યાં ઓપીડીમાં પાતાનાં સગાં બાળકોને તેડીને ઊભેલાં એમનાં સાચાં માબાપ પણ વિચારમાં પડી જતાં. એમને પણ એક ક્ષણ માટે તો પોતે પોતાના બાળકને આટલું વહાલ કરી શકે કે કેમ તે અંગે શંકા ઊભી થઈ જતી હશે !

આવી રીતે ચાર મહિના વીતી ગયા. એક સોમવારની સાંજે અમે ત્રણચાર જુનિયર ડૉક્ટર્સ વેલબેબી ક્લિનિકમાં બેઠા હતા. જયનો આજે રસીકરણનો વારો હતો. એની મમ્મી એને રસી અપાવવા માટે આવી હતી. જયને અમારાં સિસ્ટરે રસી આપી. જયનું વજન-ઊંચાઈ વગેરે નોંધાઈ ગયું. પછી એ અમે બેઠા હતા ત્યાં આવી.

'સાહેબ ! એક વાત પૂછું ?' એણે કંઈક વિચાર કરીને પછી પૂછ્યું.

'પૂછો ને બહેન. જય તો બરાબર છે ને ?' મેં જવાબ આપ્યો.

'હા સાહેબ ! જય તો બરાબર જ છે. પણ મને... !' એને થોડોક સંકોચ થતો હોય તેવું લાગ્યું.

'શું તમને ?' મને ફાળ પડી. એ બહેનને કંઈક રોગ તો નહીં થયો હોય ને ? ખાસ કરીને મને ટીબીની શંકા ચિંતા પ્રેરતી હતી. વડોદરા જેવા ઔદ્યોગિક શહેરમાં આમેયે એક ખૂબ જ સામાન્ય રોગ હતો. જો માતાને એ થાય તો જયને પણ એનો ચેપ લાગી શકે. અને એમાંય આ તો ગાંડું હેત કરતી માતા હતી. એ જે રીતે જયને પપ્પીઓ કરતી હતી તે પરથી મારી શંકા મુજબ થઈ શકે તેમાં જરાય શંકા નહોતી રહેતી !

'સાહેબ ! મને... મને... ! 'એ ખરેખર બોલતાં ખચકાતી હતી. એને શરમ પણ આવતી લાગી.'

'બોલો ને બહેન ! મને મને જ કરશો કે આગળ પણ બોલશો ? શું તમને કોઈ રોગ લાગુ પડ્યો છે ? એવું હોય તો તમે અમને વહેલાં જ જાણ કરી દેજો. જેથી જયને માટે યોગ્ય પગલાં લઈ શકાય.' મેં કહ્યું.

'ના ! ના ! સાહેબ ! એવું કંઈ નથી.' હું વધારે કંઈ આડીઅવળી ધારણાઓ માંડું તે પહેલાં જ મને વચ્ચે જ અટકાવીને એણે કહ્યું. 'સાહેબ ! મને ધાવણ આવે છે ! હું જયને મારું ધાવણ આપી શકું ?'

અમે સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. કુદરતની બેનમૂન કારીગરીનો એક વધારે ચમત્કાર અમે જોઈ રહ્યા હતા. જે સ્ત્રીના શરીરે ક્યારેય પ્રેગનન્સી એટલે કે, સગર્ભાવસ્થાના ફેરફારો જોયા જ નથી એણે ધાવણ આવતું હતું. રોજેરોજ સુખી ઘરની જેને ભરપૂર ધાવણ આવતું હોય તેવી માતાઓને પોતાના બાળકને ફક્ત ધાવણ જ આપો, ઉપરનું કંઈ પણ પ્રથમ પાંચ મહિના સુધી ન જ આપો તેવું સમજાવતાં અમારા નાકે દમ આવી જતો હતો અને છતાં પણ કહેવાતા સુખી ઘરની એ સ્ત્રીઓ ધરાર ધાવણ નહોતી આપતી. જ્યારે અહીંયાં એક બાઈ જે બાળકની સગી માતા પણ નહોતી તેને ધાવણ આવતું હતું. એ ઘટના અમારા સ્મૃતિપટ પર એવી અંકિત થઈ ગઈ છે કે આજે પણ જ્યારે કોઈ માતા પોતાના બાળકને ધાવણ આપવામાં બહાનાં કાઢતી હોય છે ત્યારે હું જયની માતાનું એને ઉદાહરણ આપું છું.

'હા બહેન ! કેન નહીં ? આ તો ભગવાને એના પર એક વધારે મહેરબાની કરી છે. આપો. એમાં કંઈ જ વાંધો નથી. ઊલટાનું જયને ફાયદો જ થશે.' મેં કહ્યું, રાજી થઈને એ માતા જયને એમ જ વહાલ કરતી પોતાના ઘરે ગઈ.

એ દિવસે ફરી એક વખત કુદરતના ખેલ નિરાળા લાગ્યા. અને જયના ભાગ્ય માટે પણ માન થયું. કદાચ પાછળનાં કોઈ કર્મોના કારણે એને એની માતાએ જન્મ પછી ત્યજી દીધો હશે. પણ એ સજા પૂરી થતાં જ કુદરત એને માબાપ વિહોણો તો નહોતી રાખવા માંગતી પણ આજની ઘટનાએ તો એ પણ સાબિત કરી દીધું હતું કે કુદરત એને માના ધાવણથી પણ વંચિત રાખવા નહોતી ઈચ્છતી. જયને એ ધરાઈ રહે એ કરતાં વધારે ધાવણ એની માતાને આવતું હતું. એટલે એ એના ખોરાકનો હવે સૌથી મહત્ત્વનો ભાગ બની ગયું હતું.

સમય જતો જાય તેમ દરેક નવી ઘટના જૂની બનતી જાય છે. ઝડપથી પસાર થતો સમય તેમજ વધતા જતા કામના ભારણ તળે ધીરે ધીરે અને જયને એના રસી આપવાના દિવસે જોતા ત્યારે જ યાદ કરતા. પણ એક વાત નક્કી હતી કે અમારા યુનિટની દરેકેદરેક વ્યક્તિ જયનું સુખ જોઈને ખૂબ જ આનંદ અનુભવતી.

એક દિવસ સવારના નવ વાગ્યા હતા. ઝાડા-ઊલટીના વૉર્ડમાંથી રાઉન્ડ પતાવીને હું દાદરો ચડી રહ્યો હતો. એ વખતે વૉર્ડની પરસાળમાં જ થોડાક માણસો બેઠા હતા. એ બધાની જોડે બેઠેલી એક સ્ત્રીના ખોળામાં જયની જ ઉંમરનું એક બાળક સૂતું હતું. એના માતા આજુબાજુ બેઠેલાં સગાંવહાલાંઓ જોડે વાતો કરવામાં મશગૂલ હતી. પણ માતાના હલતા હોઠ જોઈને પણ પેલું બાળક હસતું હતું. વારંવાર એ માની હડપચી પર હાથ લઈ જઈને એને પોતાની તરફ જોવડાવવાનો પ્રયાસ કરતું હતું. નાનું હતું એટલે એ બળપૂર્વક માનો ચહેરો પોતાના તરફ ફેરવી પણ નહોતું

શકતું. માતા પણ ઘરની કે વ્યવહારની વાતમાં એવી મશગૂલ હતી કે એના માટે બાળકની જાણે કે કોઈ હસ્તી જ નહોતી. પોતા સામે જોવા માટે ઉત્સુક એ બાળક સામે જોવાની એ માતાને જરા પણ નવરાશ નહોતી.

અનાયાસે એ વખતે મને જય યાદ આવ્યો. આ બાળક સાથે મનોમન મારાથી એની સરખામણી થઈ ગઈ. જયના કિસ્સામાં તો એવું કહી શકાય કે એની માતા બોલાવે અને જયનું ધ્યાન ન હોય તેવું બની શકે પણ જય બોલાવે અને એની માનું ધ્યાન ન હોય તેવું તો કદી ન બની શકે ! પણ એ માટે તો જય જેવું નસીબ જોઈએ ને - મારાથી મનોમન બોલાઈ ગયું.

વૉર્ડની પરસાળ પસાર કરીને હું ઑફિસ તરફની લૉબીમાં પહોંચ્યો ત્યાં જ સ્ટાફ સિસ્ટર દોડતાં આવ્યાં, 'સાહેબ ! કંઈ સમાચાર મળ્યા ?' એમના અવાજમાં રહેલો ધ્રાસ્કો સ્પષ્ટ સંભળતો હતો.

'ના ! જયની મા બળી ગઈ. આખા શરીરે દાઝી ગઈ છે.' એમણે કહ્યું.

'સિસ્ટર ! શું વાત કરો છો ? હોય નહીં. હજુ કાલે તો... ! કઈ રીતે બન્યું ? એ ક્યારે દાઝી ? અકસ્માત કે પછી બીજું કંઈ ?' હું ક્ષણ વાર માટે બેબાકળો થઈ ગયો. મારા મોંમાંથી એકસાથે ઘણા સવાલો નીકળી ગયા.

'આજે સવારે.' સ્ટાફ સિસ્ટરે જવાબ વાળ્યો. 'ચા બનાવતાં એની નાયલૉનની સાડી પ્રાઈમસને અડકી ગઈ. આમ જોઈએ તો વિચારી ૯૦ ટકા કરતાં વધારે દાઝી ગઈ છે. એકાદ કલાક માંડ જીવે તો.'

અમે બધા અવાક થઈ ગયા. અર્ધા કલાક પછી સમાચાર મળ્યા કે એ બીનું અવસાન થઈ ગયું. અમારામાંથી કોઈ કંઈ પણ બોલી ન શક્યું. અમારાં એક સિસ્ટર રડવા જેવા અવાજે બોલ્યાં કે, 'ભગવાનના ખેલ પણ કેવા વિચિત્ર હોય છે ? જય જેવું નસીબ કોઈનું ન હજો !'

❖❖❖

# નિર્ધન ?

**મુકુલ કલાર્થી**

**મ**હાત્મા તોલ્સતોય પાસે એક જુવાન આવીને કહેવા લાગ્યો : ''હું બહુ જ ગરીબ માણસ છું. મારી પાસે એક પાઈ સુધ્ધાં નથી !''

તોલ્સતોય મીઠું સ્મિત ફરકાવતાં બોલ્યા, ''તારી પાસે એક પાઈ સુધ્ધાં નથી ?'' એમ તે કાંઈ બને ?''

જુવાન દયામણે અવાજે બોલ્યો : ''ના જી, મારી પાસે કશું જ નથી.''

તોલ્સતોયે કહ્યું : ''તને એક રસ્તો બતાવું. મારો એક મિત્ર વેપારી, માણસની આંખો વેચાતી લે છે. તે બે આંખના વીસ હજાર આપે છે. બોલ, તારે પૈસાની જરૂર હોય તો તારી બે આંખો વેચવી છે ?''

જુવાન ફાટી આંખે બોલ્યો : ''શું કહ્યું - આંખો ? ના જી !''

તોલ્સતોય આગળ બોલ્યો : ''તે વેપારી હાથ પણ ખરીદે છે. બેય હાથના મળીને પંદરકે હજાર આપશે. બોલ, તારે હાથ વેચવા છે ?''

પેલા જુવાન ગભરાયેલા અવાજે બોલ્યો : ''ના જી ! ના જી ! મારે હાથ નથી વેચવા !''

તોલ્સતોય હસતા હસતા બોલ્યા : ''તો



પછી એમ કર - તારા પગ વેચી નાખ તને બે પગના તે દશ હજાર તો આપશે જ.''

જુવાન તો તોલ્સતોયની વાતો સાંભળીને ધ્રૂજતે અવાજે બોલ્યો : ''સાહેબ, આવું બધું આપ શું બોલો છો ? મને તો એ સાંભળીને ગભરામણ થાય છે !''

તોલ્સતોય ખડખડ હસતા બોલ્યા : ''હું તને તારી નિર્ધનતા મટાડવાનો ઉપાય જ બતાવું છું. એમાં ગભરાવા જેવું શું છે ? અચ્છા, સાંભળ, જો તારે ખૂબ પૈસાદાર થવું હોય તો તને એક લાખ રૂપિયા આપીને એ મારો મિત્ર તારું આખું શરીર ખરીદી લેશે. તે વેપારી માણસના શરીરમાંથી ગુપ્ત દવાઓ બનાવે છે, એટલે એ તને લાખ રૂપિયા જરૂર આપશે. બોલ, શો વિચાર છે ?''

પેલો જુવાન હિંમત એકઠી કરી જરા મક્કમ અવાજે બોલ્યો : ''સાહેબ, એક લાખ તો શું - કોઈ કરોડ રૂપિયા આપે તો યે હું મારું શરીર નહીં વેચું !''

એ સાંભળી તોલ્સતોય પ્રેમાળ સ્મિત ફરકાવતા બોલ્યા : ''જે માણસ કરોડ રૂપિયા લઈને પણ પોતાનું શરીર વેચવા તૈયાર નથી, તે જો એમ કહે કે હું સાવ નિર્ધન છું, તો કોઈને હસવું ન આવે ? અરે, ભલા જુવાન, આ આંખો, આ હાથ, આ પગ, આ પ્રાણવંત શરીર - એ સૌ ધનના અખૂટ ખજાના છે. આટલું જાણી લે અને મહેનત કર. સોનુ, રૂપું એ સઘળું પછી કશી વિસાતમાં નથી. ચાંદો-સૂરજ પણ તારા હાથવેંત જ છે.''

❖❖❖

# અનોખી



જ્ઞાનેશ જયચંદ લાપસીયા

ગતાંકથી ચાલુ....

અનિલ સંસારી કે અન્ય કોઈ પણ કામે બહારગામ જાય તો અવશ્ય બંગડી, શાલ, કાંડા ઘડિયાળ, પરફ્યુમ જેવા નાના મોટા ઉપહાર લઈને જ આવે, અને તેની પસંદગી માટે તો ખરેખર માનવું જ પડે, અનોખીને તો પસંદ પડે તેમાં કોઈ નવાઈ ના હોય, પણ પાસપડોશ, સહકર્મચારીઓને સુધ્ધા પસંદ પડે જ. તેના પરગજુ સ્વભાવે પણ અનોખીના હૃદયમાં અનેરું સ્થાન મેળવેલ, જરા કોઈને દુ:ખમાં જુએ તેની મદદ અવશ્ય કરે જ. તેમનાં સાંનિધ્ય દરમિયાન પણ જેવું કોઈ લાચાર-વિવશ-દીન હાથ લંબાવે કે તેને આપવા ગજવામાં રાખી મુકેલ પાવલી આઠઆનીના સિક્કાઓમાંથી જે હાથમાં આવે તે આપી દે. આવી બધી વાતોને પરિણામે અનોખી અનિલને પ્રેમ કરતાં વધુ જાણે કે પુજવા કરવા લાગી હતી.

અનિલની અન્ય પણ એક ખાસિયત હતી તેને સામાજિક પ્રસંગોએ જવું, માણસોને મળવું, સંબંધો બાંધી પછી તેને વિકસાવવા, સમાજના નાના મોટા કામો તન મન ધનની પરવા કર્યા વિના હસતાં મુખે કરવા. બંધારણ તો તેના રસનો વિષય. કોઈપણ સંસ્થાનું બંધારણ હોય તેમાં ઊંડો ઉતરી સમયાનુંસારના ફેરફારો અવશ્ય કરાવે, કોઈ મિટીંગમાં ખોટું થયું હોય તો માંધાતાની જરાપણ શરમ રાખ્યા વિના રોકડું પરખાવી દે. આ સઘળી વાતોમાં અનોખીને જરાય રસ કે રૂચિ ના હોવા છતાં અનિલ રજેરજની વાતો સવિસ્તારથી કરે ત્યારે તેની ગર્વગાથામાં અનોખી પણ ગર્વની લાગણી અનુભવતી. કેમ કે અનિલે સમાજમાં એક આદરભર્યું સ્થાન મેળવેલ.

એકાદ દાયકાથી અધિક સમય પસાર થઈ ગયેલ પણ પિતાનો પક્ષાઘાતમાં કોઈ સુધારો ના થયો, આખો દિવસ પથારીમાં પડ્યા પડ્યા પરાવલંબી અવસ્થામાં વીતાવવાના કારણે દિનપ્રતિદિન તે ચીડચીડિયા થતાં ગયા, તેમની કાળજી લેનાર આશા પણ સીવણ કામ છોડીને તેમની અવિરત સેવાચાકરી કરતાં કરતાં કંટાળી ગઈ હતી, તેથી અવારનવાર અનોખી પર ગુસ્સો ઉતારવા લાગી, પણ તેનો પ્રતિકાર કરવાને બદલે વિવશ છે તેમ સમજી સમસમીને બેસી રહેતી અનોખી. અને એમ પણ આટલાં સમયની અનિલ સાથેની જીવન સફર દરમ્યાન તેણે શાંતિથી સમજાવેલ અનેક વાતોમાંની એક આ વાત પણ હતી જેનો તે અક્ષરશ: અમલ કરતી.

અનિલ-અનોખીની મૈત્રીને આઠેક વર્ષ પૂર્ણ થયા તે દરમિયાન થયેલ મુલાકાતો કે સંવાદમાં અનોખી પાસેથી અવારનવાર જૈન ધર્મના આચાર વિચાર અંગે ઘણી સારી અને જીવનમાં ઉતારવા જેવી વાતો સાંભળવા અને સમજવા મળેલ જે સદાય અનિલ હૃદયમાં જ રાખી મુકતો અને અવારનવાર એક વાક્ય કહેતો ‘જે થાય તે સારા માટે’, ત્યારે અનોખી પુછી લેતી આમાં શું સારું થવાનું ? પણ તેના ઉત્તરમાં અનિલ માત્ર હસી લેતો. અનિલનું આ હાસ્ય અનોખીને ખુબ ગમતું, તે સાંભળવા અવારનવાર નવા નવા ગતંકડાઓ કરતી. અચાનક એક મુલાકાત દરમિયાન અનિલ બોલ્યો ‘‘અનોખી આજથી આપણે સાથે હશું ત્યારે હું પણ જૈન વાનગી જ ખાઈશ.’’ તેનું બોલવાનું પુરું થઈ ગયું પણ અનોખીની નજર અનિલ પરથી ના હટી. એક આદર અને અહોભાવ સાથે તાક્યા જ કર્યું અને છેલ્લે બોલી ભલે ‘‘તને યોગ્ય લાગે તેમ કર.’’

એક દિવસ અનોખીએ મિલન દરમિયાન અનિલ ને કહ્યું, ‘‘તારી સાહિત્ય સર્જન યાત્રા દરમિયાન પ્રથમ નાનકડી પુસ્તિકા સમ ‘સ્નેહ પુષ્પે’ પ્રકાશિત કર્યે લાંબો સમય પસાર થઈ ગયો છે બીજી પણ હવે ઘણી બધી કવિતાઓ એકત્રિત થઈ ગઈ છે, આપણે તેને ‘સ્પર્શ’ના નામે પુસ્તિકા સ્વરૂપે પ્રકાશિત થાય તેવી મારી ઈચ્છા છે તેનો સંપૂર્ણ ખર્ચ હું આપીશ, તું તેમાં કોઈ દલીલ નહિ કરે અને હા, ભૂલથી પણ તેમાં મારા નામનો ઉલ્લેખ કરવાનો વિચારતો નહિ.’’ તેની ઈચ્છાઓ પૂરી કરવામ અનિલ સદાય તત્પર રહેતો તેમ આ વાતમાં પણ સંમત થયો પણ ખર્ચ માટે ઘણી દલીલબાજી કર્યા છતાં અનોખી એકની બે ના થઈ જેથી તેની પણ સંમતિ આપી દીધી ત્યારબાદ અનિલ બોલ્યો,

‘‘કાલે જ શ્રી સુરેશ દલાલની ‘કવિતા’ નામના માસિકમાં આવેલ એક કવિતા વાંચી ત્યારે મને અદ્દલ મારા હૃદયના ભાવ વ્યક્ત કરતી લાગી જે હું તને સમર્પિત કરું છું.’’

*''પ્રથમ એ સ્પર્શનું કંપન હજુ તાજું સ્મૃતિમાં છે*
*ભીતર પેદા થતું સ્પંદન હજુ તાજું સ્મૃતિમાં છે''*

*''બધા ચેહરાઓ વચ્ચેથી અલગ એક ઉઠતો ચહેરો*
*કર્યું નજરોથી રેખાંકન હજુ તાજું સ્મૃતિમાં છે''*

*''નજર નીચે ઝૂકાવીને મુલાયમ સ્મિત વેળાએ*
*પડ્યું ગાલમાં ખંજન હજુ તાજું સ્મૃતિમાં છે''*

*''કર્યો ઘાયલ મને જેણે નજરના એક કામણથી*
*એ મોહક આંખનું અંજન હજુ તાજું સ્મૃતિમાં છે''*

*''કદી પણ મુક્ત થવાની ન ઈચ્છા થાય એમાંથી*
*એ બાહુપાશનું બંધન હજુ તાજું સ્મૃતિમાં છે''*

વાહ બેહદ લાગણીશીલ રચના છે, ખૂબ જ ગમી કહેતા અનોખીએ આભાર માન્યો.''

જોત જોતામાં 'સ્પર્શ'નું કામકાજ જોરશોરથી ચાલ્યું. એકેએક પાનાનું પ્રૂફ અનોખી રાતે ઘરે લઈ જઈ સુધારતી, તેમાં તેની હથોટી પણ સારી હતી. પહેલું પ્રુફ, બીજુ પ્રુફ અને ફાઈનલ પ્રુફ આપ્યું અને જોવાઈ ગયું, કવિતાઓ ક્મમાં ગોઠવાઈ ગઈ. એક દિવસે તેનું મુખ પૃષ્ઠ ફાઈનલ કરવા બે ત્રણ નમૂનાઓ અનિલ લાવેલ તેમાંથી એક સર્વાનુમતે પસંદ કરી કાર્યને છેલ્લો ઓપ પણ આપી દેવાયો. આજે અનિલનો જન્મદિવસ હતો જેથી અનોખી તેને મળવાની જ હતી માટે તેણે છપાઈને રાત્રે જ આવેલ એક બુક સારી રીતે ગીફ્ટ પેક કરાવી અને શહેરની પ્રતિષ્ઠિત હોટેલમાં મળવાનું રાખેલ ત્યાં સાથે લઈ ગયો. નિયત સમયે અનોખી અનિલ માટે એક ગ્રીટિંગ અને બુકની છપાઈના અંદાજીત ખર્ચ જેટલી રકમનું કવર બનાવી સાથે લાવેલ અને અગાઉથી બુક કરાવેલ એક ટેબલ ઉપર બંને બેઠા. અનોખીએ જન્મદિવસની શુભેચ્છા સંદેશ આપી અને સાથે લાવેલ અનિલ તરફ લંબાવ્યું. ત્યારબાદ ઉભય પક્ષે વાર્તાલાપ ચાલ્યો તેમાં વિક્ષેપ નાંખતા અનિલે અનોખીને બે મિનીટ માટે આંખો બંધ કરવા જણાવ્યું અને તે દરમિયાન સાથે લાવેલ 'સ્પર્શ' અનોખીના કરકમળમાં મુકતા બોલ્યો, ''લે આ મારા તરફથી મારા જીવનની શ્રેષ્ઠતમ અને અણમોલ ઉપહાર જે તારું પણ એક સ્વપ્ન હતું.'' કહી આંખો ખોલવા કહ્યું અને અનોખીને તેનું વિમોચન કરવા જણાવ્યું. આજે ફરી અનોખી કેટલીક પળો માટે દિગ્મૂઢ બની રહી તેના માટે આ બધુ એક સ્વપ્ન સમાન હતું. છતાંય તેણે હર્ષાવેશમાં તેનું વિમોચન કર્યું અને એક પછી એક પાના ફેરવતી પુસ્તકની ખૂબ જ પ્રસંશા કરવા લાગી.

આકર્ષક મુખપૃષ્ઠ તથા અંદરની કવિતાઓને ધ્યાનમાં રાખી મુકેલ રંગીન ઈમેજ, તેમજ તેની નીચે લખેલ બે પંક્તિઓ.. ઉફ્ફ;.. કહેતા કહેતા આંખમાંથી સરતાં અશ્રુબિંદુ રોકવાનો નિરર્થક પ્રયાસ કરી રહેલ અનોખી તેના ભાવવિશ્વમાં સરી પડી, અને બોલી ''તું સદાય કહે છે ને જે થાય તે સારા માટે, તે હું પણ આજે સ્વીકારું છું, અનિલ'' પછી તેનો હાથ પોતાના હાથમાં લઈ દીર્ઘ સમય દબાવી રાખ્યો, આજે અનોખીને જાણે તેનું કલ્પનાનું વિશ્વ સાંપડી ગયું હોય તેમ અનુભવી રહી હતી અને છેવટે બોલી, ''અનિલ આ 'સ્પર્શ' જેના પણ હાથમાં જશે તે એક વખત તો પાના અવશ્ય ફેરવશે જ અને તને અભિનંદન પણ આપશે જ, તેના માટે તૈયાર રહેજે.'' તેના જવાબમાં અનીલ માત્ર એટલું જ બોલ્યો, ''આમાં માત્ર કવિતાઓ સિવાય મારું કઈ જ યોગદાન નથી. સઘળી મહેનત, પરિશ્રમ અને કલ્પના સુદ્ધા તારી જ છે માટે ખરેખર તો આના માટે શ્રેયની સાચી હક્કદાર તો તું જ છે. જો તે તારા વિવિધ સુચનો ના આપ્યા હોત તો 'સ્પર્શ' આટલી સમૃદ્ધ શક્ય જ ના બની હોત.''

એક દિવસ તહેવારની રજામાં ગોઠવાયેલ મિલન દરમિયાન અહી તહીની વાતો કર્યા બાદ અનિલ બોલ્યો ''અનોખી તારો ગમતો રંગ કયો ?'' પ્રશ્ન સાવ સામાન્ય હતો પણ પોતાની જીવનની ભાગદોડમાં અનોખીએ આ બાબત ક્યારેય વિચારેલ પણ ના હતી તેથી જવાબ શું આપવો તેની સમજ ના પડી એટલે છેવટે બોલી ''મારે આવી કોઈ વિશેષ ગમતા રંગની પસંદગી નથી પણ તું કેમ પૂછી રહેલ છે ?'' તો અનિલ બોલ્યો ''હું તારા માટે એક બ્લુ રંગનો પંજાબી ડ્રેસ લાવેલ છું જે તું પરીધાન કરશે તે દિવસે આપણે મારા ઘરે મમ્મીપપ્પાને મળવા જવાનું રાખીશું'', સાંભળી અનોખી ખુશ થઈ ગઈ ને બોલી, ''ફરી ક્યારેક શું કરવા આજે જ ચાલ અહીના ક્લોક રૂમમાં હું ચેન્જ કરી લઉં છું'' કહી તરત ઉભી થઈ. થોડીવારે જેવી અનોખી બહાર આવી કે તેને જોઈ અનિલ એક સેકન્ડ તો આભો જ બની ગયો બેહદ આકર્ષક ને મોહક લાગી રહેલ તેની અનોખી.

દુકાનેથી નીકળી બન્ને ચાલ્યા અનિલ ને ઘરે. રસ્તામાં જ અનોખી માટે લીધેલ ચાંદલાનું પેકેટ આપતાં કહ્યું ''આમાથી જે સારો લાગે તે લગાવ,'' તેના જવાબમાં અનોખી બોલ, ''તને જે ગમે તે આ પેકેટમાંથી કાઢીને તું જ મારા કપાળે લગાડી આપ.'' અનિલે ચાંદલો લગાડ્યો તેટલીવારમાં ઘર આવી ગયું. રીક્ષામાંથી ઉતરી નિયત પૈસા ચૂકવી અનોખીને અહી જ ઉભી રહેવાં કહી તે સડસડાટ દોડ્યા ઘરમાં અને સોફામાં બેઠેલ તેની માતા સુજાતાને ઉભી કરી, ''ચાલ આપણે દરવાજે કોણ આવ્યું છે જો,'' કહી મમ્મીને હાથ ઝાલી દરવાજે લઈ ગયો, ''જો આ મારી પસંદ'' કહી અનોખીની ઓળખાણ કરાવી અને અનોખી તેમને પગે લાગી

આશીર્વાદ લીધા. પછી સુજાતા બોલી, ''બેટા ઉભી રહે જરા આરતી લઈ ઓવારણાં લઉં, ત્યારપછી ગૃહ પ્રવેશ કર.'' બધી વિધિ પૂર્ણ થતાં ઉત્સાહભેર ગૃહ પ્રવેશ કરાવ્યો અને અનિલના પપ્પા અશોકને હાંક મારતાં કહ્યું ''અરે સાંભળો છો ? જુઓ કોણ આવેલ છે ! આપણી વહુ.'' કહી તેની ઓળખાણ કરાવી ને અનોખી તેમને પણ પગે લાગી. પછી તો અરસપરસની થોડી વાતો કરી ચા નાસ્તો કર્યો ને અનોખી ઘરે જવા ઉભી થઈ ત્યારે પોતાના હાથમાંથી એક કંગન ઉતારીને અનોખીને પહેરાવતા સુજાતા બોલી ''તું મારે ઘરે પહેલીવાર આવી છે અને ઘરની વહુ છે માટે ખાલી હાથે ના જવાય.'' હવે આ તારું જ ઘર સમજી મરજી પડે ત્યારે આવતી રહેજે'' કહી હસતાં મુખે વિદાય આપી.

દિવાળીના દિવસો નજદીક હતા, કામનું ભારણ ઉભય પક્ષે હતું, પણ દસેક દિવસે એકવાર ભલે કોફીને બહાને પણ મળ્યા વિના ઉભય પક્ષે બેચેનીનો અનુભવ થતો જેથી એક દિવસ શનિવારની સંધ્યાએ તળાવની પાળીએ મળવાનું નક્કી કરી બન્ને મળ્યાં. ત્યારે અનોખી બોલી અનિલ ''મારે તને એક વાત પૂછવી છે તું આટલું સુંદર સાહિત્ય સર્જન કરે છે ક્યારેક મારા માટે એકાદ કવિતા કે પંક્તિ ના લખી શકાય ?'' કહી અનિલની સામે મરકતા મુખે જોવા લાગી. ત્યાં જ અનિલ બોલ્યો એક નહીં બે પંક્તિ તો ક્યારની લખી રાખેલ પણ જાણ ન હોતી કે તને પસંદ પડે કે નહિ, માટે આપી નથી પણ આજે તે કહ્યું છે તો લે સાંભળ

*''આથમતી સંધ્યાએ જ્યારે તું મને મળે,*
*મંદ મંદ સ્મિત સાથે ત્યાં રવિ પણ ઢળે''*
*(અજ્ઞાત)*

*''સમી સાંજે આવી તું લાગણીની છાલક ન મારીશ,*
*પછી આ હૃદય સવાર સુધી સુકાતું નથી...!''*
*(અજ્ઞાત)*

આટલું સાંભળતા જ અનોખી આભાર સહ અભિનંદન આપતાં જાહેર સ્થળ હોવા છતાં અનિલને વળગી પડી. પછી તો મોડું થશે ઘરે પહોચતાં કહી સુકી ભેલ ખાઈ બન્ને રવાના થયા ઘર તરફ.

ઉપરની વાતને હજુ ત્રણ ચાર દિવસ થયા હશે ત્યાં અનિલ બોલ્યો, ''અનોખી મારે તને હૃદયની અંદર કેટલાંય સમયથી ધરબી રાખેલ વાત કહેવા મળવું છે, આજે સાંજે ફાવશે ?'' અનોખી પણ તૈયાર જ હતી. તે દિવસે એક ઉપવનમાં આવીને બેઠા. અનિલ બોલ્યો, ''મમ્મીપપ્પા બંનેને તું એકદમ પસંદ પડી ગયેલ છે અને તારા હાથના રોટલાં ખાવા ઉતાવળા બની ગયા છે, પણ પરિસ્થિતિથીમેં વાકેફ કર્યા છે તેથી તું નિશ્ચિંત રહેજે.'' ત્યાં જ અનોખી અધીર બનીને બોલી ''આ વાત કહેવા મળ્યા છીએ આપણે ?'' ના થોડીવારે અનિલ બોલ્યો ''અનોખી મારે તને જે અંગત વાત કહેવી છે તે હવે સાંભળ,'' કહી અનોખીની આંખોમાંઆંખ મેળવી અનિલ બોલ્યો

*''શબ્દો ખરી ગયા છે, નિ:શબ્દતા ઊગે છે,*
*તારી ને મારી વચ્ચે એક વાર્તા ઊગે છે''*
*(અજ્ઞાત)*

આટલું કહી વાતનું અનુસંધાન કરતા કહ્યું, તારા સાંનિધ્યે અને સંતવાણી અને સંસ્કારિતાસભર વાતો સાંભળીને મેં મારી ચાલચલગત, વાણી વર્તન વ્યવહારમાં આમુલ પરિવર્તન લાવી દીધુ છે. ''તે મારા જીવનમાં મિત્ર નહિ પણ કલ્યાણમિત્ર બની પ્રવેશ કરેલ છે'' આ બધુ તારા સ્નેહના પરિણામે જ સંભવ બન્યું છે, માટે તારો ખુબ ખુબ આભાર. આટલું સાંભળતા જ અનોખીની આંખમાંથી દડદડ અશ્રુ વહેવા લાગ્યા અને આજે ફરી દીર્ઘ સમય પર્યંત તેને બેહદ આદરને માન સાથે નીરખતા અનોખી માત્ર એટલું જ બોલી ''તે મારો દિવસ જ નહિ, જન્મારો સુધારી દીધો'' કહી તેનો હાથ હાથમાં લઈ મીઠું ચુંબન આપી બેઠી.

લાભ પાંચમ ગયાને હજી એકાદ દિવસ જ થયેલ અને સવારના પહોરમાં કિશોરની તબિયત લથડી, ડોક્ટરને બોલાવ્યો ડોક્ટરે તાબડતોબ હોસ્પિટલમાં દાખલ કરવા જણાવ્યું ને એમ્બ્યુલન્સ બોલાવી આણંદની કાલિન્દી હોસ્પિટલમાં દાખલ કર્યા. કારડીયોલોજીસ્ટ જોક્ચર અભિજીત દવે દ્વારા તપાસ કરી હૃદયરોગનો હુમલો થયો છે કહી I.C.U. માં લઈ ગયા અને ઓક્સિજન ચઢાવી સારવાર ચાલુ કરી. થોડીવારે બહાર આવી ડોક્ટર બોલ્યા કિશોરભાઈની હાલત ગંભીર છે, સતત દેખરેખ નીચે રાખવાં પડશે. તેમની સારવાર માટે રૂપિયા ૪૫૦૦૦/- હજાર ડીપોઝીટ રૂપે જમા કરાવવા પડશે અને આ કાગળ ઉપર સહી કરી આપવી પડશે, રકમ જમા થયા બાદ જ સારવાર કરી શકાશે. કહી ડોક્ટર રવાના થયા. અનોખી સાથે પૈસા લાવેલ નહતી માટે અનિલને આ બધી વાતે વાકેફ કરી જરૂરી રકમની સગવડ કરી અહી આવવા જણાવ્યું. અનિલ પૈસા લાવે કે સારવાર શરૂ થાય તે પૂર્વે જ કિશોર દેહ ત્યાગ કર્યો.

કિશોરની ઉત્તરક્રિયા, પ્રાર્થના, લૌકિક વ્યવહાર તથા અંતરાય કર્મ નિવારણ પૂજા ઈત્યાદિમાં અનોખીને એક માસ કયાંય વીતી ગયો, આ સઘળા પ્રસંગોએ અનિલ તથા સુજાતા એક ઢાલ બનીને તેની પડખે ઊભા રહ્યા. તે દરમિયાનમાં અનોખીએ તેની મમ્મીને અનીલ તથા સુજાતાનો પરિચય કરાવી લીધો અને તેમનો વ્યવહાર જોઈ

અનીલ ભલે પરનાતનો હોય પણ આશાએ પરિણય માટે દ્રઢ નિર્ણય કરી લીધો. પુનઃ નોકરી તથા દૈનંદિન વ્યવહાર શરૂ થઈ ગયા, પણ નિયમિત ઘરબહારના મિલનને બદલે ટેલિફોનના માધ્યમે જ સંવાદ સાધી બન્ને સંતોષ મેળવવા લાગ્યાં. અપવાદરૂપે બન્ને એક જ શહેરમાં નોકરી કરતાં હોઈ અલપઝલપ મળવાનું ટાળી ના શક્યા.

કિશોરની વિદાયને છ માસનો સમય વીતી જવા પામેલ ત્યારે બન્ને પરિવારોએ અગાઉથી નક્કી કરી એક દિવસ અનિલના ઘરે મળવાનું ગોઠવ્યું. સાથે મળી ચર્ચાવિચારણા કરી કારતકમાં કિશોરને એક વર્ષ થઈ જશે એટલે પૂનમ પછીના પહેલાં શુભમુહુર્તે અનિલ અમારો એકનોએક સંતાન હોઈ ધામધૂમથી મંગલ પરિણય લેવાનું નક્કી થયું. આ પ્રસંગે આશાએ સુજાતા તથા અશોકભાઈ સાથે ચોખવટ કરતાં જણાવ્યું કે, ''દહેજ આપી શકવાની મારી પહોચ નથી'' તેના જવાબમાં અશોકભાઈ બોલ્યા ''વેવાણ આવું બોલીને અમને શરમાવો નહિ, અનોખી એક સુશીલ સંસ્કારિતા સભર છોકરી છે, તેને એક પાનેતરમાં જ આપના ઘરેથી વિદાય કરશો, પ્રભુકૃપાએ ઘણું છે માટે હવે તેને નોકરી કરવાની જરૂર નથી. સાથોસાથ બોલ્યા અનોખીના લગ્ન બાદ આપની આવક બંધ થઈ જશે તેની અમને જાણ છે માટે આપને યોગ્ય લાગે તો અનિલ હવે તમારો જમાઈ બની રહેવાને બદલે દીકરો બનીને તમારાં ઘરની સઘળી જવાબદારી પણ સાંભળી લેશે, અને આ વાત હું નહિ પણ અનિલે મને બે ત્રણ વખત કહી છે. હું આગ્રહ નથી કરતો પણ અમારી ઈચ્છા જરૂર છે છેવટનો નિર્ણય આપનો જ રહેશે'' કહી ગોળધાણા ખવાયા.

ચાર માસ તો ચપટી વગાડતાં વીતી ગયા અને ફરી આવી ઊભા નવરાત્રિ, દશેરા ને દિવાળીના તહેવાર અને નજદીક આવવા લાગી પરિણયની ઘડીઓ. પાનેતર, પોશાકો અને આભુષણોની ખરીદી શરૂ થઈ ગઈ. પત્રિકાનાં નમુનાઓ ફાઈનલ થઈ ગયા, આમંત્રિતોની યાદીને છેલ્લો ઓપ અપાઈ ગયો અને નૂતન વર્ષની ઉઘડતી પ્રભાતે પત્રિકા વિતરણ વ્યવસ્થા પણ આરંભાઈ. ધીમે ધીમે બહારગામ વસતાં મહેમાનોની પણ ઘરે પધરામણી થવા લાગી. નવોઢાનાં હાથે અને પગે મનમોહક મહેંદી મુકાઈ ગઈ. અત્ર તત્ર સર્વત્ર આનંદ અને ઉલ્લાસ વ્યાપી ગયો અને આવી ઉભી પરિણય પ્રસંગની પરોઢ! ઘરની બહાર ઢોલ ઢબૂકવાં લાગ્યા, શરણાઈના સૂરોથી શેરી પણ ગુંજવા લાગી, શુભ મુહુર્તે જાન પ્રસ્થાન પણ થઈને ઉતાવળે અવસરના આંગણે આવીને ઉભી રહી.

અવસરનું આંગણું મઘમઘતા ફૂલોની સજાવટથી મહેકી રહ્યું હતું, ઢોલના તારે ગોરીઓ ગરબા અને નાસિક બેન્ડના તાલે જુવાનિયાઓ લટકા મટકા દ્વારા નોખા નોખા નૃત્ય કરી રહ્યા હતાં. જાનના સ્વાગતમાં મુંબઈથી બોલાવેલ ખાસ કેટરસની કન્યાઓ સુકામેવાની ડીશો લઈ સ્મિત વેરતાં ફરી રહી હતી. ચાપ ઘોડાની બગીમાં સવાર થઈ અનિલ મહારાજ પેઠે આંગણે આવવા આતુર હતો. ગોર મહારાજના મુખે મંત્રોચ્ચાર પુરા થતાં અનિલને બગીમાંથી ઉતારી વરમાળા માટે મુખ્ય દ્વાર સુધી લઈ જવાયા, પોખવા તથા વરમાળાની વિધિ સંપન્ન થઈ અને માંડવે બેસાડવામાં આવ્યા.

શુભ મુહુર્તે હસ્તમેળાપ થયો અને સંગીત કલાકારો દ્વારા ફટાણા અને સુમધુર ગીતોની રસલ્હાણ કરાઈ. ત્યાંજ ગોર મહારાજ દ્વારા ઢોલીને ફેરા સમયે દાંડી પીટવા સજ્જ રહેતા જણાવ્યું, અને હવે પહેલું પહેલું મંગળીયું વર્તાય... કહી ભાઈનો ફેરો, બીજું બીજું મંગળીયું વર્તાય, કહી મામાનો ફેરો લેવાયો. ત્રીજો કન્યાના માતાપિતાનો ફેરા અગાઉથી આશાએ નક્કી કર્યા મુજબના સંબધીઓને બોલાવ્યાં, ત્યાં જ તેમને અટકાવતાં અનિલ બોલ્યો, ''માફ કરજો સહુ પરિવારજનો, અનોખી પણ મારી માફક આશાબેનની એકનીએક દીકરી છે, તેના પતિ કિશોરભાઈ હયાત નથી તો શું તેમને પણ દીકરી પરણાવવાના અભરખાં ના હોય? સમાજની શરમે તે એક ખૂણે જઈ બેસી રહ્યાં છે, જાઓ તેમને જ બોલાવો ને તેમનો હક્ક આપો ત્યારબાદ જ મારા માતાપિતાનો ચોથો ફેરો થશે'' કહી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું.

આ બાબતે પરિવારજનોમાં અંદરો-અંતર ગણગણાટ શરૂ થયો, વિધવાના હાથે ફેરો કેવી રીતે અપાય? વગેરે દલીલબાજીઓ ચાલી, અનિલ ને સમજાવવા નિરર્થક પ્રયત્નો પણ કરવામાં આવ્યાં. પણ અનિલ એકનો બે ના થયો તે ના જ થયો, આ બાજુ સુજાતાબેન તથા અશોકભાઈને પણ કહેવામાં આવ્યું તેના જવાબમાં તેઓ બોલ્યા, ''મારો દીકરો કહે છે તેમાં અજુગતું પણ શુ છે, અમે તેની વાતે સંમત છીએ.'' છેવટે મુહુર્ત વીતી રહ્યું હતું માટે જમાઈની ઈચ્છાને અનુસરી ત્રીજો ફેરો હર્ષના આંસુઓ વેરતાં વેરતાં અને જમાઈના ક્રાંતિકારી વિચારની અનુમોદના કરતાં કરતાં આશાબેન દ્વારા જ અપાયો અને ત્યારબાદ ભરપુર ઉમંગ ને ઉલ્લાસભેર અનિલના માતાપિતા દ્વારા ચોથો ફેરો પૂરો કરાયો ને સહુ પરિવારજનો એકમેકને ખીર વધાઈ આપવા લાગ્યા.

*''હર પ્રણયની વાર્તાના અંત નોખા હોય છે*
*ક્યાંક આંસુ, તો કયાંક કંકુ ચોખા હોય છે. ''*

❖❖❖

# દિલનો અજંપો

**ફાધર વાલેસ**

જમ્યા પછી હું મારા રૂમ પર જતો હતો. બપોરનો તાપ હતો, એટલે થોડો આરામ કરવાનો વિચાર હતો. મકાનમાં કંઈક કામ ચાલતું હતું. અને એ કામ કરનારા બે-ત્રણ મજૂરો પણ બપોરના તાપને માન આપીને ટિફિનનું ભોજન કર્યા પછી આરામ કરતા હતા. એમાંનો એક બરાબર મારા રૂમના બારણાની આગળ લાંબો થઈ સૂતો હતો. એને કોઈ સ્પર્શ કે વિક્ષેપ ન થાય ત કાળજીથી મેં તાળું ખોલ્યું અને બરાબ સાચવીને. એના ઉપર થઈને હું ધીરે અંદર ગયો. પછી અંદરથી બારણું બંધ ક અને સૂવાનો વિચાર કર્યો.

પણ મનમાં બીજો વિચાર હતો. મા રૂમની બહાર સૂતેલા અને ઊંઘી ગયેલ મજૂરનો વિચાર મનમાં હતો. બારણું બં હતું. પણ એનું ચિત્ર તો મનની આગળ હતું. અને એ ચિત્ર જોઈ જોઈને મનમાં અનેક જાતના વિચારો આવવા લાગ્યા.

★★★

એક રીતે તો એની અદેખાઈ આવી. એ નિરાંતે ઊંઘતો હતો. ભોંય પર સૂઈને, કંઈ ઓઢ્યા-પાથર્યા વગર, માથાની નીચે હાથ મૂકીને ઊંઘતો હતો. વળી લોકો આવે, જાય, અવાજ થાય, ન થાય - એની પરવા કર્યા વગર તે ઊંઘતો હતો. મને તો ગાદલું ન હોય અને ઓશીકું (નરમ) ન હોય અને કંઈક ઓઢવાનું ન હોય તો ઊંઘ જ ન આવે. અને બહાર અવાજ થાય તો ઊંઘ ઊડી જાય એ મજૂરના મનમાં હાલ કોઈ ચિંતા નહોતી એટલે એ નિરાંતે ઊંઘી શકતો હતો. એની પાસે કોઈ કીમતી વસ્તુ નહોતી કે ચોરની બીક લાગે, કોઈ અગત્યનું કામ કરવાનું નહોતું કે ઉતાવળ ને ચિંતા થાય. સવારે કામ કર્યું હતું અને બપોરે કરશે. અને જેટલું થાય તેટલું થશે, અને આજે ન થાય તે કાલે થશે એટલે ચિંતા નથી, અને નિરાંતે ઊંઘી



શકાય. કોઈ ઘનની ગોળીઓ લેવાની જરૂર નથી. કોઈ ખાસ તૈયારી કરવાની જરૂર નથી. જ્યાં છે ત્યાં સૂઈ જાય અને ઊંઘ આવે. એટલે મારા કરતાં એ વધારે સ્વતંત્ર છે, કારણ કે એને ઓછી વસ્તુઓની જરૂર છે. ઊંઘ તો કુદરતનું વરદાન છે, માટે એના ઉપર કુદરતની વિશેષ કૃપા છે એ ફલિત થયું. એટલે એ રીતે થોડી અદેખાઈ દો આવી. સાદાઈનો આશીર્વાદ હતો. ગરીબાઈની મુક્તિ હતી.

પણ એથી મનને સંતોષ ન થયો. એની સાદાઈ સાચી અને એની ગરીબાઈ આશીર્વાદરૂપ; પણ એ તો હું સારી સગવડભરી રૂમમાં બેસીને એને સારૂં ભોજન જમી આવીને કહું છું. એને માટે એ સાદાઈ અને એ ગરીબાઈ તો ફરજિયાત છે, બંધનરૂપ છે. એ એણે પસંદ કર્યા નથી, સહન કરવાં પડે છે. એનું ટિફિન મેં જોયું છે. એનાથી એક નાના છોકરાને પણ પૂરું ન પડે. અને એ લઈને એને આખો દિવસ મજૂરી કરવી પડે છે. એ ગરીબ છે, એની પાસે કશું નથી. એની પાસે કશું નથી એ એનું સદ્ભાગ્ય નથી, લાચારી છે. એ મારા રૂમની બહાર સૂતો છે અને હું અંદર બેઠો છું. મારી પાસે ઘણું છે. કંઈ નહિ તો જોઈએ એટલું બધું છે. ખુશ જીવન છે. આરામ છે. પછી દિલમાં શાંતિ કે રહે ?

દિલમાં અજંપો છે. સાદાઈ માટે પહેલેથી જ તો આકર્ષણ છે. સાધના માટે ત્યાગ જોઈએ, આધ્યાત્મિકતા માટે અપરિગ્રહ જોઈએ એ ખબર છે, એટલે એ પ્રયત્ન પણ છે. ઓછું લઈને જીવવું, ઓછી જરૂરિયાતો, ઓછો ખર્ચ. પૈસાનો વ્યવહાર નહિ, સંગ્રહ કરવાની વૃત્તિ નહિ. અને તોય અનેક ચીજો વળગી જાય, ટેવો પડી જાય. આ જોઈએ છે, અને તે વિના ન ચાલે. આખરે આપણે કામ કરવાનું છે ને ! આપણે કયાં વૈરાગી બાવા છીએ કે એક લંગોટી ને એક દંડ લઈને ફરીએ ! કૉલેજમાં ભણાવવાનું છે એટલે કપડાં જોઈએ અને પુસ્તકો જોઈએ, અને પુસ્તકો રાખવા માટે કબાટ જોઈએ, અને કબાટને માટે રૂમ જોઈએ, અને રૂમમાં થોડી વ્યવસ્થા જોઈએ ને થોડી સગવડ જોઈએ. એટલે નાનકડો સંસાર બંધાય અને પરિગ્રહ જામે. સાદાઈનો આદર્શ છે. થોડોક અમલ છે, ઘણી ખામીઓ છે, માટે દિલનો અજંપો રહે છે. સાધનાને પંથે જેમ સામાન ઓછો, તેમ જલદી આગળ વધી શકાય એ સિદ્ધાંત છે. એ અનુભવ છે. અને તેથી જીવન બને તેમ સાદું બનાવવા સતત જાગૃતિ છે અને પ્રયત્ન છે. પણ બીજું કારણ પણ છે. આધ્યાત્મિક સાધના અને અંગત પ્રગતિ ઉપરાંત જીવનમાં સાદાઈ અને સરળતા લાવવા માટે બીજું કારણ પણ છે. અને એ પણ તાકીદનું અને અગત્યનું છે. એ કારણ તો મારા રૂમની આગળ સૂતેલો એ અકિંચન

મજૂર છે. ગરીબ લોકો છે. દુનિયાની આર્થિક વિષમતા છે.

ધર્મનો સંદેશ દયાનો અને સેવાનો છે, પ્રેમનો અને એકતાનો છે. બધા માણસો ભાઈઓ અને બધા સમાન. બધા એક જ કુળના અને એક જ કુટુંબના. હા, પણ પછી એક મહેલમાં અને એક ઝૂંપડીમાં, એક મિલનો માલિક અને મિલનો મજૂર, એક ધરાઈને ખાય અને બીજો ભૂખે મરે. એ ભાઈઓ કેવા ? અને એ ધર્મ કેવો ?

બધા એકસરખા હોવા જોઈએ એમ તો નથી. કંઈક ઊંચે, કંઈક નીચે; કંઈક મોટા, કંઈક નાના, બધા અવયવો સરખા હોય તો દેહ નહિ થાય. બધાં પાત્રો સરખાં હોય તો કથાવસ્તુ નહિ જામે. અમુક ભિન્નતા જોઈએ, અમુક ફેર જોઈએ. અને રહેશે. પણ આટલો ફેર તો નહિ. આટલું અંતર તો નહિ. એક પગથી ઉપર સૂઈ જાય અને બીજો પંખાની નીચે સુંવાળી પથારીમાં સૂઈ જાય, એમ તો નહિ. એક અભણ રહે અને બીજો પરદેશ અભ્યાસ કરવા જાય, પણ નહિ. વિષમતા છે એ મટાડવાની છે. અન્યાય છે એ દૂર કરવાનો છે.

★★★

મારા વર્ગમાં થોડા કરોડપતિઓના દીકરાઓ બેઠા છે. કેટલાક ગરીબ છોકરાઓ પણ છે. એમને હમણાં જઈને ભણાવવાનું થશે. ફરીથી મારા રૂમની આગળ સૂતેલા એ મજૂરના ઉપર થઈને હમણાં એ છોકરાઓને ભણાવવા વર્ગમાં જવાનું થશે. ભણાવવાનું તો ગણિત છે અને ગણિત બધાને માટે સરખું છે. એટલે હું આંખ આડા કાન કરી શકું. અને આગળ કોણ કોણ બેઠા છે તરફ ધ્યાન આપ્યા વગર નિર્લેપ ભાવે ગણિતનો પાઠ ચલાવી શકું, અને એમાં મેં મારી ફરજ પૂરી કરી એનો સંતોષ લઈ શકું. ગણિતનો વર્ગ છે. વિજ્ઞાનની તટસ્થતા છે. હા, પણ શિક્ષણનું કામ પણ છે. સંસ્કારોનું કામ છે. એ સંદેશ પણ પેટાવવી જોઈએ. ગણિતના સમીકરણોમાં એવું ન જુએ તો ગણિતશિક્ષકના જીવનમાં જુએ. પાઠ્યપુસ્તકોમાં ન આવે તો શિક્ષકના વર્તનમાં આવે સામે એ સુખી કુટુંબના છોકરાઓ બેઠા છે. એમને એ ખ્યાલ પહોંચવા જોઈએ, એ બોધ મળવો જોઈએ કે પોતે સુખી છે તો ભગવાનનો આભાર માને; પણ ઘણા સુખી નથી, સાવ ગરીબ છે, અકિંચન છે, કંગાલ છે એનો ખ્યાલ રાખે. અત્યારથી એમના દિલમાં એ જવાબદારી જાગવી જોઈએ, એ ચિંતા થવી જોઈએ. ગરીબોની સેવા કરવા, મજૂરોની સ્થિતિ સુધારવા, સમાજના અન્યાય મિટાવવા, દુનિયાનાં અંતર ઘટાડવા અમારે શું કરવું ? આજથી એ સંસ્કારો પડે તો આગળ ઉપર કંઈક કરશે. પણ આજે જો એ ધનવાનના દીકરાઓ આરામથી જીવે, લહેરથી ફરે, સામાજિક પ્રશ્નો ઉપર ધ્યાન ન આપે, ગરીબોની સામે નજર ન કરે – તો આવતી કાલે તેઓ એમનું શોષણ કરતા રહેશે, અને સમાજનાં અંતરો ઘટવાને બદલે વધતાં જશે.

એમાં મારી જવાબદારી લાગે. કંઈ નહિ તો મારા જીવનમાં અને વર્તનમાં, સંકેતમાં અને ભાવનામાં તેઓ જો સાદાઈ જુએ, જો એ સ્વેચ્છાથી સ્વીકારેલી ને અપનાવેલી ને વધાવેલી ગરીબાઈ જુએ, જો અપરિગ્રહ અને ત્યાગ જુએ, જો ગરીબોને માટે પ્રેમ અને ચિંતા અને સેવા અને દયાના ભાવ જુએ, તો પેલા બીજા પાઠની સાથે આ મહત્ત્વનો પાઠ પણ આવશે, આ સિદ્ધાંત બેસશે, આ સંસ્કાર પડશે, અને એ પ્રેરણાથી એમનું જીવન સુધરશે, અને એમનું જીવન સુધરવાથી આગળ ઉપર સમાજની સ્થિતિ સુધરશે. માટે જ એ અજંપો છે. એ અધીરાઈ છે. પોતાની જાતથી અસંતોષ છે. કંઈક વધારે કરવું જોઈએ, જેથી જીવન વધારે સરળ બને, વધારે સાદું બને, અને એ સંદેશ એ વિદ્યાર્થીઓને પહોંચે, એ સમાજને પહોંચ, અને નવી વ્યવસ્થા લાવવા અને સાચી સમાનતા લાવવા બધા એક સાચો ને અસરકારક પ્રયત્ન કરીએ.

એ અજંપો છે, અને એ અજંપો શુભ છે. એ હશે એટલે વધુ કરવા પ્રેરશે, નવું કરવાની ફરજ પાડશે. એ અજંપો છે એ ભગવાનની કૃપા છે, અને એ રહે અને વધે અને કંઈક કરાવે અને કયાંય લઈ જાય એ અત્યારથી ભગવાનને દિલથી પ્રાર્થના છે.

અને ભગવાન એ પ્રાર્થના સંભળશે, સાંભળી રહ્યો છે . એ એવા પ્રસંગો આપશે, એવાં દશ્યો જોવરાવએ, એવા અનુભવો કરાવશે. હા. આજની જેમ એવા ગરીબ લોકોને, એવા મજૂરોને મોકલશે અને આપણી આગળ રસ્તામાં સુવાડશે.

એ મજૂર હજી ત્યાં સૂતો છે. મારો આરામનો સમય તો પૂરો થાય છે. મને ઊંઘ આવી નથી. એને તો બરાબર આવી છે. હજી ઊંઘે છે. ને મારે તો પેલા છોકરાઓને ભણાવવા જવાનું છે. રૂમનું બારણું ધીરેથી ઉઘાડીશ. ધીરેથી બંધ કરીશ. સાંભાળીને એના સૂતેલા શરીર ઉપર થઈ પસાર થઈશ. અને રસ્તામાં ભગવાનને પ્રાર્થના કરતો જઈશ કે પેલો અજંપો મારા દિલમાં જલતો રાખે.

❖❖❖

આખો સંસાર મલિન છે,<br>
કોઈ કરતા કોઈ સાફ નથી;<br>
આ જમાનામાં બધું જ છે,<br>
ફક્ત એક ઈન્સાફ નથી.

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**

- શ્રી કાર્તિકભાઈ અશ્વિનભાઈ શાહ તરફથી (હાલ - ઘાટકોપર)
- બોટાદ નિવાસી (હાલ - બોરીવલી (વેસ્ટ) ભારતીબેન મુકેશભાઈ શાહના પૈત્ર અને ખુશ્બુ સુરીલ શાહના પુત્ર ચિ. વિયાનના ૧૧ માં જન્મદિવસ નિમિત્તે (Suman Metalloys Steel Merchant) Darukhana Reay Road, Mumbai - 10)
- બોટાદ નિવાસી (હાલ -કાંદિવલી) સ્વ. જસવંતલાલ શિવલાલ વોરાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે એમના સ્મરણાર્થે એમના સુપુત્ર ચેતન જસવંતલાલ વોરા તરફથી
- સુશીલાબેન ચંપકલાલ શાહ તરફથી, ચોટિલા નિવાસી (હાલ - પુના)
- શાંતાબેન ગુલાબચંદ ટોળીયા તરફથી, સુરેન્દ્રનગર
- વિનયભાઈ પી. શાહ તરફથી (હાલ - બોરીવલી)

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

**ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યાએ બંધ છે તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેવસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.**

**પત્રિકા ન મળતી હોય અથવા એડ્રસમાં ફેરફાર કરવો હોય તો ફક્ત સભાની ઑફિસમાં જ નિરવભાઈ શાહનો ૯૮૧૯૦૧૨૪૬૮ સંપર્ક કરવો. સમય : ૧૨.૦૦ થી ૭.૦૦ રવિવાર તથા રજાના દિવસે તકલીફ ન આપવી.**

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૭-૨૦૨૫ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **સી.યુ. શાહ એજ્યુકેશન ફાઉન્ડેશન હસ્તે : શ્રીમતી મીનલબેન રોહિતભાઈ શાહ** | **રૂા. ૨૭,૦૦,૦૦૦/-** |
| **શ્રીમતી વર્ષાબેન વિરેન્દ્રભાઈ ગાંધી પરિવાર** | **રૂા. ૫,૦૦,૦૦૦/-** |

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**
**ડિજીટલ વસતિ પત્રક સ્પોન્સરશીપ ડોનેશન માટે તા. ૨૫-૦૫-૨૦૨૫ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ ગોપાણી પરિવાર** | **રૂા. ૫,૦૦,૦૦૦/-** |

## સાભાર સ્વીકાર

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

સુશીલાબેન ચંપકલાલ શાહ તરફથી, ચોટીલા નિવાસી
હાલ- પુના (શ્રી રાહત ફંડ) ૧૧૦૦૦/-

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**

કલ્પનાબેન મહેશભાઈ શાહ તરફથી (શ્રી રાહત ફંડ) ૫૦૦/-
પ્રકાશભાઈ વિ. શાહ તરફથી (શ્રી રાહત ફંડ) ૫૦૦/-
બીનાબેન એન શાહ તરફથી (એજ્યુકેશન ફંડ) ૧૦૦૦/-

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **ધ્રુવ — કિંજલ** | | |
| શ્રી સંજયભાઈ ધીરજલાલ શાહના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - બોરીવલી (વેસ્ટ) | | |
| શ્રી સુનીલભાઈ પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટની સુપુત્રી જલસણ નિવાસી (હાલ - મલાડ (વેસ્ટ) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **આગમ — આયુષિ** | | |
| શ્રી હિતેશભાઈ રમણીકલાલ શાહના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - મુલુન્ડ) | | |
| શ્રી રાકેશભાઈ હસમુખલાલ ગોયાણીની સુપુત્રી બાબરા નિવાસી (હાલ - કાંદિવલી) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **હર્ષિલ — જીલ** | | |
| શ્રી રિતેશ વિનોદભાઈ શાહના સુપુત્ર ઓરાણ નિવાસી (હાલ - બોરીવલી (વેસ્ટ) | | |
| શ્રી નિલેશ નટવરલાલ શાહની સુપુત્રી રામપરડા (મુળી) નિવાસી (હાલ - મલાડ (વેસ્ટ) | ૬૦૧ | ૬૦૧ |
| **રોહન — કાંચી** | | |
| શ્રી દેવાંગ નવીનચંદ્ર શાહના સુપુત્ર અમદાવાદ નિવાસી (હાલ - અમદાવાદ) | | |
| શ્રી જીગ્નેશ નવિનચંદ્ર શાહની સુપુત્રી ગુંદીયાળા નિવાસી (હાલ - કાંદિવલી - મુંબઈ) | ૬૦૦ | ૧૧૦૦ |





## પરપોટા

સમુદ્રમાં પાણીના આધારે અનેક પરપોટા થઈ આવે છે. એ ઘણા ભેગા થઈ એક મોટું મોજું કે પરપોટો બને છે. એવો કોઈ મોટો પરપોટો ફૂટી જાય, અથવા કોઈ મોજું અફળાઈને તેની નાની નાની લહેરો થઈ જાય, તેથી આપણને કદી શોક થતો નથી. કારણ, આપણે જાણીએ છીએ કે એ આકારોના ઊપજવાથી કે નાશ પામવાથી સાગરના સાગરપણામાં કાંઈ ફરક પડતો નથી.

મોજાં અને પરપોટાની સરખામણીમાં જેમ સમુદ્ર વધારે સ્થિર વસ્તુ છે, તેમ આ જગત અને ભૂતપ્રાણીઓની અપેક્ષાએ ચૈતન્યરૂપ આત્મા એ જ સ્થિર અને સદ્ વસ્તુ છે. જેમ એક પરપોટો નાનાથી મોટો થઈને ફૂટી જાય તેથી કાંઈ પાણીનો નાશ થતો નથી, પણ એ પરપોટામાં વપરાયેલું પાણી બીજી જ ક્ષણે અન્ય આકાર નિર્માણ કરવા છૂટું થાય છે; તેમ દેહરૂપી એક આકાશ નાશ પામતાં, ત્યાં વપરાશમાં આવેલો ચૈતન્યનો અંશ બીજો આકાર નિર્માણ કરવા છૂટો થાય છે. આથી મરણ નામની ક્રિયાથી બુદ્ધિમાન પુરુષ મોહ પામતો નથી.

કિશોરલાલ મશરૂવાળા



# છેલ્લા શ્વાસ સુધી બગાવત

**નચિકેત**

''**એ**લા, આ કોનો છોકરો છે ?''

''ગોવિંદરાવનો.''

''પણ એ તો જાતનો માળી છે, ને આ બ્રાહ્મણની જાનમાં ક્યાંથી ?''

''આ તો ધર્મ-ભ્રષ્ટતા કહેવાય, કેમ ચાલે !''

એક કાનેથી બીજે કાને, બીજાથી ત્રીજા કાને વાતની કાનફૂસી થવા લાગી. બ્રાહ્મણોની ચોટલીઓ ધ્રૂજી ઊઠી : જાણે વીજળીનો સબાકો થાય, તેમ કોઈનો ક્રોધ સળગી ઊઠ્યો; ''કાઢો સાલાને અહીંથી, જુઓ છો શું ?''

ભૂદેવોની ભ્રમરો ઊંચી થઈ; તીર પેઠે તણાઈ! જાણે ધરતી રસાતાળ! નાત આખી ખડાંગ કરતી ઊભી રહી ગઈ. વાત હમણાં વધી જશે, એવો ભય જોઈને ઘરધણીએ જ્યોતિરાવને ઘેર ચાલ્યા જવા વિનંતી કરી.

ભૂદેવો મૂછે વળ ને ચોટલીએ તાવ દેવા લાગ્યા.

જ્યોતિરાવને ભોં ભારે થઈ પડી. તે ભોંઠપનો માર્યો નીચે મોંએ ચાલ્યો ગયો. એ દિવસે જ્યોતિરાવના મનમાં વિચાર-વંટોળ ઊઠ્યો : સમાજમાં ઊંચ-નીચના ભેદભાવ શા માટે ? કોણે તે ઊભા કર્યા ? એમાં ધર્મ કયાં આવ્યો ? બ્રાહ્મણ હોય કે ચાંડાળ, પણ સૌ ઈશ્વરને મન સરખા છે, તો પછી માણસ માણસ વચ્ચે આવાં ધિક્કાર કે ઘૃણા શા માટે ? આ બધાંનું મૂળ કારણ એક જ છે - અજ્ઞાનતા.

એ વેળા, એની વય માંડ વીસેક વરસની હશે. તેણે પૂનામાં બુધવાર પેઠમાં કન્યાશાળા શરૂ કરી. કન્યા ભવિષ્યની માતા છે, તે કેળવાયેલી હશે તો ભાવિ પેઢીને તે અજ્ઞાનતામાંથી ઉગારી શકશે : જ્યોતિરાવની આ દૃઢ માન્યતા હતી.

જ્યોતિરાવે ભારતમાં સૌથી પહેલી કન્યાશાળા ઊભી કરી. સમાજ અને ધર્મના ઠેકેદારોમાં ચારેકોર ઊહાપોહ થયો : છોકરીઓને ભણાવીએ તો ધર્મભ્રષ્ટ થવાય. પણ જ્યોતિરાવ આવા વિરોધને ગણકારે એમ ન હતા. એ તો પોતાના કામને નિષ્ઠાથી વળગી રહ્યા. બને તેટલો શિક્ષણ-પ્રચાર કરવો એ જ એમનું જીવન બની ગયું.

જ્યોતિરાવનાં લગ્ન નાનપણમાં જ થઈ ગયાં હતા. આઠ વર્ષની સાવિત્રી અને ૧૪ વર્ષનો જ્યોતિરાવ. સાવિત્રી જૂના રીતરિવાજોથી ઘડાઈ હતી. છતાં જ્યોતિરાવે ધીરજ અને સમજથી કામ લીધું. એક દિવસ તેણે સાવિત્રીને કહ્યું : ''સાવિત્રી, ગાડાનાં બે પૈડાં સરખાં ન હોય તો ગાડું ચાલે નહીં, તેમ જીવનનું પણ છે; પતિ ભણેલો હોય ને પત્ની સાવ અભણ ને ગમાર રહે તો તે સારું ન કહેવાય.''

''તમારી વાત ખરી છે. તમે કહો તે કરવા તૈયાર છું.''

એ દિવસથી પત્નીને ભણાવવા માંડ્યું અને બે જ વરસમાં સાવિત્રીને પોતાની શાળાની શિક્ષિકા બનાવી દીધી. આ રીતે પતિ-પત્ની એકમેકનાં પૂરક બની, શિક્ષણના પ્રચારમાં આગળ ધપવા માંડ્યાંય આની દેખાદેખીએ બીજા ઘણા મિત્રોએ પણ ઘેર પોતાની પત્નીને શિક્ષણ આપવા માંડ્યું.

ઘેર ઘેર શિક્ષણનાં પગરણ મંડાતાં જોઈને રૂઢિચુસ્તો, સમાજના ધુરંધરો ઊકળી ઊઠ્યા; માર્ગ પરથી સાવિત્રી પસાર થાય કે તેને ગંદી ગાળો ભાંડે, ધૂળ ઉડાડે, પથરા ફેંકે. પણ સાવિત્રી કાચી-પોચી નહોતી. તે જરાય ભય પામી કે વિચલિત થઈ નહિ. ઊલટું, લોકો એની નિંદા કરતાં, તેમ એણે પોતાના કામનો વેગ વધાર્યો.

એક દિવસ રૂઢિચુસ્તો ભેગા મળીને જ્યોતિરાવના બાપ પાસે ગયા, અને એમને ધમકાવ્યા : ''તમારા છોકરાએ તો હવે હદ કરી છે. વર-વહુ બેઉ જણાં ગામને વંઠાડવા બેઠાં ચે કે શું ? એને જાણે કોઈકહેનારું જ નથી ! તમે એને કહી દેજો કે આ બધું બંધ કરે, નહિતર ગામ તમારો વહેવાર બંધ કરી દેશે.''

ગામના લોકો જ્યાં એક થઈ ગયા હોય ત્યાં એકલદોકલનું શું ગજું ! જ્યોતિરાવના બાપ ગોવિંદરાવ ગભરાયા. તેમણે પોતાનાં દિકરા અને વહુને ઘણાં વાર્યાં, પણ એ માન્યાં નહીં. એ તો પોતાનું કાર્ય ચાલુ રાખવા મક્કમ હતાં. આખરે નાછૂટકે બાપે કહ્યું : ''દીકરા, ગામમાં રહેવું અને ગામથી વેર બાંધવું એ કેમ ચાલે ? તમને જો ના પરવડે તો નોખાં થઈ શકો છો.''

પતિ-પત્નીએ વડીલનાં આ વેણ સાંભળી, એકબીજાની સામે જોયું અને બંનેએ એકમેકની અંતરની વાત સમજી લીધી. પિતાના આદેશને શિરોધાર્ય કરી પતિ-પત્ની એ જ ઘડીએ ઘર છોડી નીકળ્યાં.

પણ, ગામમાં એમને ખોરડું કોણ

આપે ? એક મિત્રની મદદથી મકાન તો માંડ માંડ મળ્યું, પણ જીવનનિર્વાહ કેવી રીતે કરવો ?

ઘણી મનોવ્યથા અને મંથન પછી જ્યોતિરાવે એક ઠેકેદાર પાસે પેટાકામ શરૂ કર્યું. ધીરે ધીરે નાનાંમોટા બાંધકામ પોતે કરવા માંડ્યાં. દિવસના ધંધો કરે, રાતના અભણ મજૂરોને ભણાવે, પોતાના ખર્ચે પાટી-પેન પૂરાં પાડે. કશાય ભેદભાવ વગર જ્યોતિરાવે મરાઠા, મહાર, માંગ, ચાંડાળ, ઢેઢ, ભંગી વગેરેના છોકરાઓને ભણાવવાનું શરૂ કર્યું. સાવિત્રી પણ પતિને પગલે પગલે ડગ ભરતી હતી.

લોકોએ જ્યોતિરાવ અને તેની પત્નીને ત્રાસ આપવા બાકી નહોતું રાખ્યું. એમનાં માથે થૂંકે, પાનની પિચકારીઓ મારે, ગમે તેવી ગાળો આપે. પણ એમના પેટનું પાણી હલતું નહિ.

પતિ-પત્નીએ મળીને એક વધુ શાળા ખોલી; અસ્પૃશ્યો માટેની એ સૌપ્રથમ શાળા હતી. જ્ઞાનનાં દ્વાર સૌ કોઈ માટે ખુલ્લાં છે, એવું જ્યોતિરાવે આહ્‌વાન કર્યું ત્યારે ચારેકોર દાવાનળ લાગ્યો હોય એવો રોષ ભભૂકી ઊઠ્યો. વિરોધીઓ ભેગા થયા અને એક કાવતરું ઘડાયું.

મધરાતનો પોર હતો. સૌ મીઠી નિદ્રામાં પોઢી ગયાં હતાં. આખા દિવસની થાકીપાકી સાવિત્રી પણ ઊંઘી ગઈ હતી. જ્યોતિરાવ પોતાને આશ્રયે રાખેલા અનાથ બાળકો માંહેના એક અસ્વસ્થ બાળકને ઊંઘાડવા વહાલથી પંપાળતા બેઠા હતા.

એ ટાણે ઘરને પાછલે બારણેથી બે જણ હાથમાં હથિયારો સાથે પ્રવેશ્યા. જોયું તો જ્યોતિરાવ એક અનાથ બાળકને પંપાળતા બેઠા છે. જોતાં જ એ હેબતાઈગયા, ત્યાં જ થંભી ગયા. એમના મસ્તકો જ્યોતિરાવનાં ચરણોમાં ઢળી પડ્યાં.

એમને જ્યોતિરાવ પોતાની રાત્રિશાળામાં ભણાવવા લાગ્યા. આગળ જતાં, એમાંના એક ધોંડીરામને જ્યોતિરાવે આગળ અભ્યાસ માટે કાશી મોકલ્યો. ત્યાં એ ભણી-ગણીને પંડિત થયો. બીજો જ્યોતિરાવનો અંગરક્ષક બની ગયો. તે ભણી-ગણીને જ્યોતિરાવનો વિચારોનો પ્રતાર કરતો, ક્રાંતિનાં ગીતો રચીને ગાતો અને લોકોમાં જાગૃતિનો સંચાર કરતો.

જ્યોતિરાવની પ્રવૃત્તિથી, શિક્ષણક્ષેત્રે તેણે સાધેલી પ્રગતિથી પ્રભાવિત થઈને વિદ્યાધિકારી સર અર્‌સ્કીન પેરીએ ઈંગ્લૅન્ડનાં રાણીને આવી સુંદર અને સુધારક પ્રવૃત્તિનું બહુમાન કરવા જણાવ્યું. રાણીએ એ માટે અભિનંદન પાઠવ્યાં.

લોકો જેને હડધૂત કરી નિંદા કરતાં, એ જ જ્યોતિરાવના જાહેર સન્માનમાં પૂના શહેરના લોકો ઊમટી પડ્યા. ૧૮૫૨ના નવેમ્બરની ૧૬ તારીખે ગવર્નરના પ્રમુખપદે શહેરના અગ્રગણ્ય નાગરિકોની ઉપસ્થિતિ વચ્ચે જ્યોતિરાવની મહાન સેવા બિરદાવવામાં આવી. ત્યારે એ બહુમાનનો સ્વીકાર કરતાં અત્યંત નમ્રપણે એમણે કહ્યું : ''મેં કોઈ મહાન કાર્ય કર્યું હોય એમ હું માનતો નથી. હું તો કેવળ ભગવાનની ઈચ્છા પ્રમાણે, આજ સુધી ઉપેક્ષિત રહેલું કાર્ય શરૂ કરી રહ્યો છું; એમાં આપ સૌનો હૃદયપૂર્વક સહકાર માગું છું.''

પોતાના પુત્રનું બહુમાન થયાનું જાણીને પિતા ગોવિંદરાવનું હૈયું હલી ઊઠ્યું. પોતે એને ઘરમાંથી કાઢી મૂકેલા તે બદલ ભાગે દુઃખ થયું. પોતે આવીને પુત્ર સાથે રહેવા લાગ્યા. જ્યોતિરાવે સુધારાની જ્યોત વધુ ને વધુ પ્રજ્વલિત કરી. વિધવા-વિવાહનું જ્યોતિરાવે આહ્‌વાન કર્યું અને વિધવા-મુંડન સામે વિરોધ ઉઠાવ્યો - એટલું જ નહિ, મુંબઈ અને પૂના જેવાં શહેરોમાં વાળંદોની સભા બોલાવીને આ રિવાજ બંધ કરવાનું ઠરાવ્યું. આ ક્રાંતિકારી સુધારાથી સમસ્ત સ્ત્રીસમાજને ભારે આનંદ થયો.

જ્યોતિરાવને સંતાન ન હતું, એથી એમણે પત્નીના સહયોગથી પારકાં સંતાનોને ઘરઆંગણે વસાવી અનાથાશ્રમ ઊભો કર્યો. જીવનમાં ભૂલી પડેલી એક બ્રાહ્મણી સ્ત્રીના સંતાનને વિધિવત્ ખોળે લઈ, એ સ્ત્રીને કલંકમાંથી ઉગારી. આ દત્તક પુત્ર યશવંતે તબીબી અભ્યાસ કરી, પિતાના પગલે ચાલીને સેવાનો માર્ગ ગ્રહણ કર્યો.

જ્યોતિરાવની બહુવિધ સેવા, ત્યાગ અને જીવનસમર્પણની સમસ્ત મુંબઈના શિક્ષિત સમાજમાં ભારે સુવાસ પથરાઈ હતી. સન ૧૮૮૮માં મુંબઈમાં એક જંગી સભાનું આયોજન કરી જ્યોતિરાવનું જાહેર સન્માન કરવામાં આવ્યું. એના પ્રમુખપદે રાનડે અને ભાંડારકર જેવી વિભૂતિઓ ઉપસ્થિત હતી. એ વેળા રાવબહાદુર વડેકરે જ્યોતિરાવને 'મહાત્મા' તરીકે સન્માન્યા. સાથે એમનાં પત્ની સાવિત્રીબાઈનું પણ અપૂર્વ સન્માન કરવામાં આવ્યું.

આ મહાન સેવાધારી વિચારકે ૧૮૭૩માં 'સત્યશોધક સમાજ'ની સ્થાપના કરી, જે સમાજની કાયાપલટનો એક મહાન સંકલ્પ હતો. ગામેગામ એની શાખાઓ ખૂલી. સર્વ માટે એનાં દ્વાર ખુલ્લાં હતાં. 'મનુષ્યની યોગ્યતા નાત-જાત પર નહિ, પણ એના ગુણ-સંસ્કારથી જ નક્કી થાય છે,' એ એમનું મુખ્ય સૂત્ર હતું. પોતાના આ વિચારોને વહેતા કરવા એમણે પુસ્તકો લખીને રૂઢિ અને અંધશ્રદ્ધા સામે બગાવતનો ઝંડો ફરકાવ્યો.

જીવનના છેલ્લા શ્વાસ સુધી સમાજ સામે બગાવત કરતાં કરતાં, આ મહાન જ્યોતિર્ધર જ્યોતિરાવ ફુલેએ ૧૮૯૦ની ૨૭મી નવેમ્બરે આ જગતમાંથી વિદાય લીધી.

❖❖❖

# આંસુની વાત ટૂંકમાં કેવી રીતે કહું ? ઓ દોસ્તો, આ સાત સમંદરની વાત છે

ડૉ. શરદ ઠાકર

'ઝાકળ અહીં જ છે એ વાતની તને ખબર છે ?' રાતના બે વાગ્યે લંડનના પૉશ વિસ્તારમાં આવેલા એક બંગલામાં સ્કોચ વ્હીસ્કીના ચોથા પેગની સુરખી આંખમાં ભરીને જ્યારે મેક પટેલે પૂછ્યું, ત્યારે જાણે દસ રિક્ટર સ્કેલનો ધરતીકંપ સર્જાયો. ભારતથી આવેલો શૃંગ મહેતા આ વાક્યના અણુવિસ્ફોટછી ખળભળી ઊઠ્યો.

'અહીં મતલબ ?'

'અહીં એટલે લંડનમાં. શી ઈઝ વેરી મચ હિયર ઈન ધીસ સિટી. તું તો એવી રીતે વાત કરી રહ્યો છે, જાણે તને ખબર જ નથી.' એ કટાક્ષભર્યું હસ્યો : 'મારો બેટ્ટો ઢોંગ કરે છે ! જીવતો માણસ જાણતો નથી કે એની જિંદગી ક્યાં છે !'

શૃંગના કાન ઉપર ન તો આ શબ્દો અફળાયા, ન એમાં સમાયેલો કટાક્ષ. એ ધારી-ધારીને કાચના ગ્લાસમાં ભરેલા શરાબમાં તરતા બરફના ટુકડા સામે જોઈ રહ્યો. ઝાકળ પણ એક જમાનામાં આ આઈસ ક્યુબની જેમ જ એની જિંદગીના જામમાં તરી રહી હતી ને ! અને પછી અચાનક એક દિવસ... એ બરફનો ટુકડો ઓગળી ગયો. ફરક માત્ર એટલો જ કે આ બરફની ભીનાશ ઓગળ્યા પછી જળ બનીને જામમાં જ સમાઈ જાય છે, જ્યારે ઝાકળ ક્યાંક બીજે, કોઈક બીજી જિંદગીમાં, અન્યના જામમાં ભળી ગઈ. ઝાકળ ઓગળતી નથી, પણ ઊડી જાય છે એ કડવી હકીકતનું ભાન શૃંગને એ દિવસે થયું.

ઓગણીસો એંશીની સાલમાં વિખેરાઈ ગયેલા સપનાનું અનુસંધાન આજે ત્રેવીસ



વર્ષના અંતરાલ બાદ વિદેશી ધરતી ઉપર ખૂલી રહ્યું હતું. અને શૃંગના દિમાગ ઉપરથી શરાબનો ખુમાર ઊતરી રહ્યો હતો. ત્રેવીસ વર્ષની અંદર કેટલું બધું બદલાઈ ગયું ! ખાલી ખિસ્સાને સ્થાને છલકી રહેલી તિજોરી આવી ગઈ છે, થીગડાવાળા પેન્ટની જગ્યાએ ડિઝાઈનર વસ્ત્રોથી ઊભરાતો વૉર્ડરોબ છે, ત્રણસો રૂપૈડી જેવી મામૂલી રકમમાં હૉસ્ટેલ જીવનના બે છેડા માંડ માંડ ભેગા થતા હતા એને બદલે હવે એશોઆરામની જિંદગી છે. બંગલાની અને ગાડીની અને સંતાનોની જાહોજલાલી છે... અને... રૂપ અને જોબનથી મઘમઘતી ઝાકળને સ્થાને એક ન ગમતી અભણ, રુક્ષ, ગામડિયણ પત્ની છે.

ગુજરાતની ઔદ્યોગિક આલમમાં શૃંગ મહેતાનું આજે એક આદરભર્યું સ્થાન છે. ઈન્ટરનેશનલ ટ્રેડ ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે છેલ્લા ત્રણ દિવસથી એ લંડનમાં આવ્યો હતો. બે દિવસ તો હોટેલમાં રહ્યો, પછી એક સાંજે એણે સહેજ નવરાશ મળતાંની સાથે જ ટેલિફોનની ડાયરી કાઢી. અંદરથી જૂના કૉલેજમિત્રનો ફોન નંબર ખોળી કાઢ્યો. પછી ચકરડું ઘુમાવ્યું.

'મગન પટેલ છે ?' સામે પુરુષ સ્વર સાંભળીને એણે પૂછ્યું. સવાલ સાંભળીને મગન બેઠો હતો ત્યાંથી ગબડી પડ્યો : 'તમે કોણ બોલો છો ?'

'આઈ એમ શૃંગ મહેતા ફ્રૉમ અંકલેશ્વર, ઈન્ડિયા. પણ અત્યારે અહીં લંડનમાં જ છું. આઈ વૉન્ટ ટુ ટૉક ટુ મિ. મગન પટેલ.'

'અરે યાર ! મગનને માર ગોળી. હું મેક બોલું છું.' મગનની આંખમાંથી મેક પેદા થયો છે. 'તું કેટલા દિવસથી અહીં આવ્યો છે ? હોટેલમાં કેમ ઊતર્યો છે' તને ખબર છે તારો મિત્ર અહીં કેટલું કમાયો છે ? અહીંના અંગ્રેજોની રાણી ભલે એલિઝાબેથ હોય, પણ અહીં વસતા ઈન્ડિયનોનો રાજા તારો આ મગનિયો છે. બોલ, તને ક્યાં લેવા માટે આવું ?' ટેલિફેનની દોરડામાંથી પીગળેલી મૈત્રી વહી રહી હતી.

એ સાંજે જ શૃંગ એના સામાન સાથે હોટેલમાંથી મેક પેલેસમાં શિફ્ટ થયો. મેકની પત્ની અંગ્રેજ હતી. ગાડીમાં આવતાં જ મગને શૃંગના કાનમાં ફૂંક મારી દીધી હતી : 'તને તમામ વાતની છૂટ આપું છું. ખાયેંગે, પીયેંગે ઔર એશ કરેંગે, પણ એક વાતની મનાઈ છે. ભૂલેચૂકેય મને 'મગન' કહીને ન બોલાવીશ. કેથી છૂટાછેડા આપી દેશે.' એની મજાક ઉપર શૃંગ પેટ પકડીને

હસી પડ્યો હતો.

અને સાંજના સમયે ઊઠેલો એ હાસ્યનો ફુવારો મધરાતે અચાનક શમી ગયો. છાતીના સાતમા પેટાળમાં દફન થઈ ચૂકેલો જખમ મેકના એક જ વાક્બાણથી તાજો થઈ ઊઠ્યો. રૂઝ વળેલા ભીંગડામાંથી લોહી ઝમવા માંડ્યું.

'એ પરણ્યા પછી પરદેશ ચાલી ગઈ છે એ વાતની મને ખબર હતી, પણ ઝાકળ અહીં જ છે... એ... એની મને જાણ નહોતી. ક્યાં છે ? શું કરે છે ?' શૃંગના સવાલમાંથી કાચની બંગડી જેવું એક સપનું જમીન ઉપર તૂટી રહ્યું.

મગને એ વેરાયેલા કાચને વીણીને એકઠા કરી આપ્યા : 'એ બધું મને શા માટે પૂછે છે ? ખુદ ઝાકળને જ મળી લેને ! એનો ફોન નંબર છે મારી પાસે.'

બંને મિત્રો શરાબના ઘેનમાં ડૂબેલા હોવા છતાં એટલા તો હોશમાં હતા જ કે રાત્રે અઢી વાગ્યે કોઈ પુરાણી પ્રેમિકાને ટેલિફોન કરીને ખલેલ ન પહોંચાડાય. બીજા દિવસની સવાર ઉપર એ કામ છોડીને બંને મિત્રો બિછાનાને હવાલે થયા.

મગન ઉર્ફે મેક ભારે ખેપાની નીકળ્યો. સવારે ફોન નંબર લગાડીને હૅન્ડસેટ સીધો જ શૃંગના હાથમાં થમાવી દીધો. શૃંગ આનાકાની કરે એટલી વારમાં તો સામેથી કોઈ યુવાન સ્ત્રીસ્વર ટહુકો બનીને એના કાનમાં ઠલવાઈ રહ્યો હતો.

'હુમ ડુ યુ વોન્ટ સર ?'

'કેન આઈ હેવ... ઝાકળ ઓન ધ લાઈન. આઈ એમ...' આટલે સુધી પહોંચતામાં તો શૃંગ પરસેવાથી નીતરી રહ્યો. શી ઓળખ આપવી પોતાની ? સંબંધવિચ્છેદનો આઘાત આટલાં વરસે પણ ઝાકળના વર્તનમાં ક્વિનાઈનની કડવાશ બનીને ઊભરી તો નહીં આવે ને ? પોતાનું નામ સાંભળીને એ ફોન કાપી નાખશે તો ? વિચારોના વાવાઝોડા વચ્ચે એણે વાક્ય પૂરું કર્યું : 'આઈ એમ એ ફ્રેન્ડ ફ્રોમ ઈન્ડિયા.'

'વન મિનિટ, અંકલ ! મમ્મી ઈઝ કમિંગ ઓન ધી લાઈન.' ટહુકાએ માહિતી આપી અને ટેલિફોનનો હાથબદલો થાય ત્યાં સુધી છાતીના ધબકારા ઉપર કામચલાઉ 'સ્ટે ઓર્ડર' મૂકીને શૃંગ ઈંતજાર કરતો રહ્યો.

'યસ... ! આઈ એમ ઝાકળ. મે આઈ નો હુ ઈઝ ઓન ધી અધર એન્ડ ?' એ જ અવાજ. એજ માધુર્ય. એ જ ઉંમર. શૃંગને થયું કે આ જગતમાં પ્રેમિકાઓની વય કેમ કાયમ માટે એટલી ને એટલી જ રહેતી હશે.

'હાય ! ઝાકળ, હું શૃંગ બોલું છું. એક અઠવાડિયા માટે અહીં આવ્યો છું. મારા મિત્રના ઘરે બેઠો છું. મગને જ તારો નંબર આપ્યો...'

ઝાકળે વાતના ગળે બ્રેક મારી : 'હવે મગનને કહે કે મારું સરનામું આપે. હું તારી રાહ જોઈશ. આપણે લંચ સાથે લઈએ છીએ.'

મગન મિત્ર હતો, દુનિયાદારીનો અનુભવી હતો. શૃંગને એના અતીતના સરનામે પરોંચાડીને બારણેથી જ પાછો વળી ગયો. ઝાકળે ઉષ્માભર્યો આવકાર આપ્યો. એની દીકરી સત્તર વરસની હતી, પણ જાણે દીકરી નહોતી, એની મમ્મીનું આયનામાંથી પડઘાતું પ્રતિબિંબ હતી. માત્ર એટલો જ ફરક કે એ ઝાકળ કરતાં પણ સહેજ ઊંચી હતી અને સહેજ વધારે બટકબોલી પણ. અંગ્રેજી ઉચ્ચારોમાં ગુજરાતી બોલી શકતી હતી. એણે તો શૃંગની આગળ ગુપ્ત માહિતીનો ખજાનો ઠાલવી દીધો : 'અંકલ, તમે ફોનમાં તમારું નામ કહ્યું હોત, તોપણ હું તમને ઓળખી જાત. મમ્મીએ તમારા વિશે કેટલી બધી વાતો કરી છે ! યુ નો, વન્સ મોમ ટોલ્ડ મી ધૅટ શી કૂડ હેવ મેરિડ વિથ યુ !'

અને અચાનક ઘરમાં ખામોશી પથરાઈ ગઈ. શા માટે ન પરણી ઝાકળ એના પ્રેમીને ? બે પ્રેમીઓ વચ્ચે પથરાયેલા મૌનને પણ ખબર હતી કે ઝાકળ લંડનમાં વસતા ધનાઢ્ય મુરતિયાના માગા સામે પીગળી ગઈ હતી, પણ એનો પતિ ક્યાં છે ? એ કેમ દેખાતો નથી ?

'ઘરમાં અમે બે જ જણાં છીએ.' ઝાકળે ધીમેથી ઘટસ્ફોટ કર્યો : 'મેં ખૂબ કોશિશ કરી, પણ મારા હસબન્ડના જુલમ આગળ હું હારી ગઈ. હવે અમે છૂટાં છીએ. દીકરી મને મળી છે. દીકરો એને. મારી જોબ ખૂબ સારી છે. ગુજારો થઈ જાય છે. દીકરી પરણીને ઊડી જશે પછીનો વિચાર કરીને કંપી ઊઠું છું.'

દીકરી એના સ્ટડીરૂમમાં ચાલી ગઈ. બંને પ્રેમીઓ સ્મૃતિના શરાબમાં સોડાની જેમ ભળતાં રહ્યાં, ઝાકળે આજે ફૅક્ટરીમાંથી આખા દિવસની રજા લીધી હતી. પાક્કું ગુજરાતી ભોજન બનાવ્યું હતું. જમતાં જમતાં શૃંગ બોલી ગયો : 'યુવાનીમાં ઊછરેલું એક સપનું અધૂરું હતું. મારા ઘરમાં ઝાકળ પત્ની બનીને ફરતી હોય અને હું એના હાથની રસોઈ જમતો હોઉં. આજે એ સપનું અડધુંપડધું પુરું થયું. હોજરીની ભૂખ આજે શમી અને શરીરની બીજી ભૂખ તો ક્યારનીયે મરી ગઈ છે. સામે પડેલી થાળીમાં ભલે ને ઝાકળ જેવું મિષ્ટાન્ન પીરસાયેલું હોય ? હવે શા કામનું ?'

ઝાકળની આંખોમાં ભીનાશ બાઝી : 'એ માટે હું તને દોષ નહીં આપું, શૃંગ ! વાંક મારો જ હતો. તારી પાસે અભણ તોયે પત્ની તો છે. હું પતિ માટે લંડન આવી. મારા હાથમાં માત્ર લંડન જ આવ્યું, પતિ ન રહ્યો. ઝાકળની પથારી ફૂલ ઉપર હોવી જોઈએ, પણ મેં કાંટો પસંદ કર્યો !'

❖❖❖

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઇસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જુલાઈ -૨૦૨૫) સુધીમાં ૨૯૩૧૦ - જીવો છોડાવેલ છે.** તથા ઘાસ - ૨૭,૩૫૦ કિલો, ગોળ - ૧૧૬૨૯ કિલો, કેરીનો રસ - ૬૦૦૦ કિલો, લાપ્સી - ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કતલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જુલાઈ ૨૦૨૫ (૧૫ મહિના) માં ટોટલ ૩૮૧૧ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | |
|---|---|
| Bank Name : AXIS BANK LTD. | Bank Name : BANK OF INDIA |
| A/c. Name : JIVDAYA FUND A/c. No. : 921010033621820 | A/c. Name : JIVDAYA FUND A/c. No. : 000120100001219 |
| IFSC : UTIB0002274 Branch : Charni Rd, Mumbai | IFSC : BKID0000001 Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

**દાન એજ સફળ જીવન**

Advt.


not just a business, but a philosophy
FLAMINGO
transworld pvt. ltd.
Successfully Planned Holidays
for More than 2,10,000 Families
WHY FLAMINGO?
In-house team of
150 Tour Managers
More than
50 Locations
all over India
A Team of more than
250+ Committed
Individuals
Tours to more than
80 Countries
around the globe
Flamingo has a
specific NRI Division
to serve you better
All of Australia With
Great Ocean Road Stay
12 Night / 13 Days
21 Oct 2025
Naturally New Zealand
With Amazing Australia
17 Night / 18 Days
2 Dec 2025
All Of Australia With
Great Ocean Road Stay
13 Night / 14 Days
9 Dec 2025
Amazing Australia
8 Night / 9 Days
12 Dec 2025
New Zealand With
Australia With Chef
18 Night / 19 Days
5 Dec 2025
Naturally New Zealand
9 Night / 10 Days
3 Dec 2025
Opera House | Kandivali | Ghatkopar | Andheri | Kharghar | Thane | Mulund | Mira Road | Virar
SION OPENING SOON
+91 98199 30022
www.flamingotravels.co.in

Advt.



# Mihaar

Where Fashion is an Expression



## નવરાત્રિ માટે ખૂબ જ વ્યાજબી ભાવમાં

# ફેસ્ટીવ કલેકશન જોવા ખાસ પધારો



**(Plus Sizes Available)**

અમારે ત્યાં કુર્તી, કુર્તા પેન્ટ સેટસ, પંજાબી સુટ, કોર્ડ સેટ, ગાઉન, ફ્રોક્સ, સ્કર્ટ, જ્વેલરી અને ટોપની શરૂઆત

**ફક્ત રૂા. ૫૦૦/- થી...**

**દરેક શૈલી અને પ્રસંગો માટે દરેક સાઇઝ (મોટી સાઇઝ) ના ડિઝાઇનર એથનીક અને ઇન્ડો વેસ્ર્ટનની વિશાળ પસંદગી માટે એકમાત્ર સ્થળ.**

*Let the celebrations begin in style, your way!*



- Bhatiawadi Hall, Ghatkopar (East)
  10th to 13th Sep. Wed to Sat - Cabin No: 16
- Shaadi & Sakhi Exhibition - Tiptop Plaza, Thane
  12th & 13th September - Cabin No.49
- Shaadi Sakhi Exhibition - Lavender Bough, Ghatkopar (E)
  16th & 17th September - Tue. /wed. - Cabin No. 14
- Jiwo Exhibition - Manav Seva Sangh, Sion
  18th September - Cabin No.13
- Shaadi Sakhi Exhibition - WITTY Int. School, Borivali (W)
  19th, 2oth & 21st September - Cabin No.58
- Sparsh- KVO Mahajanwadi ( Chinchpokli)
  10th & 11th October - Cabin No. B-4

Shop **online** from the comfort of your home at

**mihaar.in**

OR

Visit us at our studio for a curated, one-on-one shopping experience at
**A36, Shri Ram Industrial Estate, 13 G. D. Ambekar Marg, Wadala West, Mumbai – 31**

**We also Customise (on appointment) to give a perfect fit and express your style.**

Operational Day and Time : **Monday to Saturday / 11am to 7pm**

**Contact**
**99671 90361**
mihaarstories
www.mihaar.in

Advt.




PAWANDHAM (KANDIVALI)



ZALAWADI SANATORIUM (DEOLALI)

## Why Rising Sun Electric?

- LATEST TECHNOLOGY PANELS
- MAXIMUM GENERATION EFFICIENCY
- REC CERTIFIED
- EXPERIENCED PROFESSIONALS (7+ YRS)
- SUPPLY, INSTALLATION, TESTING, COMMISSIONING IN ONE ROOF
- NO SUB-CONTRACTORS




# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future-----

Shop No. 8, Somaiya Chambers, Arvind Khatri Showroom, S. V. Road, Malad (W), Mumbai - 400 064.

**Contact us : 7021213467**

Email : risingsunelect@gmail.com | Website : www.risingsunelect.com

Advt.

# મૂઈ રે આવી શૂળ !

હરિશ્ચંદ્ર

અમે એક સગાંને ત્યાં જમીને પાછાં ફરી રહ્યાં હતાં. રાતના દસેક વાગ્યા હશે. બજારની દુકાનો તો બધી બંધ થઈ ગઈ હતી. પરંતુ પાનના ગલ્લા, ખાણી-પીણીની સ્ટૉલ વગેરે ખુલ્લા હતા. ઑપન એર રેસ્ટોરાંની રોનક તો ઓર જ હતી ! આજકાલ તો કાર ઊભી રાખીને કારમાં બેઠાંબેઠાં જ ખાવા-પીવાની ફૅશન બહુ ચાલે છે. મેં પણ કાર ઊભી રાખીને આઈસક્રીમ ખાધું. કૉલ્ડ્રીંક પીધું. હવે કસર રહી હતી માત્ર પાનની. હું ઊતરીને પાન લેવા ગયો. પાન ખાધું અને પત્ની માટે પાન લઈને પાછો ફર્યો ત્યારે એક બુઢ્ઢો વાંસની ત્રણેક ટોપલી લઈને પત્ની પાસે હાથ પસારીને ઊભો હતો. મેં તેના તરફ કશું ધ્યાન આપ્યા વિના ગાડીમાં બેસીને ગાડી સ્ટાર્ટ કરવા માંડી.

''આને કાંઈક દઈ દો ને ! બિચારો કીધા કરે છે કે ભૂખ્યો છું !'' – પત્ની બોલી.

''કોઈ ભૂખ્યું-બૂખ્યું નથી હોતું. એ તો ભીખ માગવાનું બહાનું'' – કહી મેં ગાડી રિવર્સ કરી.

''કાંઈક આપો ને ! જુઓ, એ રડે છે.''

મેં જોયું, એ ટોપલીઓ નીચે મૂકી નાના બાળકની માફક રડતો હતો. 'અરે, આ તો બધા ઢોંગ કરતા હોય છે ઢોંગ !' – કહી મેં ગાડી મારી મૂકી. જોકે પચાસ -પંચાવનના એક બુઢ્ઢાને આવી રીતે રડતો જોઈ હું પણ અંદરથી થોડો હાલી તો ઊઠ્યો હતો. હું તેને કાંઈક આપી શક્યો હોત – આપવા માગતો હતો – પણ હવે તો ગાડી ઘણી આગળ નીકળી ચૂકી હતી. પરંતુ ઘરે પહોંચતાં-પહોંચતાં મને થયું કે એ બુઢ્ઢો મને ચીપકીને મારી સાથે-સાથે જ ચાલ્યો આવ્યો છે !

કપડાં બદલીને હું ટીવી સામે બેઠો, પણ મન લાગ્યું નહીં. ટીવી બંધ કરી દીધું. એક પુસ્તક લઈને પથારીમાં પડ્યો, પણ વાંચવામાં ચિત્ત ન ચોંટ્યું. બુઢ્ઢાનો આંસુભર્યો ચહેરો વારંવાર આંખ સામે



આવતો રહ્યો. બળ્યું, મેં એને એકાદ-બે રૂપિયા આપી દીધી હોત તો આવી નોબત તો ન આવત !

રૂપિયો... તેનું તો મેં પાન ચાવીને થૂંકી નાખ્યું હતું... રૂપિયો શું, બે રૂપિયા જેટલું કૉલ્ડ-ડ્રિંક તો મેં બાટલીમાં રહેવા દીધું હતું... રૂપિયો શું, પાંચ રૂપિયા તો મેં વેઈટરને ટિપમાં આપી દીધા હતા. ત્યારે રૂપિયો-બે રૂપિયા બુઢ્ઢાને બાળ્યા હોત તો ?

ક્યારેક મને મારા ઉપર ગુસ્સો આવતો હતો, ક્યારેક બુઢ્ઢા ઉપર. કોઈ ને કોઈ રીતે મેં મનને મનાવવાની કોશિશ કરી. અરે, હવે તો ભીખ પણ ધંધો થઈ બેઠો છે. એનો કોઈ ઠેકેદાર હશે, ગાડીમાં અહીં મૂકી ગયો હશે અને હવે પાછો લઈ ગયો હશે ! કોને ખબર, અત્યારે તો એ કોઈક હોટેલમાં બેઠો મજાનો ખાઈ રહ્યો હશે !.... પણ ફરી પેલો આંસુભર્યો ચહેરો આંખ સામે આવી જતો અને મને બેચેન કરી મૂકતો.

આ બેચેનીમાંથી છૂટવાનો એક જ ઉપાય હતો કે ફરી તે જગ્યાએ જઈ હજી એ ભૂખ્યો હોય તો તેને કાંઈક ખાવાનું આપી આવું. છેવટે હું ગાડી લઈને નીકળ્યો. રસ્તામાં વિચારનું ચકડોળ ચાલ્યું. એક ઝૂંપડી છે. તેમાં એની બીમાર પત્ની ખાટલામાં પડી ખાંસી રહી છે. દવા લાવવા પૈસા નથી. તેની નાનકડી દીકરીએ સરસ મજાની વાંસની ટોપલીઓ બનાવી છે. પણ હવે આવી ટોપલીઓ કોઈ લેતું નથી. એ ટોપલીઓ લઈ શહેરમાં વેચવા નીકળે છે. બસના પૈસા નથી એટલે ચાલતો જ જાય છે. પણ એના મનમાં છે કે ટોપલીઓ વેચાશે તો તેના પૈસામાંથી પત્ની માટે દવા અને દીકરી માટે કાંઈક ખાવાનું લઈને બસમાં જ પાછો આવશે. પણ ટોપલીઓ તો કોઈ લેતું નથી. રાત પડી ગઈ છે. પોતે કાંઈ ખાધું નથી. લાચારીથી હાથ લંબાવે છે, 'હું ભૂખ્યો છું...'

- મારું મન આવા ચકડોળે ચઢ્યું હતું. તેવામાં પેલું સ્થળ આવી ગયું. બુઢ્ઢાનો ચહેરો ફરી આંખ સામે આવે છે. હું આસપાસ જોઉં છું. ક્યાંય એ બુઢ્ઢો જણાતો નથી. કારમાંથી ઊતરી ચારેકોર થોડું ફરી આવું છું. બે-ત્રણ હોટેલમાંયે ડોકિયું કરું છું - ક્યાંક એને ખાતો જોઉં તો મને અંદર ને અંદર ભોંકાતી શૂળ દૂર થાય. બગીચામાં ને ફૂટપાથ ઉપર પણ મેં એને શોધી જોયો. પરંતુ એ ક્યાંય નહોતો.

હું ઘરે પાછો ફર્યો. રાત મારી બહુ ખરાબ

ગઈ. શું ખરેખર એ ભૂખ્યો હતો ? ભૂખનું દરદ જ શું એની આંખોમાંથી વહેતું હતું ? રાતભર મને વાહિયાત સપનાં આવતાં રહ્યાં.

સવારે ઑફિસે જતાંય મેં પેલા રસ્તે લાંબું ચક્કર લગાવ્યું - ક્યાંય પેલો બુઢ્ઢો દેખાય છે ? ઑફિસમાં યે એના વિચાર આવતા રહ્યા. સાંજે ઑફિસેથી આવતાં યે રસ્તે નજર કરતો રહ્યો - કદાચ એ ક્યાંક દેખાઈ જાય, અને બે-પાંચ રૂપિયા આપી દઈને હું મારી બેચેનીથી છુટકારો પામી શકું. પણ એ ક્યાંય નજરે ન ચઢ્યો તે ન જ ચઢ્યો.

બે-ચાર દિવસ થઈ ગયા. હવે મને તેના પર ગુસ્સો આવવા લાગ્યો. મૂર્ખ માણસ ! આટલી ઉંમર થઈ, છતાં તને ખબર ન પડી કે દુનિયા ક્યાંની ક્યાં નીકળી ગઈ છે ! આખરે તેં આટલાં વરસો કર્યું શું ? હજી યે તું ભૂખ્યો સબડે છે ? હવે તો કવિઓએ આવી વાત પર કવિતા લખવાનું છોડી દીધું છે અને વાર્તાકારોએ વાર્તા લખવાનું. એકવીસમી સદીમાં ભૂખનું અસ્તિત્વ તે હોતું હશે ? હવે તો દુનિયા કેટલી બધી આગળ વધી ગઈ છે ! તું હજી ત્યાંનો ત્યાં રહ્યો ? - મને આવી રીતે કોસવા માટે ? આવી રીતે પીડવા માટે ?

અરે, મૂર્ખ બુઢ્ઢા ! તારા વાળ કાળા મટીને ધોળા થઈ ગયા, પણ તું તારી સ્થિતિ પલટી ન શક્યો ? કોઈ ધંધોધાપો તેં ન કર્યો ? કોઈની લાગવગ લગાડી સરકારી નોકરીમાં તું ઘૂસી ન ગયો ? તો મર ભૂખે ! તેમાં શું મારી એકલાની જવાબદારી છે ?

ધીરે ધીરે હું નફકરો થઈ જવા પ્રયત્ન કરતો રહ્યો. છતાં વચ્ચે વચ્ચે એ બુઢ્ઢો યાદ આવી જતો. ત્યાં એક દિવસ મેં છાપામાં વાંચ્યું – એક અજાણ્યો બુઢ્ઢો બસ નીચે આવી જઈને ચગદાઈ મર્યો. જોકે તેમાં ટોપલીઓનો ઉલ્લેખ નહોતો, પણ મેં એમ માની લેવામાં જ ગનીમત માની કે તે એ જ બુઢ્ઢો હતો. મને દુ:ખ જરૂર થયું, પણ પછી હું નિશ્ચિંત થઈ ગયો કે આખરે છેલ્લા ભૂખ્યા માણસે આ દુનિયામાંથી વિદાય લીધી. જોકે હજી ક્યારેક કોઈક જૂના ઘાવની જેમ મને ભીતર કાંઈક શૂળ ઊપડી આવે છે ખરું !

*(પાકિસ્તાની લેખિકા મંશા યાદની ઉર્દૂ વાર્તાને આધારે)*

---

# પાર્સલ....

**અશોક વાણિયા**

સવારના સાડા સાતથી આઠ વચ્ચે એક છોકરી ઇ-સ્કૂટી લઈને આવે. મારા પાડોશીની દીકરીને 'અવનીબેન .. પા ર્સલ ... ' નો અવાજ મારીને છોકરી દરવાજો ખખડાવે.

એનો લગભગ મારી લાઇનમાં પાર્સલ આપવાનો ટાઈમ સવારના સાડા સાતથી આઠ વચ્ચેનો. હું લગભગ આ ટાઈમે કાયમ બ્રશ કરતો હોઉં કે દાઢી કરતો હોઉં. એ છોકરી મારી સામે જોઈને ગુડ મોર્નિંગની આપ - લે કરે. એની સ્કુટી પર મો ટા થેલા, આગળ પેસેજમાં નાનાં મોટાં પાર્સલ મૂકેલા હોય. હંમેશાં એના મોઢા પર ઓઢણી બાંધેલી હોય. એનો ચહેરો મેં ક્યારેય જોયો નથી. એણે ઈસ્ત્રી વગરનાં સાદા કપડાં પહેરેલાં હોય. પગમાં સાદા ચંપલ હોય.

જોબમાંથી નિવૃત્ત થઈ ગયા લાગો છો. '..વાતવાતમાં એણે જણાવી દીધું કે, ... તે પાછળના વિસ્તારની ચાલીમાંથી આવતી ને કોલેજમાં અભ્યાસ કરતી છોકરી છે. કુટુંબમાં તેની માતા અને પોતે એક



દીકરી છે. કોરોના કાળમાં ભાઈ અને પપ્પા ગુમાવી દીધા છે. માતાને પણ અસ્થમા છે. લગભગ પથારી વશ છે. સવારના સાડા ચારે ઊઠીને માતાની શૌચક્રિયાથી લઈને નવડાવાનું કામ કરીને, ચા - નાસ્તો કે દવા આ પીને પોતે સાત વાગ્યા સુધીમાં તૈયાર થઈને ગોડાઉનમાં થી - ઈ-પા ર્સલ મેળવી ને સાડા આઠ વાગે તો પાર્ટીને પાર્સલની ડિલિવરી આપવા નીકળી જવાનું.

દિવાળી કે કોઈ ખાસ તહેવારોમાં તો ક્યારેક રાતના આઠ પણ વાગી જાય. આ છોકરીની કામ કરવાની ધગશ એટલી બધી છે કે ક્યારેક પંદર હજાર તો ક્યારેક અઢાર હજાર મહિને કમાઈ લે છે. દિવાળીની સિઝનમાં એને ફુરસદ પણ હોતી નથી. મારી દીકરીની ઉંમરની આ છોકરીના કામને જોઈને મને થયું કે, એના માટે બે જોડી સારા - મોઘા ડ્રેસ લઈ આપું. ઓનલાઈન ઓર્ડર આપ્યો. મને થયું કે આ છોકરી જ પાર્સલ આપવા આવશે એટલે એને એ પાર્સલની સાથે મીઠાઈનું બોક્સ દિવા ળીના આશીર્વાદ રૂપે આપી દઈશ.

મા રા નામનું પાર્સલ કોઈ છોકરો લઈને આવ્યો. મેં પૂછયું : 'દરરોજ તો એક છોકરી આવે છે આજે તું કેમ આવ્યો ?

'આજે એનો એક્સિડન્ટ થયો છે, ......હવે એ નહિ આવે.વે.!! સમય પણ કમાલ કરે છે. હું વિ ચારતો જ રહી ગયો . છોકરીનું પાર્સલ મારા હાથમાં જ રહી ગયું !

❖❖❖

# અભરામની ટેલ

મકરન્દ દવે

**બા**વા અભરાય યહૂદીઓનો આદિ વડવો. જેટલો જોરાવર એટલો જ જિગરનો મુલાયમ. હાથ જાણે લોઢાના, તો હૈયું મીણનું. પારકું દુ:ખ કે વિપદ દેખી ઓગળી-પીગળી જાય. અભરામ જેવી જ તેની સ્ત્રી સારાહ પણ ભલીભોળી. બંને ખુલ્લા મેદાનમાં તંબૂડી બનાવીને રહે, ઢોરઢાંખર ચરાવે અને પોતાને ત્યાં આવી ચડે તેની મન મૂકીને મહેમાનગત કરે.

એક વાર ભગવાન પોતે જ આવી ચડ્યા.

બપોરનો વખત હતો. અભરામ પોતાની તંબૂડીમાં બેઠો બેઠો ઝોકાં ખાતો હતો. અચાનક આંખ ખોલીને જુએ છે, તો સામેની ખજૂરીની છાયામાં ત્રણ જણ ઊભેલા - તેમાંય વચલા પુરુષના ચહેરા પરથી તો તેજતેજના ફુવારા ઊડે. અભરામ ઓળખી ગયો : ભગવાન અને તેમના ફિરસ્તા સિવાય આવા નૂરાની ચહેરા કોઈના ન હોય. અભરામ દોડ્યો; ભગવાનના ચરણમાં પડી કહે : ''આવ્યા, મારા નાથ ! આવી આછી-પાંખી ખજૂરીને છાંયે ઊભા ન રહેવાય, મહારાજ ! આવો, આવો, આ ગરીબની તંબૂડી હવે પાવન કરો.''

પણ ભગવાન જરા ઉતાવળમાં હતા. કહે, ''અભરામ, આ બાજુ નીકળ્યો'તો. તારી ભક્તિ જોઈને તને દર્શન દીધા વિના ન ચાલ્યું. પણ હવે હું જઈશ. મારે બહુ અગત્યનું કામ છે.''

અભરામ એમ ભગવાનને છોડે ? આડા હાથ દઈને ગળાના સોગન ખાઈ તેણે કહ્યું : ''પ્રભુ, રોટલો ને છાશ ખવરાવ્યા વિના હું તમને કોઈ કાળે જવા નહીં દઉં.'' અને પછી સારાહને બૂમ પાડી કહ્યું : ''સારાહ, પ્રભુના પગ ધોવા જલદી ગરમ પાણી કરી લાવ, અને ઊની ઊની રસોઈ ધમકારે બનાવી દે ! જો તો ખરી, આપણે ત્યાં પ્રભુ પધાર્યા !''

સારાહના હરખનો પાર ન રહ્યો. જલદી જલદી ઘંટી ફેરવીને તેણે તાજો આટો દળી લીધો. ટપાકે રોટલા ટીપી નાખ્યા. શેડકઢાં દૂધનાં છાલિયાં ભર્યાં. ખજૂરના ગોળનો રવો તૈયાર રાખ્યો. પાણીના કળશા ભરીને પાટલા નાખી એ તો ગાતી જાય :

*અચો મુંજા પીર સચ્ચા, રબ તાં રંધાણી,*
*રબ તો રંધાણી, પચ્યાં માંહી પ્રીત્યુનાં પાણી રે –*
*અચો મુંજા પીર સચ્ચાય*

ભગવાન તો આ પ્રેમ, આ હુલાસ, આ ઓળઘોળ થતી આવભગત આશ્ચર્યથી જોઈ રહ્યા. સારાહે ભગવાનનાં ચરણ પખાળ્યાં ને ઝટ ઝટ તેમને જમવા બેસાડી દીધા.

ભગવાને તો ઝટપટ ભોજન પતાવ્યું. અભરામ અને સારાહને અઢળક આશીર્વાદ આપ્યા. અને સોદોમ શહેરની દિશામાં મારમાર કરતા ચાલી નીકળ્યા. થોડે દૂર સુધી અભરામ ભગવાનને વળાવવા ગયો. એણે જોયું કે સોદોમ ભણી નજર કરતાં જ ભગવાનની ભ્રૂકુટિ ચડી જતી હતી. આંખમાંથી અંગારા ઝરતા હતા, અને બિડાયેલા હોઠ પુણ્યપ્રકોપથી કંપી ઊઠતા હતા. ભગવાને અભરામને અંતરની વાત કરી :

''સોદોમ અને ગોમોરાના શહેરીઓનો પાપનો ઘડો ભરાઈ ચૂક્યો છે. સાતમા આસમાનને ભેદીને તેમની રાડ મારે કાને આવી છે. આ બંને નાપાક શહેરોને હું ભસ્મીભૂત કરી નાખીશ. એક ઈંટ ઉપર બીજી ઈંટ નહીં રહેવા દઉં.''

ભગવાને ઝડપ વધારી અને અભરામને કહ્યું, ''તું હવે પાછો જા. તારું કામ ખોટી થતું હશે.''

સોદોમના સત્યાનાશની આગાહી સાંભળી અભરામનું કાળજું ફફડી ઊઠ્યું. તે પાછો જવાને બદલે ભગવાનની વધુ નજીક આવ્યો ને ગળગળે સાદે બોલ્યો :

''પ્રભુ, સોદોમમાં બધા જ કાંઈ પાપી થોડા હશે ? એમાં પચાસ જણ સારા નહીં હોય ? અને હરામખોરોની જમાત ભેળા આવા સાચદિલ ને સાફદિલ પણ હોમાઈ જાય, તે કાંઈ ચૌદ બ્રહ્માંડના ધણીનો ન્યાય કહેવાય ?''

આ સાંભળી ભગવાન ઊભા રહી ગયા. અભરામને ખભે હાથ મૂકી બોલ્યા : ''સોદોમમાં પચાસ સારા માણસ હશે, તો તેમને ખાતર હું આખા નગરને જતું કરીશ, જા !''

પણ અભરામ આઘો ન ખસ્યો. તેણે ભગવાનને ચરણે પડી કહ્યું, ''પ્રભુ, હું તો તમારા પગની રજ પણ નથી. પણ બે વેણ કહું તો બેઅદબી માફ કરશો. એ પચાસ માણસમાંથી પાંચ જ ઓછા નીકળશે, તો પણ તમે સોદોમને ખતમ કરી નાખશો ?''

ભગવાને કહ્યું, ''ભલે, પિસ્તાલીસ જેટલા નેક ને પાક આદમી હશે તો તો હું સોદોમનો સંહાર નહીં કરું.''

અભરામે અત્યંત નરમાશથી પૂછ્યું, ''પ્રભુ એવા વીસ માણસો મળે, તો એ બીજા ભેળા બળીને ભડથું થઈ જશે ?''

''નિર્દોષ ને નિષ્પાપ વીસ માણસો પણ મળે તો આખા સોદોમને ઊની આંચ નહીં આવે.'' ભગવાને અભરામને આશ્વાસન આપતાં કહ્યું.

અને પછી અત્યંત લાડથી મરક મરક હસતાં અભરામે ભગવાનને વિનંતી કરી

: ''અને પ્રભુ, દશ ?''

''અને પ્રભુ, દશ ?''

માનવજાત પ્રત્યેની અભ્રામની અપાર કરુણા જોઈ ભગવાન પણ હસી પડ્યા. તેમણે પ્રસન્ન થઈને કહ્યું : ''જા, એ દૈવતવાળા દશને ખાતર પણ આખું સોદોમ ઊગરી જશે. ''

આટલું કહી ભગવાન વીજળીવેગે સોદોમની દિશામાં અદશ્ય થઈ ગયા.

અને એ વિશાળ શહેરના આભ ઊંચા મિનારા પર નજર નાખી અભ્રામે પોકાર કર્યો : ''સોદોમના શહેરીઓ ! તમારામાંથી દસ તો માઈના પૂત નીકળો ! માનું ધાવણ ન લજાવે એવા દસ ધરમવીરની પણ તમારામાં ખોટ પડી ગઈ ? વધારે નહીં – હજારોમાંથી દસ જ હાડસાચા આદમી હશે, તો તમને બચાવવા માટે એ બસ થઈ પડશે.''

અભ્રામનો એ સાદ આજે પણ આકાશમાં ઘૂમરી ખાઈ રહ્યો છે.

❖❖❖

---

## ન બોલ્યામાં નવ ગુણ

**એ**ક નવદંપતી હતું. તેમનો એક પણ દિવસ ઝઘડા વગર કે લડ્યા વગર ખાલી ન જાય. હંમેશાં જ્યારે પતિ-પત્ની ઘરે હોય ત્યારે ઝઘડાનું વાતાવરણ ઘરમાં રહેતું. પત્નીએ બનાવેલી રસોઈ પણ એમની એમ પડી રહે. પતિ-પત્ની બંને દુઃખી દુઃખી રહેતાં હતાં. એક દિવસ પેલી સ્ત્રી એની પડોસણ પાસે ગઈ ત્યારે પડોસણે કહ્યું, ‘બેન, તારા ઘરમાં હંમેશાં કકળાટ કેમ થાય છે ?’ જવાબમાં સ્ત્રીએ કહ્યું : ‘બહેન, મારા પતિનો સ્વભાવ બહુ જ ખરાબ છે. જ્યારે ને ત્યારે તે મારી સાથે લડ્યા જ કરે છે. અને તેથી કરીને તેઓ પણ જમતા નથી, હું પણ જમતી નથી ને પ્રેમથી કરેલી બધી રસોઈ છેવટે નકામી જાય છે. તો હું શું કરું ?

પડોસણ સ્ત્રી કહે : ‘અરે એમાં તે શી મોટી વાત છે ? મારી પાસે એક અદ્‌ભુત દવા છે. જ્યારે તારા પતિ તારી સાથે ઝઘડો કરે ત્યારે એ દવા તારા મોઢામાં તારે મૂકી દેવી, બસ એ તરત જ ચૂપ થઈ જશે.’

પડોસણે તો એક બોટલ ભરીને દવા આપી. પતિએ ઘરમાં પગ મૂકતાં જ ઝઘડવા માંડ્યું કે તરત જ પત્નીએ પેલી દવા મોંમાં મૂકી દીધી. પત્નીના મોઢામાં દવા હોવાથી કંઈ બોલે નહીં. પતિએ બે-ચાર મિનિટ ગુસ્સો કર્યો પછી શાંત થઈ ગયો. પતિએ શાંતિથી જમી લીધું પત્ની કંઈ જ બોલી નહિ. બે ત્રણ વાર આવું કરતાં તેને સફળતા મળી. પતિનો ગુસ્સો ઘણો ખરો શાંત થયો. ત્યારે રાજી થઈને દોડતી દોડતી તે પડોસણની પાસે ગઈ, કહેવા લાગી : ‘બહેન તારી દવા તો ખરેખર અજબ છે. એમાં તું કઈ કઈ ચીજો નાખે છે ? જો મને બતાવો તો હું પણ બનાવી લઉં.’



‘બહેન’, પડોસણ હસતાં હસતાં બોલી, ‘બોટલમાં પાણી સિવાય બીજું કશું જ ન હતું. ખરું કામ તો તારા મૌનવ્રતે જ કર્યું. મોંમાં પાણી ભરવાથી તું બોલી ન શકી ને તેથી તું શાંત રહી. તારા પતિનો ક્રોધ પણ ચાલ્યો ગયો. બસ, એક મૌનવ્રત બધાં દુઃખનો નાશ કરે છે. જેઓ બોલતા નથી તેમનો ગુસ્સો શાંત થઈ જાય છે. ગુસ્સાનું ઓસડ મૌન છે, શાંતિ છે. ન બોલ્યામાં નવ ગુણ.’

**– નીલેશ મહેતા**

## જગતને જોવાની મજા

**રે**લગાડીમાં સફર કરતા એક માણસ અને તેના નાના પુત્રની પાછળની બેઠકમાં હું બેઠી હતી. પાટાની બેઉ બાજુ જે દશ્યો પસાર થતાં હતાં તેમાં એ છોકરાને ખૂબ રસ પડતો હોય એમ લાગ્યું, ને પોતે જે કાંઈ જુએ તેનું વર્ણન એ પિતાને મોઢે સતત કરતો જતો હતો. એક નિશાળના ચોગાનમાં રમતાં બાળકોની વાત એણે કરી, એક વોંકળામાં પડેલા પથ્થરોની વાત કરી અને પાણી પર પડતાં સૂરજનાં કિરણો વર્ણવ્યાં. વચમાં, એક માલગાડીને જવા દેવા માટે અમારી ગાડી ઊભી રહી ત્યારે, એ ભારખાનાના દરેક ડબ્બામાં શું શું હશે તેની અટકળ એણે ચલાવી. એમને ઊતરવાનું સ્ટેશન નજીક આવતું ગયું તેમ તેમ તો એ છોકરાની ખુશાલી વધતી ચાલી. સફરને અંતે આગલી બેઠક પર જરા નમીને પિતાને મેં કહ્યું : ''એક બાળકની આંખો મારફત જગતને જોવામાં કેવી મજા આવે છે - નહીં ?''

સ્મિત કરીને એમણે જવાબ વાળ્યો : ''હા, બહુ જ. એ એક જ રીતે આપણે જગતને જોઈ શકીએ તેમ હોઈએ, તો તો ખાસ.'' એ અંધ હતા.

# પણ પપ્પા તો હવે નથી !

ફાલ્ગુની વસાવડા

મંદિરા મેડમ આવ્યાં ! મંદિરા મેડમ આવ્યાં ! એમ કરીને સીસ્ટર નિવેદિતા સ્કૂલના ફર્સ્ટ સ્ટાન્ડર્ડ નાં બધા જ બાળકો ચિચિયારી કરવા લાગ્યા. ગર્લ હોય કે બોય સૌનાં ફેવરિટ ! પણ શું કામ ન હોય ! કારણ કે એની ભણાવવાની રીત સાવ જુદી, જાણે કે રમત રમાડતાં હોય એમ બધું ભણાવે અને પાછાં કોઈ ને ન ? આવડે તો એને જરા પણ ખિજાયા વગર ફરી સમજાવે, અને પાછાં વીકમાં બધાને એક એક વખત આખા ક્લાસને મોનીટરીંગ કરવાનો ચાન્સ પણ આપે. બીજું એનો દેખાવ પણ અત્યંત સુંદર, એની વાક્ છટા અદભૂત ! એની સ્ટાઈલ જોરદાર અને ડ્રેસિંગ સેન્સ તો લાજવાબ ! ઉપરથી કુદરતે પણ ગજબનું રુપ આપ્યું હતું કે જે કંઈ પહેરે દીપી ઉઠે !

આજે સેટર ડે હતો ! અને દર રવિવારે એ બાળકોને રજાનો ઉપયોગ કરવા માટે એક નવીન પ્રોજેક્ટ આપતા એમાં ઋતુ પ્રમાણે પણ ઘણું આવતું, અને તહેવારોની ખાસિયત વિશે બાળકો જાણે, એટલે એવું બધું પણ સામેલ હોય ! આ ઉપરાંત દેશ માટે પોતાના જાનની બાજી લગાવનાર જવાનો અને શહીદો કે ગાંધી સરદાર જેવા નેતાજીની વાત એ પોતાના વિદ્યાર્થીઓને ભણાવતા હતાં. આજે એમણે ક્લાસમાં એન્ટર થયા પછી આખાં ક્લાસને સંબોધતા કહ્યું કે આવતી કાલે શું છે ! બધા જ બાળકો એક સાથે બોલ્યાં, હોલી ડે ! સન ડે ! એ તો બરોબર પણ યાદ કરો કંઈક બીજું ! કોઈ બોલ્યું પ્રોજેક્ટ ડે ! પણ તોય એમણે એ તરફ ધ્યાન ન આપ્યું જાણે કે એ જવાબ ખોટો હોય ! ત્યાં જ ડોલીને યાદ આવ્યું કે સવારે એની મમ્મી એના નાના ના ફોટા પાસે ઉભી રહી એને જોઈ જોઈને રડતી હતી. એણે પુછ્યું તો કહ્યું કે, આવતી કાલે ફાધર્સ ડે છે, અને તારા નાનાજી નથી, એટલે મને રડવું આવે છે, મને એની બહુ યાદ આવે છે. એટલે એણે કહ્યું મેડમ કાલે તો ફાધર્સ ડે



છે ! એમ આઈ રાઈટ ? મંદિરા એ કહ્યું યસ યુ આર એબસ્યુલિટલી રાઈટ ! એની વન નો એબાઉટ ઈટ ! ત્યાં તો બે ત્રણ જણા એ હાથ ઉંચા કર્યા અને કહ્યું યસ આજે મારી દીદી મારા પપ્પા માટે ગીફ્ટ લાવવાનાં છે ! અને બાદલ એ કહ્યું માય બીગ બ્રધર્સ ઓલ સો પરચેસ ધ ગીફ્ટ ! મંદિરા એ કહ્યું બટ વ્હાય પીપલ સેલિબ્રેટ ફાધર્સ ડે ? નથી ખબર તો ચાલો આજે હું તમને એની વાત કરું !

આમ તો આ ફાધર્સ ડે ઉજવવાની પ્રથા આપણી ઈન્ડિયાની પ્રણાલી નથી, પણ તે છતાં કલકત્તા મુંબઈ બેંગલોર દિલ્હી પૂના હૈદ્રાબાદ અમદાવાદ સુરત વડોદરા જેવા મેટ્રો સીટીમાં હવે થાય છે. આ ઉપરાંત દુનિયામાં ઘણાં દેશ અમેરિકા કેનેડા યુરોપ ઓસ્ટ્રેલિયા પાકિસ્તાન જેવા કેટલાયમાં જોવા મળે છે. પણ સૌ પ્રથમવાર વર્જીનિયામાં ૬ ડીસેમ્બર ૧૯૦૭ માં સૌ પ્રથમવાર ફાધર્સ ડે ઉજવવામાં આવ્યો હતો. એનું કારણ એ હતું કે એક ખાણ એક્સીડન્ટમાં ૨૫૦ પિતા એકસાથે મૃત્યુ પામ્યા હતા એને માન સન્માન અપાયું હતું. પણ પછીથી અમેરીકન પ્રેસિડેન્ટ નિક્સન એ આ નિમિત્તે જૂન મહિનાના ત્રીજા રવિવારે ફાધર્સ ડે ઉજવવામાં આવે છે. આ ઉપરાંત એક નાની એવી ગુડિયાની મમ્મી ગુજરી જાય છે અને એનાં પિતા એને ખૂબ પ્રેમથી ઉછેરી એટલે એને થયું કે લોકો મધર્સ ડે ઉજવે છે તો ફાધર્સ ડે પણ ઉજવવો જોઈએ અને આમ આ ૧૯૧૭ થી ઉજવવાનું શરું થયું ! તમે બધાં પણ આવતી કાલ તમારા પપ્પાને વિસ કરજો, અને એ તમારી માટે ખાસ છે એવું જતાવજો ! અને તમે બધાંએ મન ડે નાં પોતપોતાના ડેડી, પપ્પા માટે શું શું કર્યું કે કહ્યું એની અપડેટ આપશો, એ તમારા બધાનો આ વખતનો પ્રોજેક્ટ છે સમજ્યા ! બધાં જ બાળકો એ મંદિરા મેડમની વાત સાંભળીને તાળી પાડી. પરંતુ શ્રદ્ધા નામની એક નાનકડી એવી બાળકી આ બધું સાંભળીને ઉદાસ થઇ ગઈ હતી, અને એની આંખો આંસુઓથી ભરેલી હતી. ક્લાસ પૂરો થયો અને સ્કૂલ ટાઈમ પણ પૂરો થયો બધા જ બાળકો બાય મેડમ, લવ યુ મેડમ કરીને

પોતપોતાના વાહન તરફ દોડ્યાં, પણ શ્રદ્ધાને જાણે કોઈ ઉતાવળ ન હોય એમ એક જગ્યાએ બેઠી હતી અને રડતી હતી. મંદિરા એ એને ઉદાસ જોઈ ત્યારથી જ એ તેનું દર્દ જાણી ગઈ હતી કારણ કે એ પણ આવાં જ દર્દને અનુભવી રહી હતી.

મંદિરા શ્રદ્ધાની નજીક બેસી ગઈ અને એના માથે હાથ મૂકીને કહ્યું બેટા શું થયું ? કેમ રડવું આવે છે ? એણે રડતાં રડતાં જ કહ્યું મેડમ એ તો નથી, હવે હું શું કરું ? એ કોણ ? એણે તૂટક તૂટક શબ્દોમાં કહ્યું ડેડી ! ઓહ માય લવલી ડોલ ? એમ કહી, એણે એને ગળે લગાવી દીધી, અને કહ્યું કંઈ વાંધો નહીં, તું મારી સાથે ચાલ ! પણ તને કોણ તેડવા આવે છે ? એણે કહ્યું મમ્મી ! પણ આજે હજી કેમ નથી આવ્યાં ? મંદિરાનું વાક્ય પૂરું થયું ત્યાં જ સ્કૂલ ગેટ ખુલ્યો અને શ્રદ્ધાની મમ્મી અંદર પ્રવેશી. એણે શ્રદ્ધાની આંખમાં આંસુ જોયા ! એને થયું કે પડી હશે કે પછી કંઈ.. એણે પુછ્યું શ્રદ્ધા વોટ હેપન્ડ ? મંદિરા એ કહ્યું ઈટ ઈઝ માય મિસ્ટેક્સ ! આવતી કાલે ફાધર્સ ડે છે અને મેં ક્લાસમાં બાળકોને એનાં વિશે વાત કરી એટલે ઉદાસ થઈ ગઈ. ઉપરથી મેં પ્રોજેક્ટ પણ એને લઈને આપ્યો, એટલે દરેક પોતાના ડેડી સાથે કાલના દિવસે શું કરે છે, એ મન ડે નાં મને જણાવશે ! એટલે રડવા લાગી, અને મને કહ્યું મેડમ એ તો નથી હવે હું શું કરું ? સો આઈ એમ વેરી સોરી ! પણ મને એનું દુઃખ દૂર કરવું છે, જો તમે ઈજાજત આપો તો હું આજે એને મારી સાથે લઈ જાઉં ! એણે કહ્યું સોરી પણ આજે શ્રદ્ધા અને મારે એક પાર્ટી માં જવાનું છે, આમ તો ફેમિલી ગેટ ટુ ગેધર છે. એ દરમિયાન શ્રદ્ધાની મમ્મી સલોની એ તેને એક ચોકલેટ આપી અને એને થોડું સારું લાગ્યું એણે તેને ગાડીમાં બેસવા કહ્યું. પણ શ્રદ્ધા ગાડીમાં બેસવા ગઈ નહીં, એની મમ્મી એ કહ્યું બેટા ચાલ આપણે મોડું થાય છે ! પણ એનો ઈરાદો મંદિરા મેડમ સાથે જવાનો હતો, પણ એ બોલી શકતી નહોતી. મંદિરા આ વાત સમજી ગઈ, એણે કહ્યું શ્રદ્ધા મમ્મીની વાત માનવી એ ગુડ મેનર્સ અને આમ પણ તને યુનિફોર્મમાં આખો દિવસ ગમે નહીં, એટલે એમણે કહ્યું, બાકી એ ના થોડી પાડે ! એણે કહ્યું મમ્મી મને ખરેખર એ પાર્ટીમાં નથી આવવું ! ઓકે પણ અત્યારે તું ગાડીમાં બેસી જા, અને પછી હું તને તારા ઘરેથી પીક અપ કરી લઈશ ! એમ મંદિરા એ વાક્ય પુરું કર્યું, શ્રદ્ધા એ કહ્યું ગોડ પ્રોમિસ ? અને આ વખતે એની મમ્મી સલોની એ કહ્યું યસ ગોડ પ્રોમિસ ! એ દોડીને ગાડીમાં બેસી ગઈ.

મંદિરા એ સલોનીનો હાથ હાથમાં લીધો અને કહ્યું આપ જરા પણ ચિંતા ન ? કરશો, હું એનું પુરતું ધ્યાન રાખીશ,પણ ઈફ યુ ડોન્ટ માઈન્ડ ? એક અંગત સવાલ પૂછું, શ્રદ્ધા ના ડેડી.... એણે કહ્યું એ એરફોર્સ ના એક બહાદુર પાયલોટ હતાં અને સરહદ પર એક યુદ્ધમાં દુશ્મન તરફથી ફેંકવામાં આવેલ મિશાઈલથી એનું પ્લેન ક્રેશ થયું, અને એમનું મૃત્યુ થયું અને એ પણ એવું કે એની ડેડબોડી પણ મળી નહીં, એ હદે એ પ્લેનમાંનાં ચારેય જવાનો શહીદ થયા. ઓહ આઈ એમ સોરી ! ત્યારે શ્રદ્ધા કેવડી હતી ! બસ એક વર્ષ પહેલાંની આ વાત છે, એટલે એની સાંભરણ માંથી આ ઘટના જતી નથી, અને એમાં પણ એ દિવસે એનો બર્થ ડે હતો, એટલે એનાં ડેડીની કમી એને ન સતાવે, એટલે મેં એના ફ્રેન્ડ ને ઈન્વાઈટ કર્યા હતાં, અને બરોબર કેક કાપવાના સમયે જ આ ન્યૂઝ આવ્યાં. મંદિરા એ કહ્યું કે તો તો... પછી અટકી ગઈ, અને સલોની શ્રદ્ધાને કલાક પછી પીક અપ કરી જજો એમ કહી પોતાની ગાડી તરફ આગળ વધી.

એક કલાક પછી શ્રદ્ધા મંદિરાના લક્ઝેરિયસ એપાર્ટમેન્ટમાં હતી, અને મંદિરા મેડમ એને એટલા પ્રિય હતાં કે એ બાકીનું બધું જ ભૂલી ગઈ. મંદિરા એ પણ એને હળવી થવા દેવા માટે એની સાથે જુદી જુદી રીતે ટાઈમ સ્ટેન્ડ કર્યો કાર્ટુન જોયું, બુક વાંચી પઝલ સોલ્વ કરી, મેગી નૂડલ્સ અને કોફી વિથ આઈસ્ક્રીમની મજા માણી ! મંદિરા વિચારતી હતી કે આજના દિવસે શ્રદ્ધા ને મારી જરૂર છે એની કરતાં મને એની વધુ છે ! એને પણ એનાં પપ્પાની બહું યાદ આવતી હતી. અચાનક મંદિરા શ્રદ્ધાને મંદિરમાં લઈ આવી, અને પછી પુછ્યું શ્રદ્ધા યુ મિસ યુ યોર ડેડી ? તને એ ક્યારે ક્યારે યાદ આવે છે ? એણે કહ્યું કે આમ તો ડેડી ઘરે બહુ હોતાં નહીં, ? પણ જ્યારે જ્યારે મારા ફ્રેન્ડ ને એનાં ડેડી સાથે જોઉં ત્યારે મને એમ થાય કે મારે ડેડી નથી ! મંદિરા એ કહ્યું શ્રદ્ધા જો આ ફોટો કોનો છે ખબર છે તને ! આ મારાં ડેડી છે, તને ખબર છે એ પણ લશ્કર ના વડા હતાં, અને એ પણ જંગમાં શહીદ થયા અને બીજી વાત કરું, મારો તો ત્યારે જન્મ પણ થયો નહોતો, હું તો મારી મમ્મીનાં પેટમાં હતી ! બોલ મેં તો પપ્પાને જોયાં જ નથી ! મેં તો એને પહેલેથી ફોટામાં જ જોયાં છે. પણ તને ખબર છે તારા પપ્પા અને મારા પપ્પાને કારણે દેશના લાખો બાળકોના પપ્પા આજે જીવે છે. જો એ વખતે યુદ્ધમાં આપણે હારી ગયા હોત, અથવા એટલી જમીન પર દુશ્મનો એ કબજો કરી લીધો હોત તો ! તો કેટલાય બાળકો અનાથ થઈ જાત એટલે આપણે તો આપણાં પપ્પા પર પ્રાઉડ કરવાનું છે, હા સમજી શકાય કે, એ આપણી સાથે અત્યારે નથી, પણ એમણે આપણને લાઈફ નો ગોલ આપી દીધો છે, કે બીજા માટે જીવવું એ જ જીવન છે ! અચ્છા તું બતાવ તારે મોટા થઈને

શું બનવું છે ? એણે કહ્યું સાચું કહું અત્યાર સુધી તો મારે તમારી જેમ ટીચર બનવું હતું, પણ હવે મને પણ મારા પપ્પા જેમ એરફોર્સનાં પાયલોટ બનવું છે. પણ તમે કેમ ટીચર બન્યા ! મંદિરા એ હસતાં હસતાં કહ્યું તને પાયલોટ બનાવવા ! અને પછી કહ્યું માત્ર તને શું કામ દરેકને એની મંઝિલ સુધી પહોંચાડવા માટે ! મારી મમ્મી એ જ્યારે મારા પપ્પા વિશે કહ્યું, ત્યારે મને પણ તારી જેમ જ લશ્કરમાં દાખલ થવું હતું, પણ ડોકટરી રીતે એ શક્ય નહોતું કારણ મારા હૃદયમાં એક વાલ્વ નથી, અને એને કારણે હું એવું કાર્ય કરવા અસમર્થ હતી, પણ મમ્મી એ કહ્યું હતું કે તું ઉદાસ શું કામ થાય છે ! તું એક નહીં કેટલાયનાં દિલમાં દેશ માટે જજબાત ઉભા કરીને દેશપ્રેમ ને જાગૃત કરી શકે છે, સ્કોલરશીપ અપાવી કેટલાય ને ભણાવી શકે છે, અને હું મારા પપ્પાની બધી મિલકતને આ રીતે વાપરું છું. એટલે હવે યાદ રાખવાનું છે કે, મારા પપ્પા હીરો હતાં, અને એણે કેટલાયની આંખના આંસુ લુછ્યાં છે. હું તો કહું છું આપણને બંનેને મમ્મી રૂપે એક એક ગોડ ગિફ્ટ તો મળી હતી, જો સામે જે હોમ છે એમાં તો એકસાથે પચાસ બાળકોને મમ્મી પણ નથી અને ડેડી પણ નથી ! બોલ હવે તું ફાધર્સ ડે વખતે રડીશ કે પ્રાઉડ કરીશ ? એ કહ્યું કે પ્રાઉડ કરીશ અને તને કોઈ ખીજવે તો ! તો પણ હું માઈન્ડ નહીં કરું અને પછી મંદિરા શ્રદ્ધા સાથે મલ્ટી ફ્લેક્સનાં પ્લે હોમમાં ગઈ એને ખૂબ એન્જોય કરાવ્યું, અને છેલ્લે એને એના ઘરે મુકીને આવી, અને ઘરે આવ્યા પછી પપ્પા ના ફોટા પાસે ઉભી રહી, અને કહ્યું પપ્પા મેં ઠીક કર્યું ને ! અને હંમેશની જેમ એને સંભળાયું યસ માય ડિયર !!

❖❖❖

# બાંધી મુઠ્ઠી લાખની

**એ**ક સજ્જન માણસે બજારમાં એક બાઈ પાસે રસદાર આમળાં જોયાં, ભાવ પૂછ્યો અને ત્રીસ રૂપિયાનાં જોખાવ્યાં. તેમની પાસે છૂટા પૈસા નહોતા, એટલે તેમણે બાઈને કહ્યું કે મારી પાસે છૂટા પૈસા તો નથી, પણ પાંચસોની નોટ છે.' આમળાંવાળી બાઈએ કહ્યુ, 'કાંઈ વાંધો નહિ, ભૈલા ! મારી પાસેયે પાછા આપવા જેટલાં પૈસા નથી. તમતમારે આંબળાં લઈ જાવ, પછીથી આપી જજો.' બાઈ પાસે છૂટા પૈસા કદાચ ન પણ હોય એ તેમને સ્વાભાવિક લાગ્યું. તેણે બસમાં તુરંત પાછા ફરવું હતું, પણ મનમાં થયું કે અજાણ્યો છતાં વિશ્વાસ રાખીનને આ બાઈએ જરાય ખચકાયા વિના આમળાં આપી દીધાં તો મારે તેને પૈસા આપીને જ જવું, મનમાં ભાર રહ્યા કરે. બસ ભલે ચૂકી જવાય, ધરમ ન ચૂકવો. તેમ વિચારી ગામની કરિયાણાની દુકાનેથી કરીયાણું લઈ પાંચસોની નોટ વટાવી અને પછી પેલી બાઈ પાસે જઈને તેના ત્રીસ રૂપિયા આપી દીધા. બાકી ન રાખતાં હું તેમને તરત પૈસા આપી ગયો એની આ બાઈ કદર કરશે તેમ પેલા સજ્જન માણસના મનમાં હતું, ત્યાં બાઈએ કહ્યું કે, 'શીદને આંટો ખાધો, ભૈલા મારી પાસે છૂટા તો હતા જ ને.' એણે કેડેથી સાડલાનો છેડો કાઢી ગાંઠ છોડી તેમાં પૈસા મૂક્યા. પેલા સજ્જન માણસે કહ્યું, 'ભલી બાઈ, તારા પાસે છૂટા પૈસા હતા તો પછી મને શીદને રખડવા મોકલ્યો ?' પેલી બાઈએ કહ્યું, 'ભૈલા, આ ત્રીશ રૂપિયાની કિંમત ત્રીશ રૂપિયા જેટલી જ પણ માણસની બાંધી મુઠ્ઠી લાખ રૂપિયાની છે. હું છૂટા પૈસા કાઢું ને તમ જેવા સારા માણસ પાસેથી



પાંચસોની નોટ જ ન નીકળે તો ? પોતાની ભરમ જાળવી રાખવા ઘણા ઘરાક બાંધી નોટ હોવાનું કહે છે એ અમે જાણીએ પણ એમ કાંઈ ઘરાકની લાખ રૂપિયાની બાંઝી મુઠ્ઠી ઉઘાડી નખાય ? મારા ઘરાકનો ભરમ સાચવવો એ મારો ધરમ છે.' એનો જવાબ સાંભળીને પૈસા બાકી ન રાખ્યાનો સજ્જન માણસનો બધો ગર્વ ગળી ગયો. વગર મૂડીએ વેઠ કરી પેટિયું રળનારી આ બાઈ ઘસારો ખમીનેય ઘરાકની પ્રતિષ્ઠા જાળવવાની કેટલી ખેવના રાખે છે ? પૈસેટકે એ ભલે ગરીબ હતી પણ દિલની એ કેટલી અમીર હતી !

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.

Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM

Office Mobile No. 7208472884

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

Zalawadi Sabha Charitable Foundation
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>શ્રી નિરવભાઈ શાહ<br>9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>લોનાવલા<br>મિલનભાઈ<br>9860125136 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા<br>9860125136 |

સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.

**ઑક્ટોબર ૨૦૨૫ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫-૦૯-૨૦૨૫ પહેલા શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

Email : zalawadisabha@gmail.com

**ઑક્ટોબર ૨૦૨૫ ના અંક માટે કુલ ૮ કલર પેઈજ બુક થયેલ છે.**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024

પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે

**રવિવારે તકલીફ ન આપવી. સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**

**Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.**

# સમાચાર સંકલન

### શ્રી ઝાલાવાડી સ્થા. જૈન મિત્ર મંડળ – માટુંગા, સાયન

શ્રી ઝાલાવાડી સ્થા જૈન મિત્ર મંડળ - માટુંગા, સાયન દ્વારા સભ્યોને જ્ઞાન અને રોકાણ સંબંધી સમજમાં વૃદ્ધિ થાય તે હેતુથી વિવિધ પ્રકારના લાભદાયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આવી જ શૃંખલામાં એક નોંધપાત્ર સેમિનારનું આયોજન તારીખ ૨૨ મી જૂન ૨૦૨૫ના રોજ પેનિન્સ્યુલા બેન્કવેટ હોલમાં ''આજના વૈશ્વિક અને ભારતીય ઈકીવીટી માર્કેટના પ્રવાહ'' વિષય ઉપર ICICI AMC સંસ્થાના સહયોગથી કરવામાં આવેલ હતું. સેમીનારમાં ઉપસ્થિત મહેમાનો અને સભ્યોનું શ્રી રાજેશભાઈ ગોપાણીએ હાર્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે રોકાણ ક્ષેત્રમાં સતત બદલાતા પરિબળોને સમજવા માટે આ પ્રકારના જ્ઞાનવર્ધક કાર્યક્રમો સમયના વહેણ સાથે જરૂરી છે.

ICICI AMC ના રોકાણના નિષ્ણાત મુખ્ય વક્તા શ્રી હાર્દિકભાઈ દેવાણીએ સરળ ભાષામા સ્પષ્ટ ઉદાહરણ સાથે બે કલાકના વ્યક્તવ્યમાં વર્તમાન વૈશ્વિક આર્થિક પરિસ્થિતી, ભારતના બજારની સ્થિતિ, માર્કેટની ચાલ, મ્યુચ્યુઅલ ફંડ અને રોકાણના સાધનો અંગે ખૂબજ માહિતીપ્રદ અને સ્પષ્ટ સમજ આપતાં સ્લાઈડસ સાથે રજુઆત કરી હતી. ભવિષ્યમાં રોકાણ કરવાનું આયોજન કેવી રીતે કરવું, બજારમાં ઉતાર-ચઢાવ સમયે શાંતિ અને ધૈર્યથી કેવી રીતે ઉભા રહેવુ. લાંબા ગાળાના ધ્યેય માટે કઈ રીતે પોર્ટફોલિયાનું વિતરણ કરવું આવી અનેક મહત્ત્વની બાબતો તેઓએ ખૂબ જ સરળતાથી રજુ કરી હતી.

સરકારની મોનેટરી પોલિસી, વૃદ્ધિ અને મોંઘવારી વચ્ચે સંતુલનતા, મેક ઈન ઈન્ડિયા અને ડિજિટલ ઈન્ડિયાની દિશામાં પ્રયાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આગેકૂચ, સરકારી કંપનીઓનું ખાનગીકરણ તેમજ સ્ટાર્ટ-અપ અને ઉત્પાદન ઉદ્યોગો માટે કરમાં છૂટછાટથી લાંબે ગાળે સંપત્તિનું સર્જન થાય છે. તેથી બજારમાં પણ તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. અને રોકાણકારો માટે સારી તકો છે. નિયમિત નાની રકમની SIP (Systematic Investment Plan) દ્વારા લાંબા ગાળે સંપતિ બનાવવાનો શ્રેષ્ઠ વિકલ્પ છે, કંપનીઓના નફામાં વૃધ્ધિ, ઉજ્જ્વળ અર્થતંત્રના વિકાસની તકો અને મંદીનું ધીમું પડવું - આ ત્રણ તબક્કાને લીધે રોકાણ, ઉત્પાદન અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી ભારતનું અર્થતંત્ર અને માર્કેટ ઝડપથી વિકસી રહ્યાં છે. આવો વક્તાશ્રીના વ્યક્તવ્યનો સારાંશ હતો.

સભર પ્રેઝન્ટેશન બાદ સભ્યો માટે એક રસપ્રદ પ્રશ્નોત્તરી રાઉન્ડ (ક્વિઝ)નું આયોજન કરેલ હતું. અને સાચા જવાબ આપનાર સભ્યોને આકર્ષક ઈનામો પણ આપવામાં આવેલ. આ તકે મંડળના ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ જી. શાહે રોકાણ અંગે મહત્ત્વની સુચનાઓ સાથે જણાવ્યું હતું કે ફક્ત નફાની લાલચે નહિ, પરંતુ સમજદારીપૂર્વક, ગહેરાઈથી માહિતી મેળવીને સમયસર રોકાણ કરવું જોઈએ. કાર્યક્રમની પૂર્ણતાએ આભારવિધિ કરતાં પ્રમુખશ્રી પંકજભાઈ સંઘવીના ઉદ્‌ગારો હતાં, ''આવા કાર્યક્મો મંડળને વધુ મજબૂત બનાવે છે અને સભ્યોને જ્ઞાનપથ તરફ આગળ લઈ જાય છે. કાર્યક્રમના આયોજનને સફળ બનાવવામાં મંડળાના ઉપ-પ્રમુખ શ્રી સુરેશભાઈ શાહ, સેક્રેટરી હિતેશભાઈ ગોસલિયા અને રાજેશભાઈ ગોપાણીનો ફાળો મળેલ હતો. સેમિનારના અંતે ભોજનનું આયોજન પણ કરવામાં આવેલ હતું.

❖❖❖

## ''મારા હાથનો જ પીવો !''

ભક્તિબા તો સ્વામીનારાયણ સંપ્રદાયમાં ઊછરેલાં હતાં, પરંતુ દરબાર ગોપાળદાસ રાજા હતા ત્યારે દારૂના વ્યસનમાં ફસાયેલા હતા.

સાસરે આવ્યા પછી ભક્તિબાએ એક દિવસ દરબાર સાહેબ પાસે વાત રજૂ કરી કે, ''તમે મારું એક વચન ન રાખો ?'' દરબાર સાહેબે કહ્યું, ''જરૂર. બોલો, વચન રાખ્યું.''


ભક્તિબા બોલ્યાં : ''હું જાણું છું કે તમને દારૂની લત વળગેલી છે. તમારાથી એ છૂટે નહીં ત્યાં સુધી દારૂ તમે ભલે પીતા રહો; પણ તમારે તમારી મેળે કે બીજા કોઈને હાથે દારૂ ન પીવો, પણ મારા હાથનો આપેલો જ પીવો. આટલી મારી માગણી ન સ્વીકારો ?''

દરબાર સાહેબે પહેલેથી ''જરૂર'' તો કહ્યું જ હતું, એટલે આપેલા વચનમાંથી તે પાછા શાના ફરે ? પણ એમના મનમાં વિચાર આવ્યો કે, ભક્તિબા જેવાં, લસણ કે ડુંગળીને પણ ન અડકનાર ધર્મપરાયણ પત્નીને મારે કારણે દારૂનો સ્પર્શ કરવો પડે, એના કરતાં એવા દારૂને જ હું છોડું એ શું ખોટું ?

તે દિવસથી દરબાર સાહેબનો દારૂ ગયો.

**– બબલભાઈ મહેતા**

❖❖❖



# સત્ય બોલવાનું ઇનામ

દર્શાલી સોની

પ્રાચીનકાળની વાત છે, એક નગરમાં જબાલા નામની સ્ત્રી રહેતી. જબાલાનો એક પુત્ર હતો. તેનું નામ સત્યકામ હતું. જબાલા સત્યકામને ખૂબ જ પ્રેમ કરતી. રીવાજો મુજબ જબાલાએ પણ સત્યકામને ગુરુકુળમાં મોકલવાનું નક્કી કર્યું. ગુરુકુળમાં જતા પહેલાં સત્યકામએ જબાલાને પૂછ્યું, ''માતા ! ગુરુકુળમાં મને ગોત્ર વિશે પૂછવામાં આવશે. તો આપણું ગોત્ર કયું છે, તે મને કહો ને.''

સત્યકામનો પ્રશ્ન સાંભળીને જબાલા વિચારમાં પડી ગઈ. તે પુત્રને સત્ય કહેવું કે નહીં તે અંગે વિચારવા લાગી. અનેક ગડમથલ પછી જબાલાએ સત્યકામને કહ્યું, ''બેટા ! ખરેખર તો તું ક્યાં ગોત્રનો છે તે મને પણ ખબર નથી.''

સત્યકામએ જબાલાને પૂછ્યું, ''માતા ! શા માટે તમને મારા ગોત્ર વિશે ખબર નથી ?''

અત્યંત શરમ સાથે જબાલાએ જવાબ આપ્યો, ''સાચું કહું તો બેટા, હું પહેલા અનેક ધનવાન લોકોને ઘરે કામ કરતી. આ જ સમયમાં તારો જન્મ થયો છે. આથી મને પણ ખબર નથી કે તારું ગોત્ર કયું છે.''

સત્યકામ ચિંતિત થઈને બોલ્યો, ''પણ માતા ! ગુરુકુળમાં તો ગોત્ર વિશે પૂછશે જ. ત્યારે હું શું જવાબ આપીશ ?''

જબાલાએ કહ્યું, ''બેટા મને તો એટલી જ ખબર છે કે તું મારો પુત્ર છે અને હું તારી માતા છું. હવે કોઈ તને ગોત્ર વિશે પૂછે તો કહેજે કે તું ''સત્યકામ જબાલા નામક ગોત્રનો પુત્ર છો.''

આ રીતે નિશ્ચિંત થઈને સત્યકામ ગૌતમ મુનિના આશ્રમે પહોંચ્યો. તેણે ગૌતમ મુનિને કહ્યું, ''પૂજ્યવર ! મને તમારી પાસેથી શિક્ષા ગ્રહણ કરવી છે. તેમજ મારે તમારી સેવા પર કરવી છે. આ ઉપરાંત હું બ્રહ્મચર્યનું પણ પાલન કરીશ. આથી કૃપા કરીને મને આજ્ઞા આપો જેથી હું તમારો શિષ્ય બની શકું.''

આ વાત સાંભળી ગૌતમ મુનિ બોલ્યા, 'વત્સ ! પહેલા મને તારું ગોત્ર તો જણાવ, તારું ગોત્ર કયું છે ?''

સત્યકામને આ જ પ્રશ્નનો ડર હતો. અને મુનિવરએ ગોત્રનો જ પ્રશ્ન કર્યો. સત્યકામએ મુંઝાવાને બદલે સત્ય કહેવાનો નિર્ણય કર્યો. તેણે કહ્યું, ''મુનિવર, હું ક્યાં ગોત્રનો છું તે મને પણ નથી ખબર. અહીં આવતા પહેલા મેં મારી માતાને આ પ્રશ્ન કર્યો હતો. પરંતુ મારા માતા પણ મારા ગોત્ર વિશે કઈ જાણતી નથી. મારી માતાએ માત્ર એટલું કહ્યું કે તે યુવાનીમાં અનેક ધનિકોની સેવા કરતી ત્યારે મારો જન્મ થયો છે. આથી તેને સાચા ગોત્રની જાણ નથી. મુનિવર ! તમે મને 'સત્યકામ જબાલા' ગોત્ર તરીકે સ્વીકારશો ?''

ગૌતમ મુનિ સત્યકામની પ્રામાણિકતાથી ખૂબ જ ખુશ થઇ ગયા. તેણે સત્યકામને કહ્યું, ''પુત્ર ! હું તારાથી ખૂબ જ પ્રસન્ન થયો છું. સત્ય બોલવા માટે સાહસ જોઈએ. તું સાહસિક છે. આથી તું એક સારા ગોત્રનો જ પુત્ર હોઈશ. કારણ કે તું સત્ય બોલે છે. જા, હવનનો સમાન લઈ આવ. હું આજે જ તારો ઉપનયન સંસ્કાર કરી આપીશ. તે સત્યનો સાથ નથી છોડ્યો આથી હું જરૂર તને શિક્ષા આપીશ.''

ઉપનયન સંસ્કાર બાદ ગૌતમ મુનિએ સત્યકામને દુબળી-પાતળી એવી ચારસો ગાયો આપી. પછી તેણે કહ્યું, ''સત્યકામ ! તું આ બધી જ ગાયોને ચરાવા લઈ જા.''

સત્યકામ તો ખૂબ જ ખુશ થઈ ગયો. તેણે જતા જતા ગૌતમ મુનિને કહ્યું, ''ગુરુવર ! ચારસોમાંથી એક હજાર ગાયો થઈ ન જાય ત્યાં સુધી હું પાછો નહીં આવું. હું આ ગાયોનું સુંદર રીતે ભરણપોષણ કરીશ.''

ત્યારબાદ સત્યકામ અનેક જંગલોમાં આ ગાયોને લઈને ફરતો રહ્યો. તેની સારી સાર-સંભાળથી ગાયોની સંખ્યા વધવા લાગી. આ ગાયોના ધણમાં એક બળદ પણ હતો. તેણે એકવાર સત્યકામને કહ્યું, ''સત્યકાન ! તું નિ:સ્વાર્થ ભાવથી અમારી સેવા કરી રહ્યો છે. આથી હું તને એક બ્રહ્મરહસ્ય અંગે ઉપદેશ આપવા માંગું છું.'' સત્યકામ ધ્યાનથી તેની વાત સાંભળવા લાગ્યો. બળદે કહ્યું, ''ચાર દિશાની જેમ ચાર શક્તિ છે. જે વ્યક્તિ આ ચાર શક્તિ શીખી લે તે પરમેશ્વરને પામી શકે છે.''

આટલું કહીને બળદ ચૂપ થઈ ગયો. સત્યકામને વધુ જાણવાની તાલાવેલી લાગી. આથી તેણે બળદને વધુ જ્ઞાન આપવાનું કહ્યું. ત્યારે બળદએ કહ્યું, ''આગળનું રહસ્ય જાણવા માટે તમે અગ્નિદેવને પૂછો.'' આટલું સાંભળીને સત્યકામ ગાયોને લઈને ચાલવા લાગ્યો. સાંજ પડતા જ તેણે તાપણું કર્યું. બધી ગાયોને એકઠી કરીને તેણે અગ્નિમાં આહુતિ આપવાનું શરુ કર્યું. આથી

અગ્નિદેવ તેની સમક્ષ પ્રગટ થયા. તેણે કહ્યું, ''સત્યકામ ! પૃથ્વી, અંતરીક્ષ, સમુદ્ર અને પાતાળલોક જ પરમેશ્વરની રચના છે. તે જ પરમેશ્વરની રચના છે. આ ચાર રચના વિશે વધુ જ્ઞાન તને હંસ આપશે.'' આટલું કહીને તે અંતર્ધ્યાન થઇ ગયા.

શાસ્ત્રો મુજબ હંસને પણ જીવાત્મા માનવામાં આવે છે. આ હંસે સત્યકામને ઉપદેશ આપતા જણાવ્યું, ''સત્યકામ ! સૂર્ય, ચંદ્ર, અગ્નિ અને વીજળી - આ ચાર પરમેશ્વરની જ દેણ છે. સૂર્ય, ચંદ્ર, તારા, અગ્નિ અને વીજળીમાં જે પ્રકાશ છે તે પરમેશ્વરએ આપેલ જ પ્રકાશ છે. પરમેશ્વર થકી જ બધાનો ઉદ્ધાર થશે.'' આટલું કહીને હંસ પણ અંતર્ધ્યાન થઇ ગયા. તે માત્ર એટલો સંકેત આપીને ગયા કે આગળનું રહસ્ય જળચર નામનું પક્ષી સમજાવશે.

સત્યકામ તો જળચરની રાહ જોવા લાગ્યો. જળચરે આવીને સત્યકામને કહ્યું, ''પ્રાણ, આંખ, કાન અને મન જ પરમેશ્વરએ આપેલી ચાર શક્તિ છે. આ ચારેય ઈન્દ્રિય પરમેશ્વરએ મનુષ્યને પ્રદાન કરી છે. આથી તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.''

આમ ૧૬ કળાઓ તેમજ શક્તિઓ વિશે શીખીને સત્યકામ બ્રહ્મજ્ઞાની બની ગયો. આથી તે ખુશ થઈને ગૌતમ મુનિ પાસે ગયો. તેના પ્રસન્ન ચહેરાને જોઇને મુનિ બોલ્યા, ''વત્સ ! તારી ખુશી જોઇને લાગે છે કે તને બ્રહ્મજ્ઞાન મળી ગયું છે. આ બ્રહ્મજ્ઞાન તને કોણે આપ્યું તે મને જણાવ.''

સત્યકામ તો હંમેશા સત્ય બોલતો. આથી તેણે બધી જ વાત વિગતવાર મુનિવરને કહી. તેણે બળદ, અગ્નિ, હંસ અને જલચર પાસેથી જ્ઞાન ગ્રહણ કર્યું હતું, તે બાબત પણ મુનિવરને જણાવી. તેણે કહ્યું, ''હે મુનિવર ! મને દેવોએ તો બ્રહ્મજ્ઞાન આપ્યું પણ મારે તમારી પાસેથી બ્રહ્મજ્ઞાન મેળવવું છે. કારણ કે મેં સાંભળ્યું છે કે દેવો કરતા પણ ઋષિમુનિ પાસેથી ગ્રહણ કરેલું જ્ઞાન વધુ ફાયદાકારક છે.''

સત્યકામની વાત સાંભળીને ગૌતમ મુનિ અત્યંત પ્રસન્ન થયા. આથી તેણે સત્યકામને વિદ્યાદાન આપ્યું. સમય જતા સત્યકામ અનેક વિદ્યામાં પણ પારંગત બન્યો. નિપુણ બન્યા બાદ સત્યકામે પણ તે જ આશ્રમમાં આચાર્યની પદવી સંભાળી. તેણે પણ અનેક શિષ્યોને શિક્ષા આપીને જ્ઞાન પ્રદાન કર્યું.

---

# ખરાબ લોકો : સારા લોકો

**થો**ડા દિવસ પર હું મારા દિકરાને સિનેમામાં લઈ ગયેલો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનીઓએ કૈદ પકડેલા મિત્રરાજ્યોના ખલાસીઓની કંઈક વાત એ ફિલ્મમાં આવતી હતી. ઘેર પાછા ફરતી વખતે વાટમાં પુત્રે મને કહ્યું : '' પેલા ખલાસીઓને આવી રીતે ત્રાસ આપતા હતા તે જાપાનીઓ બહુ ખરાબ લોકો હતા - નહીં ?''

''હા,'' મેં કહ્યું, ''પણ હવે એ લોકો ખરાબ નથી, કારણ કે હવે તે એવું કરતા નથી.''

એકાદ મિનિટ તે વિશે વિચાર કરીને એ બોલ્યો, ''એવું બધું નઠારું કામ એ લોકો શીદને કરતા હતા ?''

''કદાચ તે વખતે એમને ખબર નહીં હોય કે એ નઠારું કામ કરી રહ્યા હશે.''

''તો કોઈએ એમને કીધું કેમ નહીં ?''

''આપણે કહેવાની કોશિશ તો કરી હતી,'' હું બોલ્યો, ''પણ એ સાંભળે જ નહીં.''

''....જર્મનો બહુ ખરાબ છે - નહીં ? પેલી કેદ-છાવણી વિશેની ફિલ્મ આપણે જોયેલી, તે યાદ છે ને !''

''એ લોકા ખરાબ હતા,'' મેં કહ્યું, ''પણ હવે સારા છે.''

''હવે એ જુદા જ લોકો થઈ ગયા છે ?'' એને જાણવું હતું.

''ના, છે તો એના એ જ લોકો; મોટા ભાગના લોકો તો એના એ જ છે. લડાઈ પૂરી થઈ જાયને, પછી ખરાબ લોકોએ એ કર્યું હોય તે ભૂલી જવાનું; ન ભૂલીએ તો વળી પાછી નવી લડાઈ થાય.''

શૂન્ય નજરે તે મારી સામે જોઈ રહ્યો.

''લડાઈમાં તમે કોઈ રશિયનને મારેલો ખરો ?'' એને એ જાણવાની ઈચ્છા થઈ.

''ના, કારમ કે લડાઈમાં તો તે આપણ પડખે હતા.''

''પણ જો લડાઈ વખતે તે સારા લોકા હતા, ને ખરાબ લોકોને મારી નાખતા હતા, તો હવે એ લોકો ખરાબ કેમ થઈ ગયા છે ?''

''હવે એ લોકો ખરાબ થઈ ગયા નથી. મોટા ભાગના રશિયનો તો સારા જ છે. પણ એમના નેતાઓ જે કરે છે તેની સાથે આપણે સંમત થતા નથી. અને એ લોકો આપણી સાથે સંમત થતા નથી. એટલે જ આ બધી ભાંજગડ ઊભી થઈ છે. સમજ્યો ?''

એણે કહ્યું, ''ના''

''થયું ત્યારે -'' હું બોલ્યો, ''આટલા બધા મૂરખાઈ ભરેલા સવાલ પૂછનારો છોકરો તો મેં કોઈ દી જોયો નથી !''

**આર્ટ બુકવોલ્ડ**

# તને મંગળ છે



બહારગામની વિદ્યાર્થિનીઓ અને નોકરિયાત બહેનો માટે કાંઈક ઠામ-ઠેકાણાની કેટલી જરૂર છે, તે સુમન પોતાના અનુભવથી જાણતી હતી. એટલે એનું સ્વપ્ન હતું એવી એક હોસ્ટેલ ઊભી કરવાનું. આજે તે સાકાર થયું હતું. તાળીઓના ગડગડાટ વચ્ચે એ બે ઘડી આંખ મીંચી ગઈ.... એ ઝંઝાવાત, એ અપમાન, એ રઝળપાટ......અને આજે ગળામાં પડેલો આ સન્માનનો હાર !...

'..સુમનબહેનની કર્તવ્યનિષ્ઠા, સાહસ, કાર્યક્ષમતાને કારણે આ ઉમદા કાર્ય પાર પડ્યું છે. કેટલાંક હોય છે જ પુનિત પગલાંના. જ્યાં જાય ત્યાં પ્રસન્નતા અને સદ્‌ભાગ્ય સાથે લઈ જાય. હાથ લગાડે ને સોનું થઈ જાય. સુમનબહેન પણ આવાં જ છે. એમનાં પુનિત પગલાંને લઈ ને...'

પુનિત પગલાં ? પણ સુમનના કાનમાં ભણકારા વાગતા હતા...છપ્પરપગી...છપ્પરપગી ! સન્માનનો જવાબ વાળતાં એણે આટલું જ કહ્યું : 'મેં કાંઈ નથી કર્યું. સંકટે મને શીખવ્યું. કુંતીએ ભગવાન પાસે સદાય સંકટ શું કામ માગેલું તેનું રહસ્ય જાત-અનુભવથી હું સમજી...'

ઘેર જઈએ સીધી પલંગમાં પડી. અને આખોયે ભૂતકાળ એની આંખ સામે બેઠો થઈ ગયો...

હોસ્ટેલના સંચાલકે તેની સામે એક કાગળ ધર્યો. એ નનામા પત્રમાં લખ્યું હતું... 'તમારી હોસ્ટેલમાં રહેતી સુમન ઘરમાંથી ભાગી આવી છે. તેના ધણી દિનેશ ગોખલે અને સાસુ તેની શોધમાં છે. માટે એને રાખશો નહીં. તમારા પર પોલીસ-કેસ થશે.'

'મેં તમને પહેલેથી કહેલું કે હું ઘરેથી ભાગીને નહીં, કહી-કારવીને આવી છું. મારે સ્વમાનભેર જીવવું છે. બહેનો માટેની આ હોસ્ટેલમાં મને રક્ષણ મળવું જોઈએ.'

'આવી ભાંજગડમાં અમે પડવા માગતા નથી.'

અને બેગ લઈ સુમન શહેર આખામાં ભટકતી રહી. એક બહેને તેને પેઈંગ ગેસ્ટ તરીકે રાખી. એ પોતાના દારૂડિયા પતિથી કંટાળીને આવી રીતે નિર્વાહ ચલાવતી. એટલે સુમનને હતું કે એ તો પોતાની સ્થિતિ સમજશે. પણ દિનેશ ખાઈ ખપૂચીને સુમનની પાછળ પડ્યો હતો. અહીં પણ નનમાં કાગળ. રાત મધરાતે રસ્તા પરથી સુમનના નામની બૂમ પડાવવાનીયે ગોઠવણ કરેલી. પરિણામે એ બહેન પણ સુમનને વધુ રાખવા તૈયાર ન થઈ. પતિથી ત્રાસી પોતાના પગ પર નિરામય જીવન વિતાવવા ઈચ્છતી સ્ત્રીને ટેકો કરવા કોઈ તૈયાર નહોતું.

સુમનની કૉલેજના આચાર્ય સમાજશાસ્ત્રના પ્રકાંડ પંડિત હતા. આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ નિમિત્તે શહેરમાં એમનાં મોટાં મોટાં ભાષણો થતાં. અર્ધનારીનરેશ્વર પર એક મહાનિબંધ લખી રહ્યા હતા. બીજી બાજુ દિનેશની ચઢવણીથી સુમનને એમણે કહી દીધું કે કૉલેજમાં તમને રાખી શકાશે નહીં.

એક પછી એક કેટલાય પ્રસંગો સુમનની આંખ સામેથી પસાર થઈ ગયા. પોતે એમ.એસસી. થયેલી. દિનેશ મિકેનિકલ એન્જિનિયર લગ્ન પહેલાં જ એને પહેલો ધક્કો ત્યારે લાગ્યો જ્યારે દિનેશે તેની જન્મકુંડળી માગી. 'તું વિજ્ઞાનનો વિદ્યાર્થી થઈને જન્મકુંડળી જોઈ પરણશે ?'

'નાની નાની બાબતોમાં માતા પિતાને શું દુભવવાં ?'

'તો સાંભળી લે, જન્મકુંડળી અને પૈઠણ માગનારને હું કદી નહીં પરણું. મારા યોગ્ય વિચારોનો આદર જે ઘરમાં થશે તે જ ઘર હું પસંદ કરીશ. કેવળ ગળામાં એક મંગળસૂત્ર નાખી લેવું એ જ મારા જીવનનું ધ્યેય નથી.'

માતાપિતાને અગડમ્ બગડમ્ સમજાવી દિનેશે સુમનનો હાથ પકડ્યો. પણ ઘરમાં એને કદી આવકાર ન મળ્યો. સાસુ એને છપ્પરપગી જ કહેતી. કાંઈ ને કાંઈ વાંધાવચકા કાઢ્યા કરતી : 'તારા પિયેરમાં કાંઈ રીતરિવાજ સમજે છે કે નહીં ? હોળી પર હારડાનો હારેય જમાઈ માટે ન મોકલ્યો ?'

તે દિવસે દિનેશે પણ ટાપશી પૂરી : 'સુમી, ખરે જ તમારા લોકોને અક્કલ ઓછી છે.'

સુમનની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એને સામે ગળામાં હારડો નાખી બેઠેલ એન્જિનિયર સાહેબ દેખાવા લાગ્યા. થયું, એના માથા પર એક મજાની ટોપી મૂકી દઉં !

બે-ચાર માસમાં સસરા મોટર

અકસ્માતમાં ગુજરી ગયા. સાસુ બોલવા લાગ્યાં, 'આ છપ્પરપગીને લીધે. તેથી જ હું દિનુને કહેતી હતી કે પહેલાં છોકરીની જન્મકુંડળી જો.'

પછી તો સુમનનો જન્મ-સમય લઈ દિનેશ પોતે કુંડળી તૈયાર કરાવી લાવ્યો. 'તને મંગળ છે. તું જાણતી હતી, પણ કુંડળીમાં વિશ્વાસ નથી કહી મને ફસાવ્યો.'

'જો દિનુ ! અમને કોઈ ને કુંડળી પર વિશ્વાસ નથી.'

'આ ઘર પર શાનું ગ્રહણ લાગ્યું છે તે હવે સમજાયું. હજી તો કોને ખબર શું શું થશે !'

દિનેશને મંગળની શાંતિ કરાવવી હતી. સુમન કહેતી, માણસ કોઈ અમંગળ હોતો નથી. કેટલાય દિવસ સુધી સંઘર્ષ ચાલ્યો. આખરે સુમને કહી દીધું, 'હું નોકરી કરી સ્વમાનપૂર્વક જીવીશ.'

'આ તારો ઘમંડ છે. એમ.એસસી. છોકરીઓના તો ઢગ પડ્યા છે ઢગ !'

'હું એ ઢગમાંની નથી. એ ઢગમાંથી બીજી કોઈને ઉપાડી લેજે.'

'મને બે-આબરૂ કરવો છે ? હું યે જોઉં છું, તું કેવીક નોકરી કરે છે ! થોડા દિવસમાં મારા પગ ચાટતી આવીશ.'

સુમન ભૂતકાળને ઝટકીને એકદમ પલંગમાંથી ઊભી થઈ ગઈ. રેડિયો ચાલુ કર્યો. સમાચાર આવતા હતા... 'અમેરિકાએ મંગળ પર છોડેલ માનવયુક્ત યાન. યાનમાં બેઠેલ કું. માર્ગારેટ પૃથ્વી સાથે સંપર્ક સાધી રહેલ છે. અહીંથી એમને અભિનંદન સંદેશ...'

સુમન જાતને ભૂલી ગઈ. હર્ષાવેશમાં બારી પાસે દોડી આકાશ ભણી રૂમાલ હલાવતાં બોલી : 'માર્ગારેટ, અભિનંદન ! તેં મંગળ સર કર્યો.'

***(શ્રી પ્રમીલા કુલકર્ણીની મરાઠી વાર્તાને આધારે)***

## આભાસની હૂંફ

આજના એક મશહૂર શિલ્પી જુવાનીમાં પેરિસ નગરીમાં કલાનો અભ્યાસ કરતા. એનું નામ ગુત્ઝન બોરગ્લમ. ઘણાખરા વિદ્યાર્થીઓની માફક અભ્યાસના ખર્ચને પહોંચી વળવામાં એને પણ ભારે મુસીબત પડતી. એની ચિત્રશાળામાં ઠંડી ડંખીલા સુસવાટા મારે, પણ તાપવાની સગડી માટે બળતણ ખરીદવાના પણ ગુત્ઝનને સાંસા. એટલે કલાકારે એક કીમિયો કર્યો. ખાલી સગડીની અંદર એક મીણબત્તી સળગાવીને તેણે મૂકી. પછી સગડીની બારી આડો લાલ કાગળ ચોડી દીધો. એટલે અંદરથી આવતો મીણબત્તીનો નાનો ઉજાસ રાતા કાગળ વાટે ગળાઈને તાપણાના ગુલાબી અગ્નિ જેવો આભાસ એવો તો ઊભો કરતો, કે ઝાઝી પરેશાની વગર કલાકાર પોતાની સાધના ચાલુ રાખી શકતો.


**SHREE ZALAWADI STHA. JAIN SABHA**

**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**Office Mobile No. 7208472884**

**New RATE CARD Effective from April 2021**

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**


## ‘‘ખુશ ખબર’’


## એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે.

**ફક્ત ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી**

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*

**૭૨ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય.**





તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો
અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.
<u>ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી</u>

સંપર્ક :
**ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)**
૯૮૨૧૦૨૯૦૫૩
પુત્ર – જીગર – ૯૮૨૧૦૨૯૦૮૪

Advt.

---

શ્રીજી

## જમીન–મકાન તથા ખેતીની જમીનની લે–વેચ માટે મળો.

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય,
નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
Mo. 98790 75965
**અંકિતભાઈ એ. શેઠ**
Mo. 98796 79553, 8200628452
Email : ankitsheth77@gmail.com

## અતુલભાઈ ટી. શેઠ

સૌરાષ્ટ્ર પેપર બેગ કં., રેલ્વે સ્ટેશન સામે,
જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.

---

।।શ્રી ગણેશાય નમઃ।।
શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



## શ્રી જૈન મેરેજ બ્યુરો

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર
યુવક–યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી
ઘોઘારી તથા કાઠીયાવાડી
વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો
અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

*તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ*

Advt.

# હાર્દિક અભિનંદન

## ચિ. માનવ રાકેશ શાહ

**A.I.R. 3**



C.A. અંતિમ પરિક્ષા માં સમગ્ર ભારત માં ત્રીજો ક્રમાંક લાવી ને જે સિદ્ધિ હાસિલ કરી છે તે અવર્ણનીય છે. આ સિદ્ધિ બદલ સંપુર્ણ પરિવાર ખૂબ આનંદ અને ગર્વ અનુભવે છે. તારી સખત મેહનત અને સમર્પણનું આ પરિણામ છે. તારા ઉજ્વલ ભવિષ્ય માટે બહુ બહુ શુભેછાઓ અને આશિર્વાદ.

**દાદા દાદી**
નવનીત ભાઈ - મધુકાંતા બેન
**નાના નાની**
ચીમનભાઈ - લીલાવંતી બેન
**બાપુજી ભાભુ**
મનોજભાઈ - નીતાબેન

**પિતા માતા**
રાકેશભાઈ - અવનીબેન
**ભાઈ ભાભી**
પાર્થવ - દ્રષ્ટિ
મેઘવ - નતાશા

Advt.



**Shubh bandhan**
**Global Matrimonial Assistance**



*Celebrating*
***20 Years of Matchmaking for Gujarati, Kutchi & Marwari Communities.***

Personalised Approach | Handpicked Match | Assured Meetings

Send us your Biodata on +91-9323626815 / +91-9769726815

www.shubhbandhan.com ShuBhbandhanMatrimony

Advt.



**સીનીયર સીટીઝન**

**રોજના ૮૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોચાડશું.**


**શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી. મો. ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહી)**

Advt.


## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# ભાવભીની સ્મરણાંજલિ



**નાગરદાસ દેવચંદ ટોળીયા–શાહ**
**(સ્વર્ગવાસઃ ૨૨.૦૨.૧૯૫૪)**



**નીરંજનાબેન રમેશભાઈ ટોળીયા–શાહ**
**(સ્વર્ગવાસઃ ૨૦.૦૯.૨૦૧૪)**



**ધીરજબેન નાગરદાસ ટોળીયા–શાહ**
**(સ્વર્ગવાસઃ ૦૮.૦૮.૧૯૮૬)**

---

અમારા ચિંતનમાં છે સ્મરણ તમારૂં, અમારા મૌનમાં છે મનન તમારૂં
કારણ કે તમારી ખોટ ક્યારેય પુરી શકાય એવી નથી.
આપની કંડારેલી કેડીએ ચાલવા પ્રભુ અમને શકિત આપે એવી નમ્ર પ્રાર્થના

---

**સ્વ. અનીલભાઈ નાગરદાસ ટોળીયા – સ્વ. મધુબેન અનીલભાઈ ટોળીયા**
**ચંદ્રકાંતભાઈ નાગરદાસ ટોળીયા – સ્વ. પ્રવિણાબેન ચંદ્રકાંતભાઈ ટોળીયા**
**સ્વ. જસવંતભાઈ નાગરદાસ ટોળીયા – નીલાક્ષીબેન જસવંતભાઈ ટોળીયા**
**રમેશભાઈ નાગરદાસ ટોળીયા – અનીષ – કેજલ, મેઘના – રીતેશભાઈ**
**રીઆના – આર્યન – વિવાન**
**સ્વ. નરેશભાઈ નાગરદાસ ટોળીયા – ચંદ્રીકાબેન નરેશભાઇ ટોળીયા**
**સ્વ. ધીરજબેન નાગરદાસ ટોળીયા પરિવાર**
**સ્વ. કમળાબેન તારાચંદભાઈ શાહ પરિવાર**

Advt.

# ।। પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ ।।

જન્મ તારીખ
૨૧ / ૦૫ / ૧૯૫૧



સ્વ. તારીખ
૨૫ / ૦૯ /૨૦૨૪

સ્વ. હસમુખલાલ મહાસુખલાલ ગોસાલીયા (ઉ. વ. ૭૩)
ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન - લીંબડી નિવાસી હાલ મીરારોડ

**તારીખ : ૨૫ / ૦૯ / ૨૦૨૪ દિવસ : શુક્રવાર**

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે.
હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદીમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અંતરથી પ્રાર્થના...

સમસ્ત ગોસલીયા અને તુરખીયા પરિવાર ના જય જિનેન્દ્ર

સ્વ. કમળાબેન મહાસુખલાલ ગોસલીયા (માતા-પિતા)
સ્વ. કલ્પનાબેન હસમુખલાલ ગોસાલીયા (ધર્મપત્ની)
આરતી, સ્વ. ઉન્નતી, જીજ્ઞા અને સ્વેતા (પુત્રી)
કિશન, વિરલ, વિપુલ, અને રોનક (જમાઈ)
મિહિર, આદી અને તવિશા (પૌત્ર,પૌત્રી)

(Advt.)

## પ્રથમ વાર્ષિક સ્નેહભરી શ્રધ્ધાંજલી



### સ્વ. ચંદ્રીકાબેન (તરૂબેન) ચંદ્રકાંત બોરડીયા

હાલ : થાણા (મુંબઈ)
જન્મ તારીખ : ૦૫-૧૨-૧૯૫૪
અરિહંત શરણ : ૦૭-૦૯-૨૦૨૪

ભાવભરી ભાવાંજલી, સ્નેહભરી શ્રધ્ધાંજલી, પ્રેમભરી પુષ્પાંજલી. પ્રભુ આપના દિવ્યઆત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થનાસહ આદરભરી હૃદયાંજલી. સુંદર ધર્મ પામી આપે અચાનક સેવારહિત વિદાય લીધી. દરેક સ્નેહીને આપના સ્મરણ સહ યાદગીરી સાથે આપની છબીમાં પ્રત્યક્ષ દર્શનની અનુભૂતિ થાય. આપને થયેલી વેદનામાં આપનો હસતો ચહેરો અમારા માટે પ્રેરણાદાયી બની રહેશે. આપનું ઉમદા વ્યક્તિત્વ ક્યારેય વિસરાશે નહીં. આપ પરિવારનાં સર્વે સભ્યોને એવી રીતે સ્પર્શયા કે જેનું વર્ણન અશક્ય છે. વિશ્વાસ અને ઉદાહરણ દ્વારા જીવન જીવી મોક્ષને પ્રાપ્ત થયા. પ્રેમાળ તથા આત્મવિશ્વાસથી ભરપૂર, અપરંપાર શક્તિના સ્ત્રોત્ર સહ આપનું માર્ગદર્શન અને મમતા સભર વાત્સલ્ય સદાય અમ હૃદયમાં અંકિત રહેશે. જીવન એવું જીવી ગયા કે સર્વે પરિવાર, સ્નેહી સ્વજન તથા મિત્રમંડળના હૃદયમાં વસી ગયા. સરળ, આનંદિત મળતાવડો સ્વભાવ સહુનું દિલ જીતી ગયા. આપની આત્મીયતા સર્વે સાથે યાદગીરી રૂપે રહેશે.


**પરમકૃપાળુ પરમાત્મા આપના શુધ્ધ-દિવ્ય આત્માને શાંતિ અર્પણ કરે તેવી પ્રાર્થના સહ સ્નેહાળ સ્મૃતિમાં**

**આપના સદૈવ ઋણી**

પતિ : ચંદ્રકાંત પ્રેમચંદ સુંદરજી બોરડીયા
પુત્ર-પુત્રવધુ : મેહુલ-રચના તથા રિતેશ-પૂનમ
પૌત્ર-પૌત્રી : કાવ્ય, હેલી
સ્વ. ગજરાબેન પ્રેમચંદ બોરડીયા ના પુત્રવધુ
સ્વ. વસંતબેન ધીરજલાલ શાહ ના પુત્રી (ભાવનગર)
જય જીનેન્દ્ર
થાણા - ચેમ્બૂર (મુંબઈ)

(Advt.)

## ચોવીસમી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



### સ્વ. હસમુખભાઈ શાંતિલાલ શાહ

જન્મ : તા. ૫-૨-૧૯૩૬
અરિહંતશરણ : તા. ૯-૯-૨૦૦૧

અંજલિ આપતા અશ્રુ ખૂટે છે
શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે
કુદરતના ખજાનામાં ખોટ પડે છે ત્યારે
માયાળુ માનવીના ખજાના લૂંટે છે
મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે
મૃત્યુ પામે છે માણસ, પણ સત્કર્મો જીવે છે
તમારી વિદાયને આજે ૨૪ વર્ષ વીતી ગયા છતાં
તમારી યાદ જરાય ભુલાતી નથી, ભુલાશે પણ નહી
તમારી પરોપકારી અને સેવાભાવી સ્વભાવ, તમારી વ્યાપારી અને વ્યવહારિક કુનેહ, કુટુંબ વાત્સલ્યતા, નિઃસ્વાર્થ વૃત્તિ અને વર્તાવ વિગેરેની પ્રતીતિ અમોને હર ક્ષણે થતી રહી છે અને થતી રહેશે.
**પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.**

પુત્રો : દીપક (ડીમ્પલ), કરન
પુત્રવધૂ : હેમા, સ્વાતી
પુત્રી જમાઈ : મનીષા - સંજયકુમાર કામદાર
નેહા - રોહિત કુમાર રૂપાસરી
દોહિત્ર : પરાષ, રિતિક
ભાણેજ : નિષિત - નીપા - ધ્રુવ

સરનામું : ૯૦૨, સિધ્ધિ એન્કલેવ, નંદા પાટકર રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૭.

(Advt.)


Godrej
SECURITY SOLUTIONS
NX ADVANCE 560
MATRIX
FIRE RESISTANT SAFE
CENTIGUARD 1060 KEYLOCK
NX PRO 40L
NX Pro Plus Digi+ Bio 70L
SENIOR OFFICE FURNITURE
Supreme
FURNITURE
ALKOSIGN
SENIOR AGENCY
AKSHAY SHAH: 98210 12193 / 77889 97781
Distributors for Godrej Safes, Supreme Furniture, Alkosign & Alkon.
Add: 413/C Vasant Wadi Ground Floor Near Metro Cycle Shop, Kalbadevi Road Mum-400002
Advt.

WE DELIVER WHAT WE PROMISE !
ammpalholidays@gmail.com

WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !

Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.

# DISCOVER THE WORLD, THE AMMPAL WAY!

**Embark on unforgettable journeys with AMIT SHAH! We specialize in crafting unique travel experiences, offering pure vegetarian & Jain tours to breathtaking international destinations.**

## ICELAND 10D
VERY FEW SEATS LEFT
OCT 10TH | 24TH

## JAPAN CHERRY BLOSSOM WITH ALPINE ROUTE 11D
MAR 27TH | APR 10TH | MAY 2ND | 21ST

## SOUTH KOREA CHERRY BLOSSOM 10D
MAR 21ST | APR 2ND | 30TH

## VIETNAM WITH SAPA 11D
SEP 29TH | OCT 1ST | 24TH | NOV 4TH | DEC 1ST | 19TH | JAN 3RD | 24TH | FEB 3RD | 28TH

## VIETNAM WITH SAPA AND PHU QUOC 11D
TOUR DATES
OCT 13th | NOV 22nd
DEC 12th | 24th
JAN 13th | FEB 14th

OCT 13TH | NOV 22ND | DEC 12TH | JAN 13TH | FEB 14TH

## GEORGIA 8D
SEP 16TH | OCT 21RD | NOV 3RD | 12TH | 20TH | DEC 1ST | 9TH | 17TH | 25TH

## ALMATY, KAZAKSTHAN 6D
DIWALI SPECIAL
OCT - 19TH | 21ST | 24TH

## BAKU + GABALA WITH SAPA 7D
OCT 22ND | 25TH | DEC 17TH | 24TH

## JORDAN 5D
OCT 22ND | 25TH | DEC 17TH | 24TH

Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ

Tour Inclusive of Air Fare*

Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager

Sightseeing in Super Deluxe A/c Luxury Coaches

Stay at Luxurious Hotels

**AMMPAL HOLIDAYS**
Specialist in International & Domestic Tour Packages

**For Booking & Planning Your Tours Call Us Now!**
**AMIT SHAH 9833082820 | 8291099100**

Advt.

# સ્મરણાંજલી...



: જન્મ :
તા : ૦૭-૧૧-૧૯૪૨

અરિહંતશરણ :
તા : ૦૨-૦૯-૨૦૨૨

# સ્વ. રસીલાબેન નાનુભાઈ સંઘવી

કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, દુ:ખમાં ડર્યા નહીં,
વ્યવહાર કદી ચૂક્યા નહી, ધર્મ કદી ભૂલ્યા નહીં,
સુખ:-દુ:ખમાં સદા હસતા રહ્યા, આગણે આવનારને મીઠો આવકાર દેતા રહ્યા,
લાગણીશાલ અને પરોપકારી સ્વભાવથી
સંત-સતીજીઓની વૈયાવચ્ચ તથા ગરીબોની સેવા કરતા રહ્યા,

**લિ. આપનો સદૈવ ઋણી પરિવાર**

પતિ: શ્રી નાનુભાઈ રતિલાલ સંઘવી

| | | | |
|---|---|---|---|
| પુત્ર | : કેતન નાનુભાઈ સંઘવી<br>પરેશ નાનુભાઈ સંઘવી | પુત્રવધૂ | : જાગૃતિ કેતન સંઘવી<br>સોનલ પરેશ સંઘવી |
| પુત્રી | : હેમા નાનુભાઈ દોશી | જમાઈ | : જયેશ ભૂપતરાય દોશી |
| પૌત્ર-પૌત્ર વધુ | : ધર્મિલ-મૈત્રી | પૌત્રી-જમાઈ | : અનેરી-આદિત્ય, શિવાની-હર્ષ |
| પૌત્ર | : જશ | પૌત્રી | : ઉર્મિ, કૃપાલી |

**સમસ્ત રતિલાલ તલકશી સંઘવી પરિવારના જય જિનેન્દ્ર !**
**સમસ્ત દેવશીભાઈ લક્ષ્મીચંદ સંઘવી પરિવારના જય જિનેન્દ્ર !**

# પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મતારીખ
૧૧-૦૯-૧૯૫૩

અરિહંતશરણ
૦૬-૦૯-૨૦૨૦

## સ્વ. પ્રદિપભાઈ નવીનચંદ્ર સોગઠી

કલ્પીનશકાયતેવીતમારીઅણધારીવિદાયઅમારાકાળજાકંપાવીગઇ,
દિલહજુંમાનતુંનથીકેતમેઅમારીવચ્ચેનથી.
સ્નેહનાબંધનોક્યારેયભૂલાતાનથી.પ્રેરણાનાપુષ્પોક્યારેયકરમાતાનથી.
સ્વજનનાસ્મરણોક્યારેયવિસરાતાનથી.
શ્રદ્ધાંજલિઆપતાપુષ્પોખૂટેછે.અંજલીઆપતાશબ્દોખૂટેછે.
તમારાપ્રેમાળ,લાગણીશીલસ્વભાવનીકાયમીયાદરહેશે.
આપનુંજીવનસદાયસ્મૃતિમાંરહેશે.
પ્રભુતમારાદિવ્યઆત્માનેશાંતિઅર્પેએજપ્રાર્થના.

### આપના વ્હાલા પરિવારજનો

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | નીલાબેન પ્રદિપભાઈ સોગઠી |
| પુત્ર-પુત્રવધુ | : | કૃણાલ - શીતલ |
| દીકરી-જમાઈ | : | રૂપાલી- સ્વ. જગદીશ |
| | | સોનાલી-તેજસ |
| પૌત્ર | : | પાર્શ્વ |
| દોહિત્ર-દોહિત્રી | : | પ્રથમ, સ્મીત, આર્યન, પ્રીશા |

સ્વ.નવીનચંદ્રવાડીલાલસોગઠીપરિવાર
સ્વ.ચીમનલાલવાડીલાલસોગઠીપરિવાર(જલગાંવ)
સ્વ.નવનીતલાલનરોત્તમદાસશાહપરિવાર(સસરાપક્ષ)

ફર્મ
N. P. Developers, M : 98212 19008/93222 18513

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**જન્મ**
**૨૭-૦૯-૧૯૬૪**

**દેહ પરિવર્તન**
**૦૯-૦૯-૨૦૨૪**

## સ્વ વિક્રમ ચંપકલાલ શાહ

**(મુળવતન ચોટીલા, હાલ પુના)**

સહજાનંદી શુદ્ધસ્વરૂપી; અવિનાશી એવો હું આત્મા છું;
દેહ મરે છે, હું નથી મરતો; અજર અમર એવો આત્મા છું.
અમે જાણીએ છીએ કે નિયતિના ક્રમ અનુસાર અનંતકાળથી જે જન્મે છે, તેનું મૃત્યુ અવશ્ય છે, તે સર્વ વિદિત છે.
પાંપણના પલકારે પંખીની જેમ ઉડી ગયા,
ભુલી શકાય નહીં એવી યાદના સ્મરણો હંમેશ માટે
છોડી ગયા, જીવન એવું જીવી ગયા, ન કોઈ ઈચ્છા,
ન કોઈ લાલસા, ન કોઈ પર દ્વેષ,
હસતે મુખે ત્યાગી દીધી કાયા આપની ઉદારતા,
કાર્યક્ષમતા, લાગણીશીલતા અને સતકર્મોનાં આદર્શો અમારા હૃદયમાં સતત જ્વલંત રહેશે.
દિવંગત આત્માને પ્રભુ પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે.
ૐ શાંતિ શાંતિ શાંતિ

### શોકાતુર સ્વજનો

**ધર્મ પત્ની**
શ્રીમતી નીપા વિક્રમ શાહ

**માતા-પિતા**
શ્રીમતી સુશીલાબેન ચંપકલાલ શાહ
સ્વ ચંપકલાલ દેવચંદભાઈ શાહ

**પુત્રી-પુત્ર**
ચિરંજીવી ગુંજન શાહ
ચિરંજીવી હર્ષિવ શાહ

**ભાઈ-બહેન**
સ્વ ચેતનભાઈ ચંપકલાલ શાહ
સ્વ અનિતાબેન હેમંતભાઈ શાહ

**સાસુ-સસરા**
સ્વ પુષ્પા દિનેશચંદ્ર મહેતા
સ્વ દિનેશચંદ્ર જમનાદાસ મહેતા

**સાળા-સાળોત્રિ**
શ્રીમાન ચંદ્રેશ દિનેશચંદ્ર મહેતા
શ્રીમતી કિંજલ ચંદ્રેશ મહેતા

**બનેવી** : સ્વ હેમંતભાઈ રમણીકલાલ શાહ

Advt.

To,

Registered with Press Registrar General of India under PRGI No. 6489, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# ભાવભરી શ્રધ્ધાંજલી



પૃથ્વીપર જન્મ
૦૧.૦૧.૧૯૪૯

પરલોક ગમન
૧૨.૦૮.૨૦૨૫

## સ્વ. માતુશ્રી હંસાબેન બીપીનચંદ્ર ખીમચંદ શાહ

**વઢવાણશહેર નિવાસી હાલ, કાંદીવલી (વેસ્ટ) મુંબઈ.**

જે અમારા પરિવાર માટે અમુલ્ય વારસો મુકીને અમારી વચ્ચેથી વિદાય લઈને શ્રેષ્ઠ જીવન જીવવાનુ શીખવી ગયા.પોતાની જાતને ધુપસળી જેવુ જીવન જીવીને સાર્થક કરી બતાવ્યુ કે પોતે બળીને રાખ થઈ ગયા
અને સુગંધ-સુવાસ ફેલાવીને જીવનને એક યાદગાર જીવન કેમ જીવવુ તેની પ્રેરણા આપતા ગયા,

વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી તમારી વિદાય એ અમોને અજંપો લાગે છે. આપનુ જીવન ધર્મ ભાવના, કુટુંબ ભાવના અને સમાજ ભાવના નુ ત્રિવેણી સંગમ હતુ. આ ત્રિવેણી સંગમ માથી અમે જ્ઞાનભકિત અને પ્રેરણાના જળનુ ખોબે ખોબે આચમન કરેલ છે.

આપના આર્શીવાદ અને આદર્શો અમારા જીવનની દીવાદાંડી છે. આપનો પ્રેમાળ સ્વભાવ અમારો વિસામો છે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરશાંતી આપે અને જૈનર્ધમ નુ શરણુ પ્રાપ્ત કરી ભાવાંતરે મોક્ષ ગતિ થાય એજ મંગળ પ્રાર્થના.

### શ્રધ્ધાંજલી નાં પુષ્પો

**પતિ : બીપીનભાઇ ખીમચંદ શાહ**

| | | | |
|---|---|---|---|
| પુત્રવધુ | : સોનલ હિતેન શાહ | પુત્રી જમાઇ | : પ્રીતી હિતેશકુમાર શાહ |
| પોત્રી જમાઇ | : વૃતિ મીત શાહ | દોહિત્રિ જમાઇ | : ખુશાલી અંકિત પંચમીઆ |
| પૌત્ર | : ધ્રુવીત | પૌત્ર/દોહીત્રી/દોહિત્ર | : નેથન, થીયા, પરીશી |
| | | દોહિત્રિ જમાઇ | : હની પાર્થ વારિયા |
| | | પૌત્ર | : કીવાન, ઈકાંશ |

**સ્વ. ખીમચંદ હિરાલાલ શાહ પરિવાર (વઢવાણ)**
**સ્વ. જયંતીલાલ ન્યાલચંદ શાહ પરિવાર (ધ્રાંગધ્રા)**

Advt.

Publisher: Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 47, Dr. M. B. Welkar Street, Chira bazar, Mumbai - 400 002. Printed by : Bhavin Sharad Gandhi at RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad Manmohan Gandhi